અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 07 સપ્ટેમ્બર 2026 સોમવાર
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -10

વર્ષ : 18
અંક : 68


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

નેપાળની થેરાંગ નદીમાં પૂર, બુઢીગંડકી એલર્ટ પર: ગોરખામાં 4 ઘર અને સસ્પેન્શન બ્રિજ તણાયા

4

મોંઘવારીના નાના-નાના આંકડા મહિને મધ્યમવર્ગની કમર તોડી કાઢે છે

6

એશિયા કપમાં પાકિસ્તાનને 55 રનમાં સમેટીને ભારતીય વિમેન્સનો ભવ્ય વિજય

7

FPIs એ ભારતીય બજારમાંથી ફરી પૈસા કાઢ્યા: સપ્ટેમ્બરનાં પહેલાં અઠવાડિયામાં ₹7,443 કરોડના શેર વેચ્યા

## NEWS BRIEF

### સંજય રાઉતે કહ્યું- જેલમાં ગયા પછી મને કેન્સર થયું

#### રાહુલે પોઈઝન ટેસ્ટની સલાહ આપી હતી, શિવસેના યુબીટી સાંસદે 100 દિવસ જેલમાં વિતાવ્યા હતા

શિવસેના (યુબીટી) સાંસદ સંજય રાઉતે શનિવારે દાવો કર્યો હતો કે તેમને જેલમાં હતા ત્યારે જ કેન્સરની બીમારી શરૂ થઈ હતી. રાઉત 2022માં પત્રા ચાલ પુનર્વિકાસ કેસમાં કથિત ભૂમિકાને કારણે 100થી વધુ દિવસ જેલમાં રહ્યા હતા.



તેમણે કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમને ટોક્સિસિટી ટેસ્ટ કરાવવાની સલાહ આપી હતી, જેથી જાણી શકાય કે તેમના ભોજનમાં ઝેર ભેળવવામાં આવ્યું હતું કે નહીં. રાઉતે કહ્યું કે વર્તમાન સરકાર એટલી ક્રૂર છે કે તે કંઈ પણ કરી શકે છે. જેલમાં રહેલા અન્ય રાજકીય નેતાઓની હાલત પણ ખરાબ છે.

સંજય રાઉતની 1 ઓગસ્ટ 2022ના રોજ ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેઓ મુંબઈની આર્થર રોડ જેલમાં 101 દિવસ રહ્યા હતા. 9 નવેમ્બર 2022ના રોજ PMLA કોર્ટમાંથી જામીન મળ્યા બાદ તેઓ જેલમાંથી બહાર આવ્યા હતા. સંજયની ધરપકડ ગોરેગાંવના પત્રા ચાલ પુનર્વિકાસ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં થઈ હતી. EDએ રાઉત પર કેસમાં કથિત નાણાકીય ગોટાળાઓ સાથે સંકળાયેલી ભૂમિકાનો આરોપ લગાવ્યો હતો. રાઉતે આ આરોપોને રાજકીય બદલાની કાર્યવાહી ગણાવ્યા હતા.

### મહારાષ્ટ્રમાં શિવસેના નેતાએ હોસ્પિટલ કર્મચારીને થપ્પડ મારી

#### 19 હજારના બિલ પર વિવાદ થયો હતો, ધારાસભ્યનાં દીકરા સહિત 17 સામે FIR



મહારાષ્ટ્રના પાલઘરમાં શનિવારે રાત્રે શિંદે જૂથની શિવસેનાના પદાધિકારીઓ પર રિલીફ હોસ્પિટલમાં ડોકટરો અને કર્મચારીઓ સાથે મારપીટ કરવાનો આરોપ છે. એક શિવસેના નેતાએ કર્મચારીને થપ્પડ મારી દીધી. કેટલાક લોકો ICUમાં પણ ઘૂસ્યા અને નર્સને ધમકાવી. હોસ્પિટલ કર્મચારીની ફરિયાદ મુજબ, શિવસેના જિલ્લા પ્રમુખ કુંદન સાંખે, શહેર પ્રમુખ રાહુલ ઘરાત અને અન્ય લોકો ઈમરજન્સી વોર્ડમાં પહોંચ્યા. તેમણે ડોકટરો સાથે દલીલ કરી અને કર્મચારીઓ સાથે ગાળાગાળી અને મારપીટ કરી. વચ્ચે બચાવ કરવા પહોંચેલા કર્મચારીને રાહુલ ઘરાતે થપ્પડ મારી. આ ઘટના CCTVમાં કેદ થઈ છે. આ હોબાળો દહીં હાંડી દરમિયાન ઘાયલ થયેલા ગોવિંદાની સારવારના બિલને લઈને થયો હતો. ડિસ્ચાર્જ સમયે હોસ્પિટલે 19,866નું બિલ આપ્યું હતું. તેને લઈને ગોવિંદા સાથે આવેલા લોકોની કર્મચારીઓ સાથે દલીલ થઈ હતી. પાલઘર પોલીસે BNS અને મહારાષ્ટ્ર મેડિકલ સર્વિસિસ પ્રોટેક્શન એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે. તેમાં ઓછામાં ઓછા 17 લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. કુંદન સાંખે, રાહુલ ઘરાત અને સ્થાનિક ધારાસભ્ય રાજેન્દ્ર ગાવિતના પુત્ર રોહિત ગાવિતના નામ પણ સામેલ છે. કોંગ્રેસ નેતા અતુલ લોંઢે પાટીલે ઘટનાને શરમજનક ગણાવી. તેમણે કહ્યું કે આ મહાયુતિ નેતાઓની ગુંડાગીરી છે. ડોકટરો અને હોસ્પિટલ કર્મચારીઓ પર હુમલો કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં. તેમણે કહ્યું કે ડોકટરોની સુરક્ષાનો મુદ્દો પહેલા પણ ઉઠતો રહ્યો છે. આ જ મહિને સુપ્રીમ કોર્ટે થાણેની સરકારી હોસ્પિટલમાં મહિલા ડોક્ટરને માર મારવાના આરોપી શિવસેના કાઉન્સિલરને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

## UNમાં ભારતનું કડક વલણ.......

# કાશ્મીર અને લદ્દાખ અમારા છે, નકશો બદલ્યો તો મજા નહીં આવે

■ જમ્મુ-કાશ્મીર અને લદાખ સહિતના ભારતના સાર્વભૌમ ક્ષેત્રોનું નિરૂપણ દેશના સત્તાવાર નકશા મુજબ જ થવું જોઈએ અને ભ્રામક ચિત્રણ ચલાવી લેવાશે નહીં : ભારત

**નવી દિલ્હી, તા.06**

સદીઓથી સમગ્ર વિશ્વમાં ભણાવવામાં આવતા અને ઓફિસોમાં વપરાતા પૃથ્વીના નકશામાં હવે એક મોટો અને ઐતિહાસિક બદલાવ આવવા જઈ રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)એ વિશ્વના તમામ ખંડોના સાચા અને વાસ્તવિક ક્ષેત્રફળને દર્શાવતા નવા નકશાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ભારતે આ વૈશ્વિક પહેલની તરફેણમાં મતદાન કરીને પ્રસ્તાવને ટેકો આપ્યો છે, પરંતુ સાથે જ સ્પષ્ટ શબ્દોમાં કડક ચેતવણી આપી છે કે જમ્મુ-કાશ્મીર અને લદાખ સહિતના ભારતના સાર્વભૌમ ક્ષેત્રોનું નિરૂપણ દેશના સત્તાવાર નકશા મુજબ જ થવું જોઈએ અને કોઈપણ ભ્રામક ચિત્રણ ચલાવી લેવાશે નહીં. વિશ્વભરમાં હાલ સૌથી વધુ જે નકશો ચલણમાં છે તે ૧૬મી સદીમાં બનેલા મર્કેટર પ્રોજેક્શન પર આધારિત છે. આ જૂના નકશામાં ઉત્તરીય ગોળાર્ધના પશ્ચિમી દેશો વાસ્તવિકતા કરતાં ઘણા મોટા દેખાય છે, જ્યારે આફ્રિકા અને દક્ષિણ



એશિયા જેવા વિસ્તારો નાના નજરે પડે છે. આ અસમાનતા દૂર કરવા આફ્રિકન દેશોની આગેવાની હેઠળ ચાલેલી વૈશ્વિક મુહિમ અંતર્ગત ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ UNGAમાં કરેક્ટ ધ મેપ: રીબેલેન્સિંગ ગ્લોબલ કાર્ટોગ્રાફિક રિપ્રેઝન્ટેશન એન્ડ પ્રમોટિંગ ઈક્વિટેબલ રિપ્રેઝન્ટેશન ઓફ ધ વર્લ્ડ્સ રીજન, પર્ટીક્યુલર્લી આફ્રિકા શીર્ષક હેઠળનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

આ પ્રસ્તાવ મર્કેટર પ્રોજેક્શન પર સીધો પ્રતિબંધ નથી મૂકતો કે ન તો કોઈ નકશો બળજબરીથી થોપે છે, પરંતુ તે સરકારો, શાળાઓ, વૈશ્વિક સંસ્થાઓ અને ટેક કંપનીઓને ઈક્વલ અર્થ પ્રોજેક્શન જેવા સંતુલિત નકશાઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે. ભારતે આ ઠરાવના પક્ષમાં મતદાન કર્યું હોવા છતાં, વિદેશ મંત્રાલય(MEA)ના પ્રવક્તા રણધીર જાયસ્વાલે દેશની સરહદો અંગે ભારતનું સત્તાવાર વલણ દ્રઢતાથી રજૂ કર્યું હતું, 'ભારતે પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું અને સમાન ક્ષેત્રફળ આધારિત ભૌગોલિક નિરૂપણના સિદ્ધાંત પર ભાર મૂકતા મતની વિગતવાર સમજૂતી આપી. અમે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ઠરાવ કોઈપણ ચોક્કસ નકશા, પ્રોજેક્શન કે રાષ્ટ્રીય સરહદોના ચિત્રણનું સમર્થન કરતો નથી.

જમ્મુ-કાશ્મીર અને લદાખ કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ભારતનું સાર્વભૌમ ક્ષેત્ર ભારતના સત્તાવાર નકશા અનુસાર જ દર્શાવવું અનિવાર્ય છે. કોઈપણ અચોક્કસ કે ભ્રામક ચિત્રણ અસ્વીકાર્ય છે. ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર અમારું વલણ સ્પષ્ટ, સતત એકસમાન અને કોઈ પણ સંજોગોમાં બાંધછોડ ન કરનારું છે.' – રણધીર જાયસ્વાલ (પ્રવક્તા, વિદેશ મંત્રાલય)

MEA પ્રવક્તાએ સ્પષ્ટતા કરી હતી કે, આ ઠરાવનો મુખ્ય હેતુ ખંડોના વાસ્તવિક કદનું સંતુલન જાળવવાનો છે. તે કોઈપણ ચોક્કસ નકશાને પ્રમાણિત કરતો નથી કે આંતરરાષ્ટ્રીય સરહદો, વિવાદિત વિસ્તારો કે સ્થળોના નામો જેવા રાજકીય નકશાના વિષયો સાથે તેને કોઈ સંબંધ નથી. તેથી કોઈપણ પ્લેટફોર્મ ભારતની આંતરરાષ્ટ્રીય સીમાઓ સાથે છેડછાડ કરી શકે નહીં.

આ ઠરાવ માત્ર નકશો બદલવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓમાં એ વાત શીખવવા પર પણ ભાર મૂકે છે કે ગોળાકાર પૃથ્વીને સપાટ કાગળ કે સ્ક્રીન પર દર્શાવતી વખતે કેવી ભૌગોલિક મર્યાદાઓ સર્જાય છે. ઈક્વલ અર્થ પ્રોજેક્શન હવે ભવિષ્યમાં ટેકનોલોજી અને શિક્ષણ જગતમાં માનક નકશો બનવા તરફ આગળ વધી રહ્યો છે.

## કર્મચારીઓનો સવાલ- શું ISRO રોકેટ નહીં બનાવે?

# 9 સંગઠનોએ ખાનગીકરણ પર સ્પષ્ટતા માંગી, કોંગ્રેસી બોલ્યા- સારાભાઈનો વારસો ખતમ કરવામાં આવી રહ્યો છે

**નવી દિલ્હી, તા.06**

ISROના નવ કર્મચારી સંગઠનોએ સ્પેસ એજન્સીના ચેરપર્સન વી. નારાયણનને પત્ર લખીને ખાનગીકરણ પર સ્પષ્ટતા માંગી છે. આ પત્ર 4 સપ્ટેમ્બરે લખવામાં આવ્યો હતો. આ માહિતી આજે સામે આવી છે.

કર્મચારી સંગઠનોએ જણાવ્યું કે સરકારી સંસ્થાઓમાં ખાનગી કંપનીઓની ભાગીદારી હોઈ શકે છે, પરંતુ ISRO એક મજબૂત સંગઠન બની રહેવું જોઈએ. તેને ફક્ત મર્યાદિત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) સંસ્થા સુધી સીમિત ન કરવું જોઈએ.

કોંગ્રેસ નેતા જયરામ રમેશે X પર લખ્યું કે સ્પેસ એજન્સીની અંદરથી અવાજો ઉઠવા લાગ્યા છે. જ્યારે સારાભાઈ અને ધવનના વારસાને વ્યવસ્થિત રીતે ખતમ કરવામાં આવી રહ્યો છે, ત્યારે બાકીના લોકોએ પણ ચૂપ ન રહેવું જોઈએ.

શા માટે સવાલો ઉભા થયા: 21 ઓગસ્ટના રોજ IN-SPACeના ચેરપર્સન પવન ગોયનકાએ એક કાર્યક્રમમાં કહ્યું કે આખરે ISRO કોઈ લોન્ચ વ્હીકલ બનાવશે નહીં અને ન તો કોઈ લોન્ચ વ્હીકલનું નિર્માણ કરશે. આ બધું ખાનગી ક્ષેત્ર અથવા PSU કરશે. IN-SPACe ખાનગી ક્ષેત્રની અવકાશ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા, મંજૂરી આપવા અને તેનું નિરીક્ષણ કરવાનું કામ કરે છે. ISRO કર્મચારીઓની માગ:



કર્મચારી સંગઠને કહ્યું કે ISROની ટેકનોલોજી, ટેસ્ટ ફેસિલિટી અને લોન્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જનતાના પૈસાથી તૈયાર થયા છે, તેથી તેમને ખાનગી કંપનીઓને આપવાની પ્રક્રિયા પારદર્શક અને જવાબદેહ હોવી જોઈએ.

વિપક્ષનો આરોપ: જયરામ રમેશે X પર લખ્યું કે સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન આપવાના નામે મોદી સરકાર ISROની ભૂમિકા ઓછી કરી રહી છે. તેમણે કહ્યું કે ISRO દ્વારા બનાવેલી ટેકનોલોજી અને ક્ષમતા ખાનગી કંપનીઓને આપવામાં આવી રહી છે. જેનું ભવિષ્ય શું હશે, કોઈને ખબર નથી.

ની સ્થાપના 15 ઓગસ્ટ 1969 ના રોજ થઈ હતી. તેનું પૂરું નામ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન છે. ISRO નું મુખ્યાલય બેંગલુરુમાં છે.

ISRO ની સ્થાપનામાં ડો. વિક્રમ સારાભાઈની સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા હતી. તેમને ભારતીય અવકાશ કાર્યક્રમના જનક કહેવામાં આવે છે. આ પહેલાં 1962 માં INCOSPAR બનાવવામાં આવ્યું હતું જેનું નેતૃત્વ પણ વિક્રમ સારાભાઈએ કર્યું હતું.

## ચૂંટણી પ્રચાર માટે પક્ષો ઈન્ફ્લુએન્સર્સનું નેટવર્ક બનાવી રહ્યા છે

# રીલ્સ દ્વારા પ્રચાર કરશે, ₹30 લાખ આપવા તૈયાર, યુપી, ઉત્તરાખંડ, પંજાબમાં આવતા વર્ષે ચૂંટણી

**નવી દિલ્હી, તા.06**

રાજકીય પક્ષોની તાકાતનો જૂનો આધાર સંગઠન અને કાર્યકર્તાઓ રહ્યા છે. હવે તેમની સમાંતરે કન્ટેન્ટ ક્રિએટર્સ અને માઈક્રો ઈન્ફ્લુએન્સર્સની 'ડિજિટલ ફોજ' ઊભી થઈ રહી છે. તેમની પાસે ન તો પાર્ટીનું પદ છે, ન તો ઝંડો. પરંતુ, હજારો-લાખો સ્ક્રીન સુધી પહોંચ છે.

યુવા આંદોલનોએ તેની તાકાત બતાવી દીધી છે. આંદોલનની માહિતી, નેરેટિવ અને સરકારને સવાલો હવે માત્ર સભા, પોસ્ટર કે પ્રેસ કોન્ફરન્સના ભરોસે નથી. એક રીલ, મીમ કે શોર્ટ વીડિયો થોડા કલાકોમાં લાખો યુવાનો સુધી પહોંચી શકે છે. યુપી, પંજાબ અને ઉત્તરાખંડની વિધાનસભા ચૂંટણી પહેલાં પક્ષો 10 થી 50 હજાર ફોલોઅર્સ ધરાવતા સ્થાનિક ઈન્ફ્લુએન્સર્સનું નેટવર્ક બનાવવામાં વ્યસ્ત છે. ડિજિટલ કેમ્પેન સાથે સંકળાયેલા લોકો અનુસાર, નાના અને મધ્યમ ઈન્ફ્લુએન્સર્સ કોઈ પક્ષ સાથે કાયમી ધોરણે જોડાતા નથી. તેઓ અલગ-અલગ સમયે ભાજપ, કોંગ્રેસ, આપ કે અન્ય પક્ષો માટે કામ



કરી શકે છે. રાજકીય રીલ માટે 15 થી 50 હજાર રૂ. અને પોસ્ટ માટે 15 થી 20 હજાર રૂ. સુધી ચૂકવવામાં આવતા હોવાના દાવા છે. સોશિયલ મીડિયા કંપની ચલાવતા શ્યામ તિવારીના મતે, 5 લાખ સુધીના સબ્સ્ક્રાઈબર્સ ધરાવતા ક્રિએટર્સ 50 હજારથી એક લાખ રૂપિયા સુધી લે છે. 50 લાખથી વધુ સબ્સ્ક્રાઈબર્સ ધરાવતા મોટા ક્રિએટરની એક કન્ટેન્ટ 30 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. પક્ષો સર્જકની સામાજિક પહોંચ, વિચારધારા અને બોડી લેંગ્વેજ સુધીનું પરીક્ષણ કરે છે. 15 હજાર ફોલોઅર્સ ધરાવતો શિક્ષક, ખેડૂત, કોમેડિયન ક્યાંક રાષ્ટ્રીય સેલિબ્રિટી કરતાં વધુ પ્રભાવી હોઈ શકે છે.

## CJP કાર્યકર્તાએ ઘર પર પથ્થરમારો કરવાનો આરોપ લગાવ્યો:

# જંતર-મંતર વિરોધ પ્રદર્શનમાં પિતા સાથે મારપીટનો દાવો કર્યો હતો

**નવી દિલ્હી, તા.06**

કોકરોચ જનતા પાર્ટીના કાર્યકર નિશુ આઝાદે આરોપ લગાવ્યો કે કેટલાક લોકો તેમના ઘરને ઘેરી રહ્યા છે અને ઘર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. નિશુએ આ અંગે શનિવારે રાત્રે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કર્યો હતો. તેમણે દિલ્હી અને ગાઝિયાબાદ પોલીસ પાસે પોતાના માતા-પિતા અને પરિવારની સુરક્ષાની માંગ કરી હતી. એક વીડિયોમાં તેમણે કહ્યું, "જો મારા માતા-પિતાને કંઈ થશે તો તેની જવાબદારી કોની હશે?"

ખરેખરમાં, જંતર-મંતર પ્રદર્શન દરમિયાન તેમના પિતા સંજય આઝાદ સાથે મારપીટના કેસમાં કન્ટેન્ટ ક્રિએટર સ્વતંત્ર ભારદ્વાજની ધરપકડ શનિવારે થઈ ચૂકી છે. વીડિયો સામે આવ્યા બાદ NSUIના રાષ્ટ્રીય અધ્યક્ષ વિનોદ જાખડ શનિવારે સંજય આઝાદના ઘરે પહોંચ્યા અને તેમના પરિવાર સાથે મુલાકાત કરી. તેમણે પોલીસની કાર્યવાહી પર સવાલ



ઉઠાવતા કહ્યું કે સ્વાતંત્ર્ય ભારદ્વાજે પોતે સંજય આઝાદ પર હુમલો કરવાની વાત કહી હતી, તેમ છતાં પહેલા કાર્યવાહી થઈ ન હતી. જાખડે દાવો કર્યો કે રાહુલ ગાંધીએ મામલો ઉઠાવ્યા બાદ પોલીસ એક્ટિવ થઈ. નીશુ અને તેના પિતા વિરુદ્ધ બે વકીલોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આરોપ છે કે બંનેએ સોશિયલ મીડિયા પર હિન્દુ દેવી-દેવતાઓ વિશે વાંધાજનક વાતો કરી હતી. વકીલ અમિતા સચદેવાએ જણાવ્યું કે એક્ટિવિસ્ટની જૂની X પોસ્ટમાં દેવી દુર્ગા માટે વાંધાજનક શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને દેવી સરસ્વતીની મજાક ઉડાવવામાં આવી હતી. એક્ટિવિસ્ટે આ આરોપોને નકારી કાઢતા કહ્યું કે "મારા પિતાને જેલમાં મોકલવાની ગેરકાયદેસર માંગ કરવામાં આવી રહી છે." જ્યારે, વકીલ પ્રતીક ઝાએ જંતર-મંતર પર પોલીસ કાર્યવાહીમાં ભેદભાવનો આરોપ લગાવતા અલગ ફરિયાદ નોંધાવી છે. સ્વતંત્ર ભારદ્વાજ-નીશુ આઝાદ કેસ- છેલ્લા 2 દિવસનો ઘટનાક્રમ સ્વતંત્ર ભારદ્વાજનો એક પોડકાસ્ટ વીડિયો વાયરલ થયો. તેમાં તેણે કથિત રીતે કહ્યું કે તેણે નિશુના પિતાનું "માથું ફોડી નાખ્યું" અને દાવો કર્યો કે તેમ છતાં તેને જેલ થઈ નથી. તેણે રાજકીય સંપર્કોનો પણ ઉલ્લેખ કર્યો. આ જ વીડિયો પછી જૂનો મામલો ફરીથી રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યો.

4 સપ્ટેમ્બર: નીશુ આઝાદ અને તેના પિતાના સમર્થનમાં CJP નેતાઓ અને સમર્થકોએ પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનની બહાર પ્રદર્શન કર્યું. નીશુ વતી વકીલ ઋષભ રંજને પોલીસ પાસે હત્યાનો પ્રયાસ, ગુનાહિત ધમકી અને SC/ST એક્ટની સંબંધિત કલમો ઉમેરવાની માંગ કરી. પોલીસે આ કલમો ઉમેરી. સ્વતંત્રને કસ્ટડીમાં લેવામાં આવ્યો.

5 સપ્ટેમ્બર: સ્વતંત્ર ભારદ્વાજના સમર્થનમાં દિલ્હીમાં હિન્દુ સંગઠને પ્રદર્શન કર્યું. આ પ્રદર્શન દક્ષ ચૌધરીએ બોલાવ્યું હતું. દક્ષ હાઈ પ્રોફાઈલ લોકો સાથે મારપીટ કરવા અને થપ્પડ મારવા માટે જાણીતો છે. તેણે કનૈયા કુમારને પણ થપ્પડ મારી હતી.

23 જૂને જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન નીશુના પિતા સંજય પર હુમલો થયો હતો. ત્યારબાદ CJP ફાઉન્ડર અભિજીત દીપકે તેમને મંચ પર બોલાવીને વાત કરી હતી.

CJP કાર્યકર્તા નીશુ આઝાદના પિતા સંજય કુમાર 23 જૂને જંતર-મંતર પર CJP પ્રદર્શન દરમિયાન ઘાયલ થયા હતા. સંજયની ફરિયાદ પર પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયો હતો. નીશુનો આરોપ છે કે મારા પિતાનું માથું ફોડવામાં આવ્યું હતું અને દોઢ મહિના પછી પણ પોલીસે પૂરતી કાર્યવાહી કરી નથી.



# મેટ્રોથી ઉતરીને ઘર સુધી કેમ પહોંચશો?: પાલિકા તૈયાર કરી રહી છે લાસ્ટ માઈલ કનેક્ટિવિટી પ્લાન

**સુરત, તા.06**

સુરતમાં નિર્માણાધીન અંદાજે 12,000 કરોડના મહત્ત્વાકાંક્ષી મેટ્રો રેલ પ્રોજેક્ટ શરૂ થયા બાદ મુસાફરોને અંતિમ ગંતવ્ય સુધી પહોંચાડવા સુરત મનપાએ 'લાસ્ટ માઈલ કનેક્ટિવિટી' માટે એક વ્યાપક માસ્ટર પ્લાન તૈયાર કરવાની કવાયત્ શરૂ કરી છે. દેશના અન્ય શહેરોમાં મેટ્રો શરૂ થયા પછી યોગ્ય ફીડર ટ્રાન્સપોર્ટ ન હોવાના કારણે અપેક્ષિત મુસાફરો મળ્યા નહોતા, પરંતુ સુરતમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે પાલિકાએ અગાઉથી જ પગલાં લીધાં છે. આ પ્લાન અંતર્ગત મુસાફર સ્ટેશનથી ઉતર્યા પછી તેના ઘર કે ઓફિસ સુધી સરળતાથી પહોંચી શકે તે માટે મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ સુવિધા, ચોક્કસ રિક્ષા ભાડાં અને ડેડિકેટેડ સ્ટોપનું નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે.



પાલિકાએ પ્રથમ તબક્કામાં ડ્રીમ સિટીથી અલ્થાણ રૂટ પર આવેલા 7 મુખ્ય મેટ્રો સ્ટેશનોનો ગ્રાઉન્ડ લેવલ પર વિગતવાર સર્વે હાથ ધર્યો છે. સુરત મેટ્રો કુલ બે કોરિડોર પર 38 સ્ટેશનો વચ્ચે દોડવાની છે, જ્યાં પ્રતિદિન લાખો મુસાફરોની અવરજવર નોંધાશે. સર્વેક્ષણ દરમિયાન દરેક સ્ટેશન પર મુસાફરોનો દૈનિક ફ્લો કેટલો રહેશે, તેઓ કયા વાહનથી સ્ટેશને પહોંચશે અને ત્યાંથી આગળની યાત્રા માટે તેમને કયા માધ્યમની જરૂર પડશે તેની વિગતો એકત્ર કરાઈ રહી છે. આ પ્રાથમિક ડેટાના આધારે જ દરેક સ્ટેશનની જરૂરિયાત મુજબ અલગ માળખાગત સુવિધા ઊભી કરાશે. અભ્યાસમાં સામે આવ્યું છે કે મેટ્રો સુધી માત્ર સિટી બસ કે બીઆરટીએસથી મુસાફરો પહોંચી શકશે નહીં, તેથી ઓટો-રિક્ષા અને અન્ય ખાનગી વાહનોનું અસરકારક સંકલન અનિવાર્ય બનશે. આ માટે ટ્રાફિક પોલીસ અને સ્થાનિક રિક્ષા યુનિયનો સાથે સંકલન સાધીને દરેક સ્ટેશન માટે સ્પેસિફિક ટ્રાન્સપોર્ટ પ્લાન અમલી બનાવાશે. સ્ટેશન પરિસરની બહાર ડેડિકેટેડ પિક-અપ અને ડ્રોપ-ઓફ ઝોન, પેડેસ્ટ્રિયન વૉક-વે (પગપાળા માર્ગ) તેમજ વ્યવસ્થિત પાર્કિંગ સ્પેસ તૈયાર કરવામાં આવશે, જેથી ગીચ વિસ્તારોમાં પીક અવર્સ દરમિયાન ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય. સામાન્ય રીતે રેલવે સ્ટેશન કે બસ સ્ટેન્ડ બહાર રિક્ષાચાલકો દ્વારા મુસાફરો પાસેથી મનફાવે તેવું અતિશય ભાડું વસૂલવાની ફરિયાદો ઉઠતી હોય છે. આ સમસ્યા રોકવા માટે પાલિકા તંત્ર રિક્ષા યુનિયનો અને ટ્રાન્સપોર્ટ સંચાલકો સાથે બેઠક યોજીને સ્ટેશનથી નજીકના રહેણાંક વિસ્તારો સુધીના ફિક્સ રૂટવાર ભાડાં નક્કી કરશે. આ ઉપરાંત, સ્ટેશનોની આસપાસ અનધિકૃત વાહન પાર્કિંગ રોકવા ચોક્કસ સ્થળો નિર્ધારિત કરવામાં આવશે, જેનાથી મુસાફરો કોઈપણ અડચણ વગર વાજબી દરે સલામત મુસાફરી કરી શકશે. મલ્ટી-મોડલ ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (MMITS) અંતર્ગત દરેક સ્ટેશનની 500 મીટર ત્રિજ્યામાં હાલ ઉપલબ્ધ બસ સ્ટોપ અને નવી જરૂરિયાતોનો અભ્યાસ પૂર્ણ કરાયો છે. સંભાવિત પેસેન્જર લોડને આધારે સ્ટેશનોને ત્રણ વર્ગમાં વહેંચવામાં આવ્યા છે: પ્રથમ કેટેગરીમાં સૌથી વધુ અવરજવર ધરાવતા મુખ્ય જંકશન સ્ટેશનો, બીજી કેટેગરીમાં મધ્યમ ટ્રાફિક ધરાવતા સ્ટેશનો અને ત્રીજી કેટેગરીમાં મુસાફરો પોતાના વાહનો મૂકી શકે તે માટે 'પાર્ક એન્ડ રાઈડ' સુવિધા ધરાવતા સ્ટેશનો સામેલ છે. આ વિભાજનથી દરેક સ્ટેશન પર વ્યવસ્થિત ટ્રાફિક સંચાલન શક્ય બનશે. પાલિકાએ પ્રથમ તબક્કામાં ડ્રીમ સિટીથી અલ્થાણ રૂટ પર આવેલા 7 મુખ્ય મેટ્રો સ્ટેશનોનો ગ્રાઉન્ડ લેવલ પર વિગતવાર સર્વે હાથ ધર્યો છે. સુરત મેટ્રો કુલ બે કોરિડોર પર 38 સ્ટેશનો વચ્ચે દોડવાની છે, જ્યાં પ્રતિદિન લાખો મુસાફરોની અવરજવર નોંધાશે. સર્વેક્ષણ દરમિયાન દરેક સ્ટેશન પર મુસાફરોનો દૈનિક ફ્લો કેટલો રહેશે, તેઓ કયા વાહનથી સ્ટેશને પહોંચશે અને ત્યાંથી આગળની યાત્રા માટે તેમને કયા માધ્યમની જરૂર પડશે તેની વિગતો એકત્ર કરાઈ રહી છે. આ પ્રાથમિક ડેટાના આધારે જ દરેક સ્ટેશનની જરૂરિયાત મુજબ અલગ માળખાગત સુવિધા ઊભી કરાશે. અભ્યાસમાં સામે આવ્યું છે કે મેટ્રો સુધી માત્ર સિટી બસ કે બીઆરટીએસથી મુસાફરો પહોંચી શકશે નહીં, તેથી ઓટો-રિક્ષા અને અન્ય ખાનગી વાહનોનું અસરકારક સંકલન અનિવાર્ય બનશે. આ માટે ટ્રાફિક પોલીસ અને સ્થાનિક રિક્ષા યુનિયનો સાથે સંકલન સાધીને દરેક સ્ટેશન માટે સ્પેસિફિક ટ્રાન્સપોર્ટ પ્લાન અમલી બનાવાશે.

## બાવળા હાઈવે પર ઝાડીઓમાંથી નવજાત બાળકી મળી, 108ની ટીમે સમયસર સારવાર આપી આપ્યું નવજીવન

**અમદાવાદ, તા.06**

અમદાવાદના બાવળા હાઈવે પરથી એક કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. હાઈવે નજીક આવેલી બાવળની ઝાડીઓમાંથી એક ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. સ્થાનિક લોકોની સતર્કતા અને 108 એમ્બ્યુલન્સની કામગીરીને કારણે માસૂમ બાળકીને નવજીવન મળ્યું છે.

મળતી માહિતી અનુસાર, હાઈવે નજીક બાવળની ઝાડીઓમાંથી બાળકીના રોવાનો અવાજ આવતાં સ્થાનિક લોકોનું ધ્યાન ગયું હતું. લોકોએ તુરંત જ ચાંગોદર 108 એમ્બ્યુલન્સને ઘટનાની જાણ કરી હતી. કૉલ મળતાં જ 108ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને બાળકીને સ્થળ પર જ જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડી હતી અને ત્યારબાદ વધુ સંભાળ તેમજ સારવાર અર્થે બાવળા હોસ્પિટલ ખાતે ખસેડી હતી. હાલ બાળકીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

કોઈ નિર્દયી માતા-પિતાએ પોતાનું પાપ છુપાવવા કે સામાજિક ડરે ફૂલ જેવી માસૂમ બાળકીને ઝાડીઓમાં તરછોડી દીધી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સ્થાનિક પોલીસે માસૂમ બાળકીને ત્યજી દેનાર અજ્ઞાત માતા-પિતા વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હાઈવે નજીક આવેલી બાવળની ઝાડીઓમાંથી એક ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. સ્થાનિક લોકોની સતર્કતા અને 108 એમ્બ્યુલન્સની કામગીરીને કારણે માસૂમ બાળકીને નવજીવન મળ્યું છે.



મળતી માહિતી અનુસાર, હાઈવે નજીક બાવળની ઝાડીઓમાંથી બાળકીના રોવાનો અવાજ આવતાં સ્થાનિક લોકોનું ધ્યાન ગયું હતું. લોકોએ તુરંત જ ચાંગોદર 108 એમ્બ્યુલન્સને ઘટનાની જાણ કરી હતી. કૉલ મળતાં જ 108ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને બાળકીને સ્થળ પર જ જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડી હતી અને ત્યારબાદ વધુ સંભાળ તેમજ સારવાર અર્થે બાવળા હોસ્પિટલ ખાતે ખસેડી હતી. હાલ બાળકીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

કોઈ નિર્દયી માતા-પિતાએ પોતાનું પાપ છુપાવવા કે સામાજિક ડરે ફૂલ જેવી માસૂમ બાળકીને ઝાડીઓમાં તરછોડી દીધી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સ્થાનિક પોલીસે માસૂમ બાળકીને ત્યજી દેનાર અજ્ઞાત માતા-પિતા વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## અમદાવાદમાં 'સબ સલામત' ના દાવા પોકળ, મારામારીના રોજના 108 કેસ, દરરોજ 29 જગ્યાએ ચોરી

**અમદાવાદ, તા.06**

અમદાવાદ શહેરની સુરક્ષા અને 'સબ સલામત'ના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પોલીસ ઈમરજન્સી સેવા 112 ના ડેટા મુજબ, શહેરમાં દરરોજ સરેરાશ 108 જેટલા મારામારી અને ઝઘડાના કેસો નોંધાય છે. ઓગસ્ટ 2025 થી જુલાઈ 2026 સુધીના સમયગાળાના આંકડા દર્શાવે છે કે શહેરમાં હિંસા અને ગુનાખોરીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આ ડેટા મુજબ દર 4.8 મિનિટે એક હિંસક ઝઘડો થાય છે, એટલે કે દર કલાકે સરેરાશ 12 થી 13 હિંસાને લગતા કોલ આવે છે.



ઈમરજન્સી સેવા પર આવેલા કોલ્સની વિગતવાર માહિતી મુજબ, જાહેરમાં ઝઘડાના 36,238 કોલ, મારામારીના 36,161 કોલ, અને દારૂ પીને ધમાલ મચાવવાના 17,050 કોલ નોંધાયા છે. આ ઉપરાંત ધ્વનિ પ્રદૂષણના 15,528, મહિલા અને બાળકો સાથે મારામારીના 10,632 તેમજ ચોરીની ઘટનાઓના 9,567 કોલ સામે આવ્યા છે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે શહેરમાં રોજ સરેરાશ 29 જેટલી ચોરીની ઘટનાઓ બને છે.

ગુજરાતમાં કાગળ પર કડક દારૂબંધી હોવા છતાં, ડેટા દર્શાવે છે કે દરરોજ સરેરાશ 51 કોલ દારૂ પીને ધમાલ કરવાના અને 19 કોલ દારૂબંધીના ભંગના મળે છે. બુટલેગરો અને નશાની હાલતમાં ધમાલ મચાવતા તત્વોને કારણે સામાન્ય જનતાનું જીવન અસુરક્ષિત બન્યું છે. પોલીસ કાર્યવાહી માત્ર ઉપરછલ્લી સાબિત થઈ રહી છે અને નશામાં ધૂત લોકો જાહેરમાં કાયદો હાથમાં લઈ રહ્યા છે, જે શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. ઓગસ્ટ 2025 થી જુલાઈ 2026 સુધીના સમયગાળાના આંકડા દર્શાવે છે કે શહેરમાં હિંસા અને ગુનાખોરીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આ ડેટા મુજબ દર 4.8 મિનિટે એક હિંસક ઝઘડો થાય છે, એટલે કે દર કલાકે સરેરાશ 12 થી 13 હિંસાને લગતા કોલ આવે છે.

ઈમરજન્સી સેવા પર આવેલા કોલ્સની વિગતવાર માહિતી મુજબ, જાહેરમાં ઝઘડાના 36,238 કોલ, મારામારીના 36,161 કોલ, અને દારૂ પીને ધમાલ મચાવવાના 17,050 કોલ નોંધાયા છે. આ ઉપરાંત ધ્વનિ પ્રદૂષણના 15,528, મહિલા અને બાળકો સાથે મારામારીના 10,632 તેમજ ચોરીની ઘટનાઓના 9,567 કોલ સામે આવ્યા છે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે શહેરમાં રોજ સરેરાશ 29 જેટલી ચોરીની ઘટનાઓ બને છે. ગુજરાતમાં કાગળ પર કડક દારૂબંધી હોવા છતાં, ડેટા દર્શાવે છે કે દરરોજ સરેરાશ 51 કોલ દારૂ પીને ધમાલ કરવાના અને 19 કોલ દારૂબંધીના ભંગના મળે છે. બુટલેગરો અને નશાની હાલતમાં ધમાલ મચાવતા તત્વોને કારણે સામાન્ય જનતાનું જીવન અસુરક્ષિત બન્યું છે.

## મામા-ફોઈના બાળકોએ પ્રેમલગ્ન કરતા યુવકના પિતાનું અપહરણ: સાળા પર બનેવીના પરિવારનો હુમલો.....

**સુરત, તા.06**

સુરતના કાપોદ્રામાં કુટુંબમાં જ થયેલા પ્રેમલગ્નની અદાવતમાં બનેવીએ સાળા પર જીવલેણ હુમલો કરી અપહરણ કરવાની ઘટના સામે આવી છે. ભોગ બનનાર જયંતિભાઈ ભાદરકાનો દીકરો તેમના જ બનેવી ભરતભાઈ મકવાણાની દીકરીને ભગાડીને લગ્ન કરવા લઈ ગયો હતો. એક જ પરિવારમાં થયેલા આ લગ્ન મંજૂર ન હોવાથી યુવક-યુવતી હાજર ન થતાં ક્રોધે ભરાયેલા પિતા પોતાની દીકરી પરત મેળવવા અને દબાણ લાવવા જયંતિભાઈનું અપહરણ કરી માર મારવાનું ગુનાહિત કાવતરું રચ્યું હતું.



ફરિયાદી રમેશભાઈ લાલજીભાઈ ભાદરકાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, રાત્રિના 10 વાગ્યાની આસપાસ અમદાવાદથી ગ્રે કલરની ઈકો કાર (GJ-27-DM-2862) લઈને આરોપીઓ સુરતના કાપોદ્રા સીમાડા નાકા પાસે આવેલી શક્તિવિજય સોસાયટીના નાકે પહોંચ્યા હતા. ત્યાં ઊભેલા ફરિયાદીના કુટુંબી ભાઈ જયંતિભાઈ પર અમરશીભાઈ મકવાણા, જયેશ, ભરત, રતનબેન, કચન તેમજ તેમના જમાઈ અને ઈકો ચાલકે એકસંપ થઈ હુમલો કર્યો હતો. ટોળાએ જયંતિભાઈને બેફામ માર મારી જાનથી મારી નાખવાના ઈરાદે બળજબરીપૂર્વક કારમાં બેસાડી દીધા હતા.

ઘટનાની ગંભીરતાને પારખીને કાપોદ્રા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે તાત્કાલિક અલગ-અલગ ટુકડીઓ બનાવી તપાસ હાથ ધરી હતી. આરોપીઓ અને ભોગ બનનાર નજીકના સંબંધીઓ હોવાથી પોલીસે ટેકનિકલ કોન્ટેક્ટ્સ અને બાતમીદારોનું નેટવર્ક સક્રિય કર્યું હતું. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપીઓ જયંતિભાઈને લઈને અમદાવાદ તરફ ભાગી રહ્યા છે. જેથી કાપોદ્રા પોલીસે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર સુરતથી નેશનલ હાઈવે પર 40 કિલોમીટર સુધી આ ઈકો કારનો ફિલ્મી ઢબે પીછો શરૂ કર્યો હતો.

અપહૃત વ્યક્તિ સાથે કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલાં જ કાપોદ્રા પોલીસે કોસંબાથી 10 કિલોમીટર દૂર સુરત ગ્રામ્ય હદમાં ધમરોડ ગામ પાસે આવેલી 'હોટલ શિવશક્તિ'ના પાર્કિંગમાં ઈકો કારને ઘેરી લીધી હતી. પોલીસે સમયસૂચકતા વાપરીને ભોગ બનનાર જયંતિભાઈને હેમખેમ મુક્ત કરાવ્યા હતા અને ઘટનાસ્થળેથી મહિલાઓ સહિત તમામ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. ઝડપી કાર્યવાહીના કારણે આરોપીઓ પોતાનો ગુનાહિત ઈરાદો પાર પાડે તે પહેલાં જ પોલીસના સકંજામાં આવી ગયા હતા. કાપોદ્રા પોલીસે ગુનામાં ઉપયોગમાં લેવાયેલી ઈકો કાર તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 2,40,000 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર મામલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને આગળની કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફરિયાદી રમેશભાઈ લાલજીભાઈ ભાદરકાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, રાત્રિના 10 વાગ્યાની આસપાસ અમદાવાદથી ગ્રે કલરની ઈકો કાર (GJ-27-DM-2862) લઈને આરોપીઓ સુરતના કાપોદ્રા સીમાડા નાકા પાસે આવેલી શક્તિવિજય સોસાયટીના નાકે પહોંચ્યા હતા. ત્યાં ઊભેલા ફરિયાદીના કુટુંબી ભાઈ જયંતિભાઈ પર અમરશીભાઈ મકવાણા, જયેશ, ભરત, રતનબેન, કચન તેમજ તેમના જમાઈ અને ઈકો ચાલકે એકસંપ થઈ હુમલો કર્યો હતો. ટોળાએ જયંતિભાઈને બેફામ માર મારી જાનથી મારી નાખવાના ઈરાદે બળજબરીપૂર્વક કારમાં બેસાડી દીધા હતા. ઘટનાની ગંભીરતાને પારખીને કાપોદ્રા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે તાત્કાલિક અલગ-અલગ ટુકડીઓ બનાવી તપાસ હાથ ધરી હતી.


## Apk ફાઈલ ડાઉનલોડ ના કરશો, અમદાવાદના વૃદ્ધનું ફોન હેક કરી જીવનભરની બચત લૂંટી લેવાઈ!

**અમદાવાદ, તા.06**

અમદાવાદમાં સાયબર છેતરપિંડીનો વધુ એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં ટ્રાફિક ઈ-ચલણ ભરવાના બહાને એક 61 વર્ષીય વૃદ્ધના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી સાયબર ઠગોએ તેમના બેંક ખાતામાંથી કુલ રૂપિયા 5,67,700 ઉપાડી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. ઠગોએ વૃદ્ધના મોબાઈલ પર બાકી ટ્રાફિક ચલણ ભરવા માટેનો મેસેજ મોકલ્યો હતો અને તેમાં આપવામાં આવેલી લિંક પર ક્લિક કરતાની સાથે જ તેમના મોબાઈલમાં એક શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી. ત્યારબાદ થોડા દિવસોમાં જ સાયબર ઠગોએ ફોનનો એક્સેસ મેળવી વૃદ્ધના બેંક ખાતામાંથી લાખો રૂપિયા અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા.

આ છેતરપિંડીનો ભોગ બનનાર હરીશ ઠાકુરદાસ રોહરા 61 વર્ષના છે અને અમદાવાદના મકરબા વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ નરોડા ફ્રૂટ માર્કેટમાં ફ્રૂટનો વેપાર કરીને જીવનનિર્વાહ કરે છે. સામાન્ય દિવસોની જેમ તેઓ પોતાના વ્યવસાય અને અન્ય કામકાજમાં વ્યસ્ત હતા, ત્યારે તેમના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર પરથી ટ્રાફિક ચલણને લગતો મેસેજ આવ્યો હતો. મેસેજમાં જણાવવામાં આવ્યું હતું કે તેમની ગાડીનું ટ્રાફિક ચલણ બાકી છે અને તેને તાત્કાલિક ભરવા માટે આપવામાં આવેલી લિંક પર ક્લિક કરવું જરૂરી છે.

સાયબર ઠગોએ મેસેજને એવી રીતે તૈયાર કર્યો હતો કે પ્રથમ નજરે તે સત્તાવાર ટ્રાફિક વિભાગ અથવા સરકારી મેસેજ હોવાનું લાગી શકે. હરીશભાઈએ મેસેજમાં આપવામાં આવેલી લિંક પર ક્લિક કરતા જ તેમના મોબાઈલ ફોનમાં mparivahan. apk નામની એક ફાઈલ અથવા એપ્લિકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી. જોકે, એપ્લિકેશન ડાઉનલોડ થયા બાદ તેમને કંઈક શંકાસ્પદ લાગતાં તેમણે તેને તરત જ બંધ કરી દીધી હતી. પરંતુ ફોનમાં એપ્લિકેશન ડાઉનલોડ થવી એ જ સાયબર ઠગો માટે તેમના



મોબાઈલ સુધી પહોંચવાનો રસ્તો બની ગયો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ગત 22 ઓગસ્ટના રોજ હરીશભાઈના મોબાઈલ પર આ શંકાસ્પદ ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. લિંક પર ક્લિક કર્યા બાદ એપ્લિકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી, પરંતુ તે સમયે તેમને પોતાના બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી રહ્યા હોવાની કોઈ જાણ થઈ નહોતી. થોડા દિવસો બાદ ગત 2 સપ્ટેમ્બરની સવારે તેમણે પોતાના મોબાઈલમાં બેંક ટ્રાન્ઝેક્શન અને રૂપિયા કપાયા હોવાના મેસેજ જોયા હતા. એક પછી એક મેસેજ જોવા મળતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા.

હરીશભાઈએ તરત જ આ અંગે પોતાના પરિવારજનોને જાણ કરી હતી અને દુકાને પહોંચીને પોતાના ભાઈ વિશાલ સાથે સમગ્ર ઘટનાની ચર્ચા કરી હતી. બંને ભાઈઓએ મામલો ગંભીર હોવાનું સમજતાં નરોડા વિસ્તારમાં આવેલી ઈન્ડસઈન્ડ બેંકની શાખામાં જઈ પોતાના ખાતાની તપાસ કરાવી હતી. બેંકમાં તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે સાયબર ઠગોએ તેમના મોબાઈલનો ગેરકાયદેસર રીતે એક્સેસ મેળવી લીધો હતો અને તેમની જાણ બહાર તેમના સેવિંગ્સ ખાતામાંથી મોટી રકમ ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

તપાસમાં જાણવા મળ્યું હતું કે હરીશભાઈના ઈન્ડસઈન્ડ બેંકના સેવિંગ્સ ખાતામાંથી IMPS મારફતે કુલ રૂપિયા 5,67,700 અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ રકમ NSDL પેમેન્ટ્સ બેંકના વિવિધ ખાતાઓમાં મોકલવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે. ખાતાધારકને કોઈ જાણ ન થાય તે રીતે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને ઠગોએ લાખો રૂપિયાની રકમ ઉપાડી લીધી હતી.

બેંકમાં છેતરપિંડીની જાણ થતાં જ હરીશભાઈએ તાત્કાલિક સાયબર ફ્રોડની ફરિયાદ માટેની 1930 હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. ત્યારબાદ સમગ્ર મામલે કાયદેસરની ફરિયાદ નોંધાવી પોલીસે તપાસ શરૂ કરી છે. સાયબર ઠગોએ કયા નંબર પરથી મેસેજ મોકલ્યો હતો, mParivahanના નામનો ઉપયોગ કરીને નકલી એપ્લિકેશન કેવી રીતે મોકલવામાં આવી હતી અને રૂપિયા કયા ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે સહિતની વિગતોના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

આ ઘટનાએ ફરી એકવાર મોબાઈલ પર આવતા નકલી ટ્રાફિક ચલણના મેસેજ અને શંકાસ્પદ લિંકથી સાવચેત રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સાયબર ઠગો હાલમાં સરકારી વિભાગો, બેંકો, ટ્રાફિક પોલીસ અને અન્ય વિશ્વસનીય સંસ્થાઓના નામે નકલી મેસેજ મોકલી લોકોને ફસાવવાનો પ્રયાસ કરતા હોય છે. ખાસ કરીને અજાણ્યા નંબર પરથી આવેલી લિંક પર ક્લિક કરવું અથવા APK ફાઈલ ડાઉનલોડ કરવી જોખમી સાબિત થઈ શકે છે.

## બીજા માળે ટેરેસ પર સોલાર સાફ કરતા ડૉક્ટર પટકાયા: અલથાણના બંધ પ્લોટના જાડી-ઝાંખરામાં ફસાયા, ગેટનો લોક તોડીને સ્નેહલ મહાલાનું રેસ્ક્યૂ

**સુરત, તા.06**

સુરતના અલથાણ ગાર્ડન પાછળ આવેલી પુરુષોત્તમ નગર સોસાયટીમાં એક ચિંતાજનક દુર્ઘટના સામે આવી છે. પુરુષોત્તમ નગર ગેટ નંબર 2 ખાતે આવેલા મકાન નંબર 1/26માં રહેતા ડૉ. સ્નેહલ મહાલા પોતાના ઘરની ટેરેસ પર લગાવેલી સોલાર પેનલની સફાઈ કરી રહ્યા હતા. સફાઈ કરતી વખતે અચાનક સંતુલન ગુમાવી બેસતાં તેઓ બીજા માળેથી સીધા બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટમાં નીચે પટકાયા જ્યાં જાડી-ઝાંખરા હતા. આ ગંભીર અકસ્માતમાં તબીબને શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી.

ડૉ. સ્નેહલ મહાલા જે પ્લોટમાં પટકાયા હતા તે ખુલ્લા પ્લોટની ફરતે પતરાં લગાવેલાં હતાં. કોઈ અજાણી વ્યક્તિ અંદર પ્રવેશી ન શકે તે હેતુથી પતરાંના પ્રવેશદ્વાર પર મજબૂત લોક મારેલું હતું. અકસ્માત બાદ અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા, પરંતુ પ્લોટ બંધ હોવાથી તાત્કાલિક અંદર પહોંચવું મુશ્કેલ બન્યું હતું. ઘટનાની ગંભીરતાને



ધ્યાને રાખી પરિવારે તેમજ સ્થાનિકોએ તાત્કાલિક ફાયર વિભાગ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

કોલ મળતાં જ ફાયર વિભાગના જવાનો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્લોટમાં પ્રવેશવા માટે જવાનોએ સમય ગુમાવ્યા વિના પતરાંના ગેટનું લોક તોડી નાખ્યું હતું. અંદર પહોંચીને ફાયર ટીમે અત્યંત સાવચેતીપૂર્વક ઈજાગ્રસ્ત તબીબને સ્ટ્રેચર પર લીધા હતા અને બહાર ઊભેલી 108 એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યા હતા. ફાયર વિભાગની ત્વરિત કામગીરીને કારણે સમયસર રેસ્ક્યૂ શક્ય બન્યું હતું. રેસ્ક્યૂ બાદ 108 ઈમરજન્સી ટીમે પ્રાથમિક સારવાર આપી ડૉ. સ્નેહલ મહાલાને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. હોસ્પિટલ પહોંચતા જ તબીબોની ટીમે તેમની સારવાર શરૂ કરી દીધી હતી. પરિવારજનોના જણાવ્યા અનુસાર, બીજા માળેથી પટકાયા હોવા છતાં સમયસર સારવાર મળી રહેતાં હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે, જેનાથી પરિવારે રાહતનો શ્વાસ લીધો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકી મંત્રીએ કેનેડાને 'ભસતો નાનો કૂતરો' ગણાવ્યું: કહ્યું- પીએમ કાર્નીએ બેસ્ટ ટ્રેડ ડીલ ઠુકરાવી

**વોશિંગ્ટન, તા.06**

અમેરિકી નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે કેનેડાની સરખામણી નાના કૂતરા સાથે કરી. અમેરિકા સાથે કેનેડાની ટ્રેડ ડીલ ન થવા પર તેમણે કેનેડાની સરખામણી મોટા કૂતરાને પરેશાન કરનાર ભસતા નાના કૂતરા સાથે કરી. તેમણે કેનેડિયન વડાપ્રધાન માર્ક કાર્ની પર શ્રેષ્ઠ વેપાર કરારને ઠુકરાવવાનો આરોપ પણ લગાવ્યો. વાસ્તવમાં, અમેરિકા અને કેનેડા વચ્ચે 19-21 ઓગસ્ટમાં થયેલી ત્રણ દિવસની વેપાર વાટાઘાટો પછી ડીલ થઈ શકી ન હતી. પીએમ માર્ક કાર્નીનું કહેવું હતું કે અમેરિકાએ છેલ્લી ઘડીએ ડીલની શરતો બદલી દીધી હતી. જ્યારે અમેરિકાએ કહ્યું કે તેમણે સારી ઓફર આપી હતી. અમેરિકી નાણા મંત્રી બેન્સેટે એમ પણ કહ્યું કે કેનેડા સાથેના વ્યાપાર યુદ્ધની અમેરિકાની કિંમતો પર બહુ ઓછી અસર થશે. અમેરિકી નાણા મંત્રી બેસેન્ટનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે છેલ્લા કેટલાક સમયથી તેમનું અને કેનેડિયન વડાપ્રધાન માર્ક કાર્નીનું એકબીજા પર નિવેદનો આપવાનો સિલસિલો ચાલુ છે. આ પહેલા પણ બેસેન્ટે કાર્ની પર આરોપ લગાવ્યો હતો કે તેઓ કેનેડાની અર્થવ્યવસ્થા માટે શું સારું છે, તેના બદલે પોતાની રાજકીય છબીની વધુ ચિંતા કરે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બંને દેશો વચ્ચે વ્યાપાર કરાર ન થયા પછી 22 ઓગસ્ટથી કેનેડાના 20 અબજ ડોલર (લગભગ 1.9 લાખ કરોડ રૂપિયા) ના સામાન પર 50% ટેરિફ લાગુ કરી દીધો હતો. આ ટેરિફ કેનેડા દ્વારા અમેરિકા મોકલવામાં આવતા કુલ સામાનના લગભગ 5% છે. પીએમ કાર્નીએ આ ટેરિફને કેનેડા પર હુમલો ગણાવ્યો. તેમણે અમેરિકા સાથે વધતા વેપાર વિવાદ અંગે કહ્યું, "અમે યુદ્ધમાં છીએ, કારણ કે અમારા પર હુમલો થયો છે." અમેરિકાનું કહેવું છે કે કેનેડાની કેટલીક વેપાર નીતિઓ અમેરિકન કંપનીઓ માટે નુકસાનકારક છે. બંને દેશો વચ્ચે ઘણા મુદ્દાઓ પર લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. આમાં ઓટોમોબાઈલ, ડેરી ઉત્પાદનો, દારૂ અને લાકડાનો વેપાર મુખ્ય છે. અમેરિકાએ પહેલા 20 ઓગસ્ટથી



નવા ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. જોકે, ડેડલાઇન પહેલા જ બંને દેશોએ વાતચીત શરૂ કરવાનો નિર્ણય કર્યો. આ પછી ટ્રમ્પે ટેરિફ લાગુ કરવાની સમયમર્યાદા 3 દિવસ વધારી દીધી, જેથી સમજૂતીનો પ્રયાસ કરી શકાય. અમેરિકી અધિકારીઓ અનુસાર, ઘણા મુદ્દાઓ પર સહમતિ બની ગઈ હતી, પરંતુ કેટલાક મહત્વના મામલાઓમાં બંને દેશો એકબીજાની શરતો પર સહમત થઈ શક્યા નહીં. અમેરિકા લાંબા સમયથી ફરિયાદ કરતું રહ્યું છે કે કેનેડાની વેપાર નીતિ અમેરિકન કાર કંપનીઓને કેનેડાના બજારમાં સમાન તક આપતી નથી. અમેરિકા ઈચ્છે છે કે તેની કારો અને અન્ય સામાન માટે કેનેડાનું બજાર વધુ ખુલ્લું થાય. કેનેડાએ બદલામાં અમેરિકા પાસેથી સ્ટીલ, એલ્યુમિનિયમ, કારો અને લાકડા પર લગાવવામાં આવેલી ટેરિફમાં રાહત માંગી હતી. પરંતુ અમેરિકા આ ટેરિફ હટાવવા તૈયાર થયું નહીં. તેના ડેરી બજારને વિદેશી કંપનીઓ અને સસ્તા ડેરી ઉત્પાદનોથી બચાવવા માટે લાંબા સમયથી ઘણા નિયમો લાગુ કરતું રહ્યું છે. અમેરિકા ઈચ્છે છે કે તેના દૂધ, પનીર અને અન્ય ડેરી ઉત્પાદનોને કેનેડાના બજારમાં વધુ સરળતાથી વેચવાની તક મળે.

પરંતુ કેનેડા તેના ડેરી સેક્ટરને લઈને વધુ છૂટછાટ આપવા તૈયાર ન થયું. આ મુદ્દે પણ બંને દેશો વચ્ચે મતભેદ રહ્યા. કેનેડાના કેટલાક ભાગોમાં અમેરિકી દારૂના વેચાણ પર પણ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. અમેરિકા તેને પોતાના સામાન સાથે ભેદભાવ તરીકે જુએ છે. અમેરિકા ઈચ્છે છે કે તેના દારૂને કેનેડાના બજારમાં વધુ સરળતાથી વેચવાની મંજૂરી મળે. આ ઉપરાંત, બંને દેશો વચ્ચે કેનેડાના સોફ્ટવુડ લમ્બર એટલે કે લાકડાને લઈને પણ લાંબા સમયથી વિવાદ છે. અમેરિકા કેનેડાથી આવતા લાકડા પર અનેક પ્રકારના વ્યાપારી પ્રતિબંધો અને શુલ્ક લગાવતું રહ્યું છે. ટ્રમ્પ ઘણી વાર કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય બનાવવાની વાત કહી ચૂક્યા છે. ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકા વેપારના મામલે કેનેડાને અબજો ડોલરનો ફાયદો પહોંચાડે છે. જો કેનેડા અમેરિકાનો ભાગ બની જાય છે, તો આ વ્યાપારી અસમાનતા અને ટેરિફ સાથે જોડાયેલા વિવાદો આપમેળે સમાપ્ત થઈ જશે. ટ્રમ્પે ઘણી વાર કેનેડાના તત્કાલીન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને વ્યંગાત્મક લહેજામાં 'ગવર્નર' કહીને સંબોધિત કર્યા હતા. કેનેડિયન નેતાઓ અને જનતાએ આને પોતાની સાર્વભૌમત્વનું અપમાન માન્યું. અમેરિકા અને કેનેડા વચ્ચે વધતી સરહદી સુરક્ષા ચિંતાઓ પણ મોટા વિવાદનું કારણ બની છે. ટ્રમ્પ પ્રશાસનનો આરોપ રહ્યો છે કે કેનેડાની ઉત્તરી સરહદથી ગેરકાયદેસર પ્રવાસીઓની ઘૂસણખોરી અને ખતરનાક નશીલી દવાઓ (ખાસ કરીને ફેન્ટાનીલ)ની તસ્કરી અમેરિકામાં વધી રહી છે. અમેરિકાએ કેનેડા પાસેથી પોતાની સરહદો પર કડક દેખરેખ અને કડક ઈમિગ્રેશન નીતિઓ લાગુ કરવાની માંગ કરી છે.

# દીકરીની ઈચ્છા પૂરી કરવા શેખે ખર્ચી નાખ્યા અધધ...રૂપિયા: અબુ ધાબીમાં 1 કિલોના દુર્લભ સફેદ બાજ માટે બોલાઈ ₹4 કરોડની બોલી

**અબુ ધાબી, તા.06**

અબુ ધાબીમાં યોજાયેલી 'ADIHEX 2026' હરાજીમાં 'Qarmousha Pure Ultra White' નામનું દુર્લભ સફેદ બાજ 15 લાખ UAE દિરહામ (લગભગ 4 કરોડ)માં વેચાઈને આ વર્ષનું સૌથી મોંઘું બાજ બન્યું છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચા મુજબ, એક પિતાએ પોતાની દીકરીની ઈચ્છા પૂરી કરવા માટે માત્ર મિનિટોમાં આ કરોડો રૂપિયાનો સોદો કરી લીધો હતો. દીકરીની એક ઈચ્છા માટે આટલી મોટી રકમ ખર્ચાતા આ ઘટના હાલ ભારે કૌતુક સર્જી રહી છે. આ ઈવેન્ટના વીડિયોઝ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ પણ થઈ રહ્યા છે.

રિપોર્ટ્સ અનુસાર, આ સમગ્ર કિસ્સો ત્યારે શરૂ થયો જ્યારે દીકરીને હરાજીમાં મૂકાયેલો સફેદ બાજ ખૂબ જ ગમી ગયો. દીકરીની આ ઈચ્છા વિશે ખબર પડતાં જ પિતાએ તેને કોઈપણ ભોગે ખરીદવાનો નિર્ણય કરી લીધો. સામાન્ય રીતે લોકો બાળકોની પસંદગી માટે પોતાની ક્ષમતા મુજબ ખર્ચ કરતા હોય છે, પરંતુ અહીં ખર્ચાયેલી રકમ સાંભળીને દરેક આશ્ચર્યચકિત થઈ ગયા છે.



આ સફેદ બાજ માટે આશરે 3.85 કરોડથી 4 કરોડ (15 લાખ UAE દિરહામ)ની બોલી લગાવવામાં આવી હતી અને આ આખો સોદો માત્ર કેટલીક જ મિનિટોમાં પૂર્ણ થઈ ગયો હતો.

હરાજીમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર બનેલા આ બાજનું નામ 'Qarmousha Pure Ultra White' રાખવામાં આવ્યું છે. બરફ જેવી એકદમ સફેદ પાંખો અને અત્યંત આકર્ષક શારીરિક બનાવટ તેને અન્ય પક્ષીઓથી અલગ પાડે છે. રિપોર્ટ્સ મુજબ, આ બાજનું વજન લગભગ 1,000 ગ્રામ (1 કિલો) છે, જ્યારે તેની લંબાઈ અને પહોળાઈ બંને 16.5 ઈંચ છે. આ દુર્લભ બાજને અમેરિકાના પ્રખ્યાત 'Mark Moglich Falcon Farm' સાથે જોડવામાં આવ્યું છે. ખાસ નસલ અને દુર્લભ રંગને કારણે જ આ બાજની કિંમત સામાન્ય પક્ષીઓ કરતાં કરોડો ગણી વધુ છે.

આ ઐતિહાસિક હરાજી 30 ઓગસ્ટ 2026ના રોજ યોજાયેલા ADIHEX 2026ના પાંચમા ફાલ્કન ઓક્શનમાં થઈ હતી. 15 લાખ UAE દિરહામ (લગભગ 4.08 લાખ યુએસ ડોલર)માં વેચાયેલું બાજ આ વર્ષની હરાજીનું સૌથી મોંઘું બાજ બન્યું છે.

UAEની સાંસ્કૃતિક વિરાસતમાં બાજ પાળવા અને તેમના દ્વારા શિકાર કરવાની પરંપરા સદીઓ જૂની અને અત્યંત મહત્વપૂર્ણ છે. આ જ કારણે ADIHEX પ્રદર્શનમાં વિશ્વભરના બ્રીડર્સ અને ખરીદદારો ભાગ લે છે. આ વર્ષે પ્રદર્શનમાં દેશ-વિદેશના 55 જેટલા પ્રખ્યાત ફાલ્કન બ્રીડિંગ ફાર્મ્સે ભાગ લીધો હતો, જે ગત વર્ષ કરતાં 20 ટકા વધુ છે. આ આયોજનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠ નસલના બાજો અને તેમની બ્લડલાઈનને એક મંચ પર લાવીને ફાલ્કન બ્રીડિંગને પ્રોત્સાહન આપવાનો છે.

# ઈન્ડોનેશિયામાં ધગધગતા લાવા સાથે ફાટ્યો ભયાનક જ્વાળામુખી

**જકાર્તા, તા.06**

ઈન્ડોનેશિયાના માઉન્ટ અનાક ક્રાકાટોઆમાં રવિવારે જોરદાર વિસ્ફોટ થયો. જ્વાળામુખીમાંથી નીકળેલી રાખ લગભગ 50 હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી ગઈ.

એરપોર્ટ ઓપરેટરના જણાવ્યા અનુસાર, વિસ્ફોટના કારણે 301 ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ. જેમાં 58 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પણ સામેલ છે. હાલમાં જાન-માલના નુકસાનની કોઈ જાણકારી સામે આવી નથી.

જ્વાળામુખીની રાખ હવા સાથે ઉડીને એરપોર્ટ સુધી પહોંચી ગઈ હતી. આ પછી, મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એરપોર્ટ પર ફ્લાઈટ્સ રોકવી પડી. સિંગાપોર એરલાઇન્સે રવિવારની જકાર્તા આવતી-જતી તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી. એરએશિયાએ પણ ઘણી ફ્લાઈટ્સ રદ કરી અથવા રી-શેડ્યૂલ કરી.

ગરુડ ઈન્ડોનેશિયાએ મુસાફરોને એરપોર્ટ આવતા પહેલાં તેમની ફ્લાઈટની સ્થિતિ અને સત્તાવાર ડિજિટલ ચેનલ તપાસવા જણાવ્યું.

જ્વાળામુખીની રાખ આસપાસના વિસ્તારોમાં પણ ફેલાઈ ગઈ છે. ઈન્ડોનેશિયાની આપત્તિ વ્યવસ્થાપન એજન્સી BNPB એ લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે. લોકોને માસ્ક અને ચશ્મા પહેરવાની સલાહ આપવામાં આવી છે.

અનાક ક્રાકાટોઆમાં શુક્રવારે મોડી રાતથી સતત વિસ્ફોટ થઈ રહ્યા છે. તે 2 જુલાઈથી એલર્ટ લેવલ-3 પર છે. ઈન્ડોનેશિયામાં આ બીજું સૌથી ઊંચું એલર્ટ સ્તર છે. આ ઉપરાંત માઉન્ટ સેમેરુ, માઉન્ટ મેરાપી, લેવોટોબી લાકી-લાકી અને સિનાબુંગ પણ એલર્ટ



લેવલ-3 પર છે.

રવિવારે માઉન્ટ સેમેરુમાં પણ વિસ્ફોટ થયો. તેનાથી જ્વાળામુખીની ટોચ પરથી લગભગ 1 કિલોમીટર ઉપર સુધી રાખ પહોંચી. જ્વાળામુખી મોનિટરિંગ એજન્સી PVMBG એ લોકોને તેના ક્રેટરથી ઓછામાં ઓછા 5 કિલોમીટર દૂર રહેવાની સલાહ આપી છે. એજન્સીએ ગરમ રાખ અને લાવાના પ્રવાહ અંગે પણ ચેતવણી આપી છે.

અધિકારીઓના મતે, અનાક ક્રાકાટોઆના વિસ્ફોટથી હાલ સુનામીનો ખતરો નથી. આ જ્વાળામુખી તે જગ્યાની નજીક બન્યો છે, જ્યાં ક્યારેક ક્રાકાટોઆ નામનો જ્વાળામુખી હતો. 1883માં ક્રાકાટોઆમાં થયેલા ભયાનક વિસ્ફોટ બાદ સુનામી આવી હતી. તેમાં 36 હજારથી વધુ લોકોના મોત થયા હતા.

2018માં અનાક ક્રાકાટોઆના વિસ્ફોટથી પણ સુનામી આવી હતી. જેમાં જાવા અને સુમાત્રા ટાપુઓ પર 400થી વધુ લોકોના મોત થયા હતા.


ઈન્ડોનેશિયામાં 120 થી 130 સક્રિય જ્વાળામુખી છે. તેમાંથી લગભગ 69 જ્વાળામુખી એવા છે જેમની 24 કલાક દેખરેખ રાખવામાં આવે છે. ઈન્ડોનેશિયામાં આટલા જ્વાળામુખી હોવાનું મુખ્ય કારણ એ છે કે આ વિસ્તાર રિંગ ઓફ ફાયરમાં આવે છે, જ્યાં પૃથ્વીની પ્લેટોની હલચલ વધુ હોય છે.

જ્વાળામુખી એ પૃથ્વીની સપાટી પર હાજર કુદરતી તિરાડો છે. આના દ્વારા મેગ્મા, લાવા, રાખ વગેરે જેવા પીગળેલા પદાર્થો વિસ્ફોટ સાથે પૃથ્વીના આંતરિક ભાગમાંથી બહાર આવે છે. પૃથ્વી પર હાજર 7 ટેક્ટોનિક પ્લેટ્સ અને 28 સબ-ટેક્ટોનિક પ્લેટ્સની અથડામણને કારણે જ્વાળામુખીની રચના થાય છે.

# દુનિયાના નવા નકશા પર ભારતનો વિરોધ: કહ્યું- જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને ભ્રામક રીતે દર્શાવવું મંજૂર નથી, અમારી સીમાઓ અટલ, તેમાં કોઈ સમાધાન નહીં

**નવી દિલ્હી, તા.06**

ભારતે દુનિયાના નવા નકશાને લઈને વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ સહિત ભારતનો સંપૂર્ણ વિસ્તાર ભારતના સત્તાવાર નકશા મુજબ જ દેખાવો જોઈએ. ભારતના વિસ્તારને ખોટી કે ભ્રામક રીતે દર્શાવવું અમને મંજૂર નથી. ભારતની સરહદો અટલ છે, તેનાથી કોઈ સમાધાન થઈ શકે નહીં. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતે સંયુક્ત રાષ્ટ્ર (UN) ના તે પ્રસ્તાવની તરફેણમાં મત આપ્યો હતો, જેમાં દુનિયાના નકશા પર દેશો અને મહાદ્વીપોનો આકાર તેમના વાસ્તવિક ક્ષેત્રફળની નજીક દર્શાવવાની વાત કહેવામાં આવી હતી. જોકે, ભારતે સ્પષ્ટ કર્યું કે તેનો અર્થ કોઈ એક ખાસ નકશાને મંજૂરી આપવાનો નથી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ શુક્રવારે દુનિયાના નકશાને નવી રીતે દર્શાવવાનો પ્રસ્તાવ પસાર કર્યો. આ બદલાવથી કોઈ દેશ કે મહાદ્વીપનું વાસ્તવિક ક્ષેત્રફળ બદલાશે નહીં. ફક્ત નકશા પર તેમનો આકાર પહેલા કરતા થોડો નાનો કે મોટો દેખાશે. હાલમાં દુનિયામાં મર્કેટર મેપનો ઘણો ઉપયોગ થાય છે. તેમાં નકશા પર ધ્રુવોની નજીકના વિસ્તારો તેમના વાસ્તવિક કદ કરતાં મોટા દેખાય છે. નવી પદ્ધતિને ઈક્વલ એરિયા પ્રોજેક્શન કહેવામાં આવ્યું છે. તેમાં આફ્રિકા પહેલાં કરતાં મોટો, જ્યારે યુરોપ અને ઉત્તર અમેરિકા નાના દેખાશે. એશિયાના કેટલાક ભાગો પણ પહેલાંની સરખામણીમાં નાના દેખાઈ શકે છે. ભારતને UNની આ નવી નકશા પદ્ધતિથી વાંધો નથી. ભારતે સમાન ક્ષેત્રફળ દર્શાવતા




નકશાના પ્રસ્તાવના પક્ષમાં મત આપ્યો છે. તેનો વાંધો નકશામાં ભારતના ક્ષેત્રને ખોટી રીતે દર્શાવવાની સંભાવનાને લઈને છે.

વિદેશ મંત્રાલયે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ પ્રસ્તાવ કોઈ ચોક્કસ નકશા, નકશો બનાવવાની રીત અથવા દેશોની સીમાઓને મંજૂરી આપતો નથી. તેથી ભારતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતા કહ્યું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ સહિત ભારતનો સંપૂર્ણ સાર્વભૌમ પ્રદેશ ભારતના સત્તાવાર નકશા મુજબ જ દર્શાવવો જોઈએ. ભારતના પ્રદેશનું કોઈપણ ખોટું કે ભ્રામક ચિત્રણ સ્વીકારવામાં આવશે નહીં.

ભારતની વાસ્તવિક જમીન, આંતરરાષ્ટ્રીય સીમાઓ કે ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર થશે નહીં. આ ફેરફાર દેશોની સીમાઓ બદલવાનો નથી, પરંતુ નકશા પર પૃથ્વીને દર્શાવવાની રીત બદલવાનો છે. ભારતનો નકશો દેખાવમાં પણ થોડો અલગ દેખાઈ શકે છે, પરંતુ ભારતના કિસ્સામાં ફેરફાર બહુ મોટો નહીં હોય. નવો નકશો ક્ષેત્રફળને સાચા પ્રમાણમાં દર્શાવે છે. જૂના નકશામાં વિષુવવૃત્તની આસપાસના વિસ્તારો તેમના કદ કરતાં નાના અને ધ્રુવોની નજીકના વિસ્તારો મોટા દેખાય છે. ભારત વિષુવવૃત્તથી બહુ દૂર નથી, તેથી જૂના નકશામાં પણ તેનો આકાર અમુક અંશે નાનો દેખાય છે. અન્ય દેશોની સરખામણીમાં કદ: ભારત થોડું મોટું દેખાઈ શકે છે, ખાસ કરીને જ્યારે તેની સરખામણી યુરોપ, રશિયા, કેનેડા જેવા વધુ ઉત્તરીય દેશો સાથે કરવામાં આવે.

આફ્રિકા પર અસર: સૌથી વધુ જોવા મળશે, કારણ કે તેનો વાસ્તવિક આકાર જૂના મર્કેટર નકશાની સરખામણીમાં ખૂબ મોટો દેખાશે. દુનિયામાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા નકશાઓમાંનો એક મર્કેટર નકશો છે. તેને યુરોપિયન મેપ મેકર જેરાર્ડસ મર્કેટર દ્વારા 1569માં બનાવવામાં આવ્યો હતો. તેનો હેતુ સમુદ્રમાં જહાજોના રસ્તા અને દિશાને સમજવાનું સરળ બનાવવાનો હતો. પરંતુ આખી ગોળ પૃથ્વીને સપાટ નકશા પર દર્શાવવાને કારણે તેમાં દેશો અને ખંડોનો આકાર વાસ્તવિકતાથી અલગ દેખાવા લાગે છે. જેમ જેમ કોઈ વિસ્તાર ભૂમધ્ય રેખાથી દૂર જાય છે, તે નકશા પર જરૂરિયાત કરતાં વધુ મોટો દેખાવા લાગે છે. આ જ કારણ છે કે ઉત્તરી અને દક્ષિણી ભાગોના ઘણા વિસ્તારો વાસ્તવિકતાથી ઘણા મોટા દેખાય છે. ગ્રીનલેન્ડ તેનું સૌથી જાણીતું ઉદાહરણ છે. મર્કેટર નકશામાં ગ્રીનલેન્ડ દક્ષિણ અમેરિકાના લગભગ બરાબર દેખાય છે. પરંતુ વાસ્તવમાં બંનેના કદમાં ઘણો મોટો તફાવત છે. ગ્રીનલેન્ડનું ક્ષેત્રફળ લગભગ 22 લાખ ચોરસ કિલોમીટર છે. તે લગભગ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો જેટલું છે. જ્યારે આફ્રિકાનું ક્ષેત્રફળ લગભગ 3 કરોડ ચોરસ કિલોમીટર છે. એટલે કે આફ્રિકા ગ્રીનલેન્ડ કરતાં લગભગ 14 ગણું મોટું છે. તેમ છતાં, મર્કેટર નકશાને જોઈને બંનેનું કદ લગભગ એકસરખું લાગી શકે છે. આ જ તફાવત છે, જેને હવે ઓછો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આફ્રિકન દેશોનું કહેવું છે કે વાત માત્ર નકશા પર કોઈ દેશ કે ખંડના નાના-મોટા દેખાવાની નથી. દુનિયાનો નકશો એ પણ નક્કી કરે છે કે આપણે અલગ-અલગ ભાગોને કઈ દ્રષ્ટિથી જોઈએ છીએ. UN સમક્ષ રજૂ કરાયેલા પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું હતું કે મર્કેટર નકશામાં આફ્રિકાનું વાસ્તવિક કદ ઘણું નાનું દેખાય છે. લાંબા સમય સુધી આવા ચિત્રને જોવાથી લોકોના મનમાં આફ્રિકાના કદ અને વૈશ્વિક મહત્વ વિશે ખોટી ધારણા બની શકે છે.

પ્રસ્તાવમાં લેટિન અમેરિકા અને દક્ષિણ એશિયાનો પણ ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે નકશામાં આ પ્રદેશોનું નાનું દેખાવું તેમની વિકાસ જરૂરિયાતો, માળખાકીય સુવિધાઓ અને આર્થિક ક્ષમતાને પણ ઓછી આંકવાની ધારણા બનાવી શકે છે.

આફ્રિકી દેશ ટોગોના વિદેશ મંત્રી રોબર્ટ ડુસેએ કહ્યું કે નકશા માત્ર ભૂગોળ સમજવાનું સાધન નથી, પરંતુ તે શિક્ષણ અને લોકોની વિચારસરણીને પણ પ્રભાવિત કરે છે. આ પ્રસ્તાવ ટોગો દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને તેને આફ્રિકી સંઘનું સમર્થન મળ્યું હતું.

UNમાં મતદાન પહેલાં ફ્રાન્સે પણ આ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. ફ્રાન્સના વિદેશ મંત્રી જ્યાઁ-નોએલ બારોએ કહ્યું કે તેમનો દેશ મર્કેટર મેપને બદલે એવા નકશાઓનો ઉપયોગ કરશે, જેમાં દેશોનું વાસ્તવિક ક્ષેત્રફળ વધુ સચોટ રીતે દેખાય.

ફ્રાન્સ હવે એકર્ટ IV પ્રોજેક્શનનો ઉપયોગ કરશે. એકર્ટ IV નકશો 1906માં જર્મન કાર્ટોગ્રાફર મેક્સ એકર્ટ-ગ્રાઈફેનડોર્ફ દ્વારા બનાવવામાં આવ્યો હતો. તેમણે વિશ્વના નકશાની છ અલગ-અલગ ડિઝાઈન તૈયાર કરી હતી. તેમાંથી ચોથો નકશો એટલે કે એકર્ટ IV ક્ષેત્રફળની દ્રષ્ટિએ સૌથી સચોટ માનવામાં આવ્યો. એકર્ટ IV અને ઈક્વલ અર્થ પ્રોજેક્શન બંને એવા નકશા છે, જેમાં દેશો અને મહાદ્વીપોનું વાસ્તવિક ક્ષેત્રફળ સાચા પ્રમાણમાં દેખાય છે. એકર્ટ IV માં ક્ષેત્રફળ તો સાચું બતાવવામાં આવ્યું છે, પરંતુ ઘણી જગ્યાએ દેશો અને મહાદ્વીપોના આકારમાં વધુ વિકૃતિ જોવા મળે છે. આ જ સમસ્યાને ઓછી કરવા માટે ઈક્વલ અર્થ બનાવવામાં આવ્યું, ઈક્વલ અર્થ બનાવવાનો હેતુ માત્ર દેશો અને મહાદ્વીપોનું સાચું ક્ષેત્રફળ બતાવવાનો ન હતો, પરંતુ આખી દુનિયાને એવા રૂપમાં બતાવવાનો હતો, જે દેખાવમાં પણ વધુ સંતુલિત લાગે.

# નેપાળની થેરાંગ નદીમાં પૂર, બુઢીગંડકી એલર્ટ પર: ગોરખામાં 4 ઘર અને સસ્પેન્શન બ્રિજ તણાયા

**કાઠમંડુ, તા.06**

નેપાળના પહાડી જિલ્લા ગોરખામાં રવિવારે સવારે થેરાંગ નદીમાં પૂર આવ્યું. ત્યારબાદ પ્રશાસને બુઢીગંડકી નદીના બેસિનમાં એલર્ટ જાહેર કર્યું છે. પૂરમાં 4 ઘર અને એક સસ્પેન્શન બ્રિજ તણાઈ ગયા. જોકે, દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

જિલ્લા પોલીસના જણાવ્યા અનુસાર, પાણી વધવાની જાણ થતાં જ લોકો ઘરોમાંથી નીકળીને સુરક્ષિત સ્થળે પહોંચી ગયા હતા. તેથી કોઈનું મૃત્યુ થયું નથી.

26 ઓગસ્ટે આવેલા પૂરમાં અત્યાર સુધીમાં 1,344 મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે લગભગ 5 હજાર લોકો હજુ પણ ગુમ છે. લગભગ 400 અબજ નેપાળી રૂપિયાના નુકસાનનો પ્રારંભિક અંદાજ છે. પૂરની અસર હવે નેપાળના પર્યટન વ્યવસાય પર પણ દેખાઈ રહી છે. કાઠમંડુ પોસ્ટના અહેવાલ મુજબ, સપ્ટેમ્બરથી નવેમ્બરના પીક ટુરિસ્ટ સીઝનમાં હોટલ અને ટ્રાવેલ કંપનીઓની બુકિંગ રદ થવા લાગી છે.

ચીને પ્રથમ વખત તિબેટના ગ્યિરોંગ કાઉન્ટીને વિદેશી મીડિયા માટે ખોલ્યો છે. અહીં 26 ઓગસ્ટે આવેલા પૂરે નેપાળ-તિબેટ બોર્ડર પર ભારે તબાહી મચાવી હતી.

આ દરમિયાન એક બોર્ડર ઈમિગ્રેશન પોસ્ટ પણ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. અત્યાર સુધી આ આફતની સૌથી વધુ તસવીરો અને માહિતી નેપાળ તરફથી સામે આવી હતી.

નેપાળમાં પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત લોકોની મદદ માટે UAEની ટીમે રસૂવામાં બચાવ કામગીરી શરૂ કરી દીધી છે.

ટીમ નેપાળના અધિકારીઓ સાથે મળીને ગુમ થયેલા લોકોની શોધ કરી રહી છે. આ માટે ડ્રોન અને 3D મેપિંગ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

નેપાળ પોલીસે લોકોને અપીલ કરી છે કે પૂરના પાણીમાં તણાઈને મળેલા સોના-ચાંદી, રોકડ અને અન્ય કિંમતી સામાનને પોતાની પાસે ન રાખે અને ન વેચે.

પોલીસે કહ્યું કે આવો કોઈ સામાન કે જરૂરી દસ્તાવેજ મળે તો તેને નજીકની પોલીસ કચેરીમાં જમા કરાવે, જેથી તેને તેના અસલી માલિક સુધી પહોંચાડી શકાય.

પોલીસે કહ્યું કે પૂરના પાણીમાં મળેલા સામાનને છુપાવવો, પોતાની પાસે રાખવો, ઉપયોગ કરવો કે ખરીદવો-વેચવો ગુનો બની શકે છે. આવું કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

26 ઓગસ્ટના પૂરથી નેપાળમાં ગ્લેશિયલ સરોવરોમાંથી આવતા પૂરનો ખતરો ફરી સામે આવ્યો છે. નેપાળ હવે ચાર ખતરનાક ગ્લેશિયલ સરોવરોનું પાણી ઘટાડવા માટે લગભગ 50 કરોડ ડોલરના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે.

પરંતુ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે માત્ર સરોવરોનું જળસ્તર ઓછું કરવાથી નીચે આવેલા ગામો અને



શહેરોને સુરક્ષિત કરી શકાતા નથી. આ માટે દરેક સરોવરનો અલગ અભ્યાસ, અર્લી વોર્નિંગ સિસ્ટમ, સરોવરના પાણીના પ્રવાહને નિયંત્રિત કરવો અને પૂરના માર્ગમાં બાંધકામ રોકવું પણ જરૂરી છે.

નેપાળના કોશી અને ગંડકી બેસિનના ચાર સરોવરોને આ પ્રોજેક્ટમાં સામેલ કરવામાં આવ્યા છે. તેમાં લુમડિંગ ત્શો અને હોંગુ-2 સોલુખુમ્બુ, લોઅર બરુણ સંખુવાસભા અને થુલાગી (ડોના) મનાંગમાં છે.

ICIMOD અને UNDPના 2020ના રિપોર્ટમાં નેપાળ, તિબેટ અને ભારતના 47 ગ્લેશિયલ સરોવરોને ફાટવાની દ્રષ્ટિએ અત્યંત ખતરનાક ગણાવ્યા હતા. તેમાંથી 21 સરોવરો નેપાળમાં છે.

નેપાળમાં પૂર પછી રાહત અને બચાવ અભિયાન ચાલુ છે. રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડવા અને વ્યવસ્થાપન પ્રાધિકરણ (NDRRMA) અનુસાર, શનિવારે સાંજે 6 વાગ્યા સુધીમાં 13,101 લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે, લગભગ 5,000 લોકો હજુ પણ ગુમ છે અને તેમનો સંપર્ક થઈ શક્યો નથી.

પૂરની તસવીરોથી ઘણા વિદેશી પ્રવાસીઓને લાગી રહ્યું છે કે આખું નેપાળ આપત્તિથી પ્રભાવિત છે. આ ગેરસમજ દૂર કરવા માટે સરકારે ★NepalCalling અભિયાન શરૂ કર્યું છે.

સરકારના જણાવ્યા અનુસાર, કાઠમંડુ, પોખરા, ચિતવન, લુમ્બિની, જનકપુર, અન્નપૂર્ણા અને એવરેસ્ટ સહિતના મોટાભાગના મુખ્ય પર્યટન સ્થળો અને એરપોર્ટ ખુલ્લા છે. જોકે, લાંગટાંગ, ગોસાઈકુંડા, હેલંબુ સર્કિટ અને તામાંગ હેરિટેજ ટ્રેલ જેવા કેટલાક રૂટ પ્રભાવિત અથવા પ્રતિબંધિત છે.

પ્રારંભિક અંદાજ મુજબ, પૂરગ્રસ્ત લોકોના બચાવ, રાહત અને તાત્કાલિક વ્યવસ્થાપન માટે આગામી 6 મહિનામાં લગભગ 8 અબજ નેપાળી રૂપિયાની જરૂર પડશે.સરકાર PDNA રિપોર્ટના આધારે પુનર્વસન અને પુનર્નિર્માણ માટે જરૂરી ભંડોળ એકત્ર કરવાની યોજના બનાવશે.

NDRRMA ના પ્રારંભિક આકલન મુજબ, પૂરથી લગભગ 7570 ઘરો પ્રભાવિત થયા છે. લગભગ 55 કિલોમીટર રસ્તાઓ, 37 રોડ બ્રિજ અને 68 ઝૂલતા પુલ તૂટી ગયા છે અથવા નુકસાન પામ્યા છે. પૂરથી 1,806 હેક્ટર ખેતીની જમીન અને 13 હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પણ પ્રભાવિત થયા છે.

આ ઉપરાંત, એક સોલર પ્રોજેક્ટ અને 2 વીજળીની ટ્રાન્સમિશન લાઇન પણ ક્ષતિગ્રસ્ત થઈ છે. આનાથી લગભગ 783 મેગાવોટ વીજળી ઉત્પાદન કરવાની ક્ષમતા પ્રભાવિત થઈ છે.

## તંત્રી લેખ

# ભાગવતના કાર્યક્રમનો લંડનમાં પણ વિરોધ

અમેરિકા પછી હવે યુકેની રાજધાની લંડનના મેયર સાદીક ખાનને સિવિલ સોસાયટીના ૨૦ જેટલા સંગઠનોએ પત્ર લખીને આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના કાર્યક્રમો વિરુદ્ધ રજૂઆત કરી હતી. આરએસએસને એક સરમુખત્યાર અને મીલીટ્રી જેવી વિચારધારા ધરાવતી સંસ્થા કહેવામાં આવી હતી. આ પત્ર યુકેના વિદેશ મંત્રાલયને પણ લખવામાં આવ્યો છે. ગયા અઠવાડિયે અમેરિકાના કેટલાક હિન્દુ સંગઠનોએ આરએસએસના પ્રમુખના કાર્યક્રમનો વિરોધ કર્યો હતો. સિવિલ સોસાયટીના સંગઠનોએ પત્રમાં મેયરને ગ્રેટર લંડન ઓથોરીટી તરફથી આગ્રહ કરીને કહેવામાં આવ્યું હતું કે, મોહન ભાગવતની યુકે યાત્રા દરમિયાન આરએસએસના કાર્યક્રમોનો બહિષ્કાર કરે. મેયરને અપીલ કરવામાં આવી છે કે આરએસએસના કાર્યક્રમ માટે કોઈ જગ્યા ફાળવવા દેવી જોઈએ નહીં. યુકેના વિદેશ મંત્રાલયને પણ આ બાબતે એક પત્ર લખવામાં આવ્યો છે. ભારતની અધ્યક્ષતામા ૧૨-૧૩ સપ્ટેમ્બરે યોજાઈ રહેલા બ્રિક્સ શીખર સંમેલનમાં ભાગ લેવા માટે ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગ દિલ્હી આવશે. જોકે હજી સુધી રાષ્ટ્રપતિ જીનપીંગની યાત્રાનો ઓફિશ્યિલ કાર્યક્રમ જાહેર નથી થયો, પરંતુ એમના પ્રવાસને અંતિમરૂપ આપવામાં આવી રહ્યું છે. શી જીનપીંગ એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે ભારત આવી રહ્યા છે. જીનપીંગ ૭ વર્ષ પછી ભારત આવશે. આ પહેલા ૨૦૧૯ના ઓક્ટોબર મહિનામાં તેઓ ભારત આવ્યા હતા. જીનપીંગના આ પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાતચીત પણ થશે જેમાં ખાસ કરીને સીમા સંબંધીત મુદ્દે વાતચીત થશે. બ્રિક્સ સંમેલનમાં જીનપીંગ સિવાય રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન પણ હશે. ચૂંટણી હોવાથી બ્રાઝીલના રાષ્ટ્રપતિ લુલા સંમેલનમાં આવવાના નથી. બાંગ્લાદેશના વડાપ્રધાન સંમેલનનો બહિષ્કાર કરશે એમ મનાય છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેની એક રેલી પછી રેલી સ્થળે શુદ્ધિકરણ યજ્ઞા કરાવવામાં આવ્યો હતો. આ વિવાદ વધ્યા પછી હવે બેંગલુરુમાં એક એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. બેંગલુરુ પોલીસે ઉત્તરાખંડ ભાજપના પ્રમુખ મહેન્દ્ર ભટ્ટ તેમજ અન્ય લોકો સામે ઝીરો એફઆઈઆર દાખલ કરી છે. આદિવાસી કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ ટીઆર રામપ્પા દ્વારા વિધાન સૌધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ઝીરો એફઆઈઆર હેઠળ ગુનો બન્યાની હદ કે પોલીસ સ્ટેશનની મર્યાદા તોડીને કોઈપણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થઈ શકે. ફરિયાદ પ્રમાણે ઓગસ્ટ મહિનામાં રાજ્યસભાના વિરોધપક્ષના નેતા તેમજ કોંગ્રેસ પ્રમુખ ખડગેએ ઉત્તરાખંડના હલદાની ખાતે રામલીલા મેદાનમાં એક જનસભા કરી હતી. આ રેલી પુરી થયા પછી ભાજપના કેટલાક કાર્યકરો અને નેતાઓએ રેલી સ્થળે શુદ્ધિકણ અનુષ્ઠાન કરીને જાતીવાદી કૃત્ય કર્યું હતું. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેંદુ અધિકારીએ એક શિક્ષક સામે એફઆઈઆર કરવા માટે પોલીસને કહ્યું છે. આ શિક્ષકને દક્ષિણ કોલકત્તાની એક મીશનરી સ્કૂલે સસ્પેન્ડ કરી દીધા હતા, કારણ કે એમણે એક વિદ્યાર્થીના માથા પરથી ચંદનનું તીલક ભૂસી નાખ્યું હતું. મુખ્યમંત્રીએ એવું નીવેદન આપ્યું છે કે પશ્ચિમ બંગાળમાં આવી પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં. એમણે કહ્યું હતું કે, 'એક મીશનરી સ્કૂલના શિક્ષક વિદ્યાર્થીને માથા પર ચંદનનું તીલક લગાડવા માટે હેરાન કરતા હતા. વિદ્યાર્થીને દરરોજ અપમાનીત કરવામાં આવતો હતો અને મોઢુ ધોઈને આવવાનું કહેવામાં આવતું હતું.' વિદ્યાર્થીએ આ બાબતે સોશ્યલ મીડિયા પર લખ્યું ત્યારે કિસ્સો બહાર આવ્યો હતો. વિદ્યાર્થીનો વીડિયો વયરલ થઈ ગયો હતો અને વિવાદ થયા પછી વાત મુખ્યમંત્રી સુધી પહોંચી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે એક વકીલની અરજી ફગાવી દીધી છે. આ અરજીમાં જગદગુરુ રામભદ્રાચાર્ય વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાની માંગણી કરવામાં આવી હતી. 'ઉપાધ્યાય' સંપ્રદાય અને શંકરાચાર્ય સહિત કેટલીક ધાર્મિક વ્યક્તિઓ બાબતે જગદગુરુએ કરેલી ટીપ્પણીને લઈને આ માંગણી કરવામાં આવી હતી.

હાલમાં જે વસ્તુઓના ભાવ વધ્યા છે તેની રોજિંદી અસર ૬૦થી ૭૦ રૂપિયા વધારા જેટલી છે. દૂધથી શરૂ કરીને પેટ્રોલ-ડીઝલ અને અન્ય બાબતોનો કુલ વધારો આટલો થાય છે. આ રકમ રોજિંદા સ્તરે અનુભવાતી નથી પણ જ્યારે આ મહિનાના અંતે આશરે રૂ.૨,૦૦૦-૨૫૦૦ થાય છે ત્યારે મધ્યમવર્ગને આકરી લાગે છે : બીજી તરફ તેમનો પગાર નિશ્ચિત છે, આવક સ્રોત એક જ છે, જેમાં વાર્ષિક ઇન્ક્રીમેન્ટ માંડ ૫% થી ૭% મળે તો મળે છે. ઘણી કંપનીઓ તો આવું કશું આપવામાં માનતી નથી. કર્મચારી બિચારો જીભ અને ચપ્પલ ઘસી નાખે ત્યારે ત્યારે માલિકો મિલકતનો ભાગ આપવા જેટલો ઉપકાર કરતા હોય તેમ બે-ચાર હજાર રૂપિયાનો વધારો કરી આપે છે

# મોંઘવારીના નાના-નાના આંકડા મહિને મધ્યમવર્ગની કમર તોડી કાઢે છે

## બે-પાંચ કે સાત રૂપિયાનો વધારો દેખીતી રીતે મોટો લાગતો નથી પણ રોજિંદી વસ્તુઓનું ટોટલ મહિને આકરું પડે છે

હાલમાં જે વસ્તુઓના ભાવ વધ્યા છે તેની રોજિંદી અસર ૬૦થી ૭૦ રૂપિયા વધારા જેટલી છે. દૂધથી શરૂ કરીને પેટ્રોલ-ડીઝલ અને અન્ય બાબતોનો કુલ વધારો આટલો થાય છે. આ રકમ રોજિંદા સ્તરે અનુભવાતી નથી પણ જ્યારે આ મહિનાના અંતે આશરે રૂ.૨,૦૦૦-૨૫૦૦ થાય છે ત્યારે મધ્યમવર્ગને આકરી લાગે છે : બીજી તરફ તેમનો પગાર નિશ્ચિત છે, આવક સ્ત્રોત એક જ છે, જેમાં વાર્ષિક ઈન્ક્રીમેન્ટ માંડ ૫% થી ૭% મળે તો મળે છે. ઘણી કંપનીઓ તો આવું કશું આપવામાં માનતી નથી. કર્મચારી બિચારો જીભ અને ચપ્પલ ઘસી નાખે ત્યારે ત્યારે માલિકો મિલકતનો ભાગ આપવા જેટલો ઉપકાર કરતા હોય તેમ બે-ચાર હજાર રૂપિયાનો વધારો કરી આપે છે : જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં વસ્તુઓ સસ્તી થાય છે ત્યારે તેનો લાભ સામાન્ય નાગરિક સુધી કેમ પહોંચાડવામાં આવતો નથી? જ્યારે ક્રૂડ ઓઈલ સસ્તું થાય છે, ત્યારે ભાવ ઘટાડવાને બદલે સરકાર ડ્યુટી વધારી દે છે. જ્યારે ક્રૂડ મોંઘું થાય છે, ત્યારે તરત જ વૈશ્વિક સંકટનું લેબલ લગાવીને બોજ પ્રજાના માથે નાખી દેવાય છે. આ અન્યાયી નીતિ છે

માત્ર પાંચ રૂપિયા જ વધ્યા છે ને! બે રૂપિયામાં શું મોટું આભ તૂટી પડવાનું હતું? ચાના એક કપ જેટલો જ તો દૈનિક વધારો છે!, સરકારી પક્ષના પ્રવક્તાઓ, ટીવી સ્ટુડિયોના આર્થિક વિશ્લેષકો અને કોર્પોરેટ જગતના નીતિ-નિર્માતાઓ જ્યારે આવા તર્કો આપે છે ત્યારે તેઓ સામાન્ય ભારતીય પરિવારની વાસ્તવિકતાથી જોજનો દૂર હોય છે.

અલગથી જોઈએ તો ૬, ૭, ૮ કે ૯ રૂપિયાનો આંકડો નગણ્ય લાગે છે. ખિસ્સામાં પડેલા પરચૂરણ જેવો, રસ્તા પર પડી જાય તો કદાચ કોઈ ઊંચકવાની પણ તસ્દી ન લે તેવો. પરંતુ આ ભ્રામક આંકડાશાસ્ત્રની પાછળ એક ક્રૂર આર્થિક વાસ્તવિકતા છુપાયેલી છે, ક્યુમ્યુલેટિવ ઈમ્પેક્ટ અને માઈક્રો ઈન્ફ્લેશનની મનોવૈજ્ઞાનિક અસર.

જ્યારે દૂધની થેલી પર ૩ રૂપિયા, સીએનજી કિલોએ ૫ રૂપિયા, કઠોળ પર કિલોએ ૮ રૂપિયા, તેલના પાઉચ પર ૧૦ રૂપિયા અને મોબાઈલ રિચાર્જમાં રોજના ૪ રૂપિયા ઉમેરાય છે, ત્યારે મહિનાના અંતે આ ચિલ્લર એક એવો રાક્ષસ બની જાય છે જે મધ્યમવર્ગના બજેટના હાડકાં ચૂસી લે છે. આવક સ્થિર છે અને ખર્ચ રોકેટ ગતિએ દોડે છે. આ નાનો દેખાતો વધારો ભારતના સૌથી મોટા વર્ગને કઈ રીતે કંગાળિયત અને માનસિક તાણ તરફ ધકેલી રહ્યો છે.

આખરે પાંચ, સાત કે નવ રૂપિયાના વધારાથી કોઈ પરિવાર પર કેટલો પ્રભાવ પડશે? અલગથી જોઈએ તો આ રકમ નાની લાગે છે, પરંતુ જ્યારે દૂધ, કરિયાણું, સીએનજી, ભાડું, મોબાઈલ રિચાર્જ અને અન્ય જરૂરિયાતોના વધેલા ભાવો ઉમેરાય છે ત્યારે મહિનાના અંત સુધીમાં આ જ નાનો વધારો એક મોટી રકમ બની જાય છે. મોંઘવારીનો સૌથી મોટો ફટકો એ મધ્યમવર્ગીય અને પગારદાર પરિવારો પર પડે છે, જેમની આવક નિશ્ચિત છે પણ ખર્ચ સતત વધી રહ્યો છે.

સવારની ચાથી લઈને રાતના ભોજન સુધી, ઘરથી ઑફિસ જવા સુધી અને બાળકોના ભણતર સુધી આજે દરેક સામાન્ય માણસના જીવનનો લગભગ દરેક ભાગ મોંઘવારીના હિસાબ-કિતાબમાં જ પસાર થઈ રહ્યો છે. કોઈ વસ્તુના ભાવમાં ચિલ્લરનો વધારો પહેલી નજરે બહુ નાનો આંકડો લાગે છે અને સામાન્ય વધારો કહીને તેને સરળતાથી અવગણી દેવામાં આવે છે. મહિનાના અંત સુધીમાં આ બધું મળીને એક મોટી રકમ બની જાય છે. ચિંતાજનક બાબત એવી છે કે, હાલમાં જે રીતે મોંઘવારી વધી રહી છે તે ખરેખર માઈક્રો ઈન્ફ્લેશન છે. નાની-મોટી વસ્તુઓમાં બે-ચાર રૂપિયાનો વધારો થાય છે. રોજિંદા ધોરણે આપણી તેના ઉપર નજર જતી હતી. હાલમાં જે વસ્તુઓના ભાવ વધ્યા છે તેની રોજિંદી અસર ૬૦થી ૭૦ રૂપિયા વધારા જેટલી છે. દૂધથી શરૂ કરીને પેટ્રોલ-ડીઝલ




અને અન્ય બાબતોનો કુલ વધારો આટલો થાય છે. આ રકમ રોજિંદા સ્તરે અનુભવાતી નથી પણ જ્યારે આ મહિનાના અંતે આશરે રૂ. ૨,૦૦૦-૨૫૦૦ થાય છે ત્યારે મધ્યમવર્ગને આકરી લાગે છે. જે પરિવારની માસિક આવક રૂ. ૨૫,૦૦૦ થી રૂ. ૪૦,૦૦૦ છે, તેના માટે રૂ. ૨,૦૦૦ એ સામાન્ય રકમ નથી.

આ રૂ. ૨,૦૦૦ એટલે બાળકની સ્કૂલની એક મહિનાની ફી, પરિવારનો હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ અથવા કટોકટીના સમય માટે થતી એક નાની આર.ડી. (રિકરિંગ ડિપોઝિટ). મોટી વાત એ છે કે, આ નાનો-નાનો વધારો વર્ષે રૂ. ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલો થાય છે. માત્ર નાના-નાના ભાવવધારાના નામે ગજવામાંથી આટલી મોટી રકમ સરકી જાય છે. આ લૂંટ કોઈ બંદૂકની અણીએ નથી થતી, આ લૂંટ ડેસિબલ વગર, આંકડાના છદ્મવેશે થાય છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય અર્થતંત્રમાં સૌથી લાચાર, સૌથી અવાચક અને સૌથી વધુ શોષિત વર્ગ કોઈ હોય તો તે છે : મધ્યમવર્ગીય પગારદાર વર્ગ. આ વર્ગની વસતી એક વિચિત્ર ત્રિભેટા પર ઊભી છે. તેઓ ગરીબ નથી એટલે તેમને સરકાર તરફથી કોઈ મફત અનાજ, મફત આવાસ, મફત વીજળી કે સબસિડી મળતી નથી. તેઓ અતિ-ધનાઢ્ય નથી એટલે તેઓ પોતાની આવકને કન્સલ્ટિંગ ફી, કંપની ખર્ચ કે ટેક્સ હેવનમાં છુપાવી શકતા નથી. બીજી તરફ તેમનો પગાર નિશ્ચિત છે, આવક સ્ત્રોત એક જ છે, જેમાં વાર્ષિક ઈન્ક્રીમેન્ટ માંડ ૫% થી ૭% મળે છે. મોટાભાગની કંપનીઓ તો આવું કશું આપવામાં માનતી નથી. કર્મચારી બિચારો જીભ અને ચપ્પલ ઘસી નાખે ત્યારે ત્યારે માલિકો મિલકતનો ભાગ આપવા જેટલો ઉપકાર કરતા હોય તેમ બે-ચાર હજાર રૂપિયાનો વધારો કરી આપે છે. આવા નજીવા વધારામાં આ મધ્યમવર્ગ પરિવારો સતત વધતા ખર્ચને પહોંચી વળવા માટે પેટે પાટા બાંધીને જીવવા મજબૂર થાય છે. બીજી તરફ વાસ્તવિક મોંઘવારીનો દર સત્તાવાર આંકડા કરતાં ક્યાંય વધુ, લગભગ ૧૦% થી ૧૨% ની આસપાસ હોય છે. પરિણામે, પગારદાર વર્ગની વાસ્તવિક આવક દર વર્ષે વધવાને બદલે ઘટી રહી છે. ગઈકાલે જે જીવનધોરણ રૂ. ૩૦,૦૦૦માં જળવાતું હતું, આજે તે જ જીવનધોરણ જાળવવા રૂ. ૩૮,૦૦૦ જોઈએ છે. જ્યારે આવક વધતી નથી ત્યારે પરિવાર શું કરે છે? તેઓ બલિદાન આપે છે. પહેલાં બહાર જમવાનું બંધ થાય છે, પછી સિનેમાની ટિકિટ કપાય છે, પછી બ્રાન્ડેડ કપડાંની જગ્યાએ લોકલ કપડાં આવે છે, અને છેવટે બાળકના ટ્યુશન કે વૃદ્ધ માતા-પિતાની દવાઓમાં સમાધાન કરવું પડે છે.

જાણકારોના મતે, જ્યારે પણ મોંઘવારી સામે અવાજ ઉઠે છે ત્યારે સત્તાવાળાઓ વૈશ્વિક પરિબળોનું કવચ ઓઢી લે છે. રશિયા-યુક્રેન યુદ્ધ, ઈરાન-અમેરિકા યુદ્ધ, રાતા સમુદ્રની કટોકટી, ડોલર સામે રૂપિયાનું અવમૂલ્યન કે ક્રૂડ તેલના વૈશ્વિક ભાવમાં વધારા જેવું કારણ આગળ ધરી દે છે.

નિ:શંકપણે, વૈશ્વિક અર્થતંત્ર એકબીજા સાથે જોડાયેલું છે. પરંતુ પ્રશ્ન એ છે કે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં વસ્તુઓ સસ્તી થાય છે ત્યારે તેનો લાભ સામાન્ય નાગરિક સુધી કેમ પહોંચાડવામાં આવતો નથી? જ્યારે ક્રૂડ ઓઈલ સસ્તું થાય છે, ત્યારે ભાવ ઘટાડવાને બદલે સરકાર ડ્યુટી વધારી દે છે. જ્યારે ક્રૂડ મોંઘું થાય છે, ત્યારે તરત જ વૈશ્વિક સંકટનું લેબલ લગાવીને બોજ પ્રજાના માથે નાખી દેવાય છે. આ અન્યાયી નીતિ છે.

સામાન્ય નાગરિકને નફામાં ભાગીદાર બનાવવામાં આવતો નથી, પરંતુ ખોટમાં ફરજિયાત ભાગીદાર બનાવી દેવામાં આવે છે. ડોલર સામે રૂપિયો ગગડે ત્યારે આયાતી ખાદ્યતેલ અને ગેસ મોંઘા થાય છે, જે છેવટે ભારતીય રસોડામાં પહોંચીને ૫૦ કે ૧૦૦ રૂપિયાનો નવો વધારો બની જાય છે. સરકારની નબળી નીતિઓ અને અવિચારી પગલાને કારણે દેશનો મધ્યમવર્ગ પિસાઈ રહ્યો છે.

પ્રશ્ન એ થાય છે કે આ બે-પાંચ કે સાત રૂપિયાનો વધારો કેમ વારંવાર થાય છે? શું આ કુદરતી છે? ના, આ મોટાભાગે સરકારની અયોગ્ય નીતિઓ અને ફિસ્કલ મિસમેનેજમેન્ટનું પરિણામ છે. સરકાર માટે આવક ઊભી કરવાનો સૌથી સહેલો રસ્તો પરોક્ષ વેરો છે. જીએસટી લાગુ કરતી વખતે 'એક દેશ, એક ટેક્સ'નો દાવો કરવામાં આવ્યો હતો. આજે સ્થિતિ એ છે કે પેકિંગવાળા દૂધ, દહીં, છાશ, લોટ અને પેન્સિલ-રબર જેવી ચીજો પર પણ ટેક્સ છે. અમીર વ્યક્તિ જે ટેક્સ ચૂકવે છે, તેટલો જ ટેક્સ એક ગરીબ મજૂર કે મધ્યમવર્ગીય ક્લાર્ક દૂધની થેલી પર ચૂકવે છે. આને અર્થશાસ્ત્રમાં 'રીગ્રેસિવ ટેક્સેશન' કહેવાય છે. જે ગરીબને વધુ ગરીબ બનાવે છે. તે ઉપરાંત જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ તળિયે બેઠા હોય, ત્યારે પણ ભારતમાં પેટ્રોલ અને ડીઝલ સસ્તું થતું નથી. સરકાર એક્સાઈઝ ડ્યુટી વધારીને પોતાની તિજોરી ભરે છે. ઈંધણ માત્ર ગાડી ચલાવવા માટે નથીત દેશનું સમગ્ર લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન ડીઝલ પર નિર્ભર છે. ડીઝલ મોંઘું થાય એટલે ખેતરમાં ચાલતું ટ્રેક્ટર મોંઘું થાય, શાકભાજી લાવતી ટ્રકનું ભાડું વધે અને અંતે શહેરના બજારમાં લીંબુ, મરચાં અને બટાટા પર ૬ થી ૮ રૂપિયાનો વધારો ઝીંકાય છે. આ ઉપરાંત શ્રિંકફ્લેશન પણ એક સમજવા જેવી બાબત છે. કંપનીઓ ભાવ વધાર્યા વગર ગ્રાહકને લૂંટે છે. બજારમાં પાંચ રૂપિયાનું બિસ્કિટનું પેકેટ પાંચ રૂપિયામાં જ મળે છે, પરંતુ તેનું વજન ૭૦ ગ્રામમાંથી ઘટીને ૫૦ કે ૫૫ ગ્રામ થઈ ગયું છે. સાબુનું કદ નાનું થઈ ગયું છે. સરકારી નિયમનકારી તંત્રો આ છૂપી લૂંટ સામે આંખ આડા કાન કરે છે. ગ્રાહક એટલા જ પૈસામાં ઓછી વસ્તુ ખરીદવા મજબૂર બને છે. આ રીતે પણ દેશના સામાન્ય લોકોના ખિસ્સાં કપાય છે. સૌથી મોટી બાબત તો એ છે કે, મોટા ઉદ્યોગપતિઓને પ્રોત્સાહન આપવાના નામે કોર્પોરેટ ટેક્સ ઘટાડવામાં આવે છે, લોન રાઈટ-ઓફ કરવામાં આવે છે, અને એ ખાધ પૂરવા માટે સામાન્ય પ્રજા પર સેસ, સરચાર્જ અને ટોલ ટેક્સના રૂપમાં વધારા ઝીંકવામાં આવે છે. હાઈવે પર મુસાફરી કરવી હોય તો દર ૬૦ કિલોમીટરે ટોલ વધે છે. આ બધું જ ભેગું થઈને પાછું ચીજવસ્તુઓના ભાવમાં ઉમેરાય છે. સામાન્ય માણસ વારંવાર લૂંટાતો જ જાય છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : અહંકારનું શમન અને ભક્તિનું રક્ષણ-જ્યાં જ્યોતિ ત્યાં શિવ. જ્યોતિર્લિંગનું મહાત્મ્ય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય સંસ્કૃતિમાં શિવ માત્ર દેવ નથી,તત્વ છે. તે સર્જન પહેલાં પણ હતા અને પ્રલય પછી પણ રહેશે. પુરાણો કહે છે કે જ્યારે સૃષ્ટિ પર અંધકાર હતો,ત્યારે એક અનંત જ્યોતિ સ્તંભ પ્રગટ થયો,જેનો આદિ-અંત બ્રહ્મા અને વિષ્ણુ પણ શોધી શક્યા નહીં.એ જ નિરાકાર જ્યોતિ જ્યારે ભક્તોના કલ્યાણ માટે સાકાર થઈ,ત્યારે તે બાર સ્થાનો પર સ્થિર થઈ, જેને આપણે દ્વાદશ જ્યોતિર્લિંગ કહીએ છીએ.

જ્યોતિર્લિંગ એટલે જ્યાં શિવ સ્વયંભૂ જ્યોતિ સ્વરૂપે બિરાજે છે. આ દરેક લિંગ પાછળ માત્ર કથા નથી, એક તત્વજ્ઞાન છે. ક્યાંક તે પર્વતના અહંકારને ઓગાળે છે, ક્યાંક તપસ્વીની નિષ્ઠાને સન્માને છે તો ક્યાંક ભક્તની આર્ત પોકાર સાંભળી દુષ્ટનો સંહાર કરે છે. આપેલી ત્રણ દિવ્ય કથાઓ-ૐકારેશ્વર, કેદારેશ્વર અને ભીમશંકર- આ ત્રણેય તત્વોનું સુંદર દર્શન કરાવે છે. ૐકારેશ્વર જ્યોતિર્લિંગ: અહંકાર ના શમનનું પ્રતીક-વિંધ્યાચલની કથા એકવાર દેવર્ષિ નારદ ભ્રમણ કરતાં કરતાં વિંધ્યાચલ પર્વત પર પધાર્યા. વિંધ્યાચલે ખૂબ શ્રદ્ધાભાવથી તેમનું પૂજન કર્યું અને ગર્વભેર કહ્યું, 'મુનિ વર, મારામાં બધું જ છે. રત્નો છે, ઔષધિઓ છે, વનરાજી છે. હું સંપૂર્ણ છું.'

નારદજી તો લીલાધારી. તેમણે એક ઊંડો નિસાસો નાખ્યો. વિંધ્યાચલ ચોંક્યો,'આપે નિસાસો કેમ નાખ્યો? નારદે હસીને કહ્યું, 'તારી વાત સાચી છે, તારામાં બધું છે, પણ એક વસ્તુ નથી.મેરુ પર્વત તારા કરતાં ઘણો ઊંચો છે. દેવતાઓમાં તેનું સ્થાન છે,પૂજા છે. તારામાં એ ગૌરવ નથી.'

બસ,આ એક વાક્ય વિંધ્યાચલના હૃદયમાં તીરની જેમ વાગ્યું. જે પર્વત પોતાને સંપૂર્ણ માનતો હતો, તેને પોતાની અપૂર્ણતાનું ભાન થયું. અહંકાર ઓગળ્યો અને તેની જગ્યાએ આવ્યો સંતાપ. આ સંતાપે જ તેને શિવ તરફ વાળ્યો.

વિંધ્યાચલ શિવના શરણે ગયો. નર્મદા કિનારે, ૐકારના ઉચ્ચાર સાથે તેણે છ મહિના સુધી કઠોર તપ કર્યું. તેની તપસ્યાથી ભોલેનાથ પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું. વિંધ્યાચલે કોઈ ઊંચાઈ ન માગી, કોઈ સંપત્તિ ન માગી. તેણે કહ્યું, 'હે ભોલેનાથ! જો આપ મારા પર પ્રસન્ન છો, તો આપ અહીં જ સ્થિર થાઓ. આપની હાજરી જ મારી સૌથી મોટી ઊંચાઈ છે.'

ભક્તની આ નિર્મળ ઈચ્છા જોઈ શિવ પ્રગટ થયા. ત્યાં જે એક ૐકાર લિંગ હતું, તે બે સ્વરૂપે વિભાજિત થયું. એક પ્રણવ સ્વરૂપ - ૐકારેશ્વર, જે નર્મદાના બેટ રૂપે ૐકાર આકારમાં વસેલું છે, અને બીજું અમરેશ્વર કે મામલેશ્વર, જે કિનારા પર છે. શિવે વરદાન આપ્યું કે આ બંને લિંગ ભોગ અને મોક્ષ બંને આપનારા થશે. *શિવ મહિમા આ કથા શીખવે છે કે શિવ અહંકારથી નહીં, નમ્રતાથી મળે છે. વિંધ્યાચલને જ્યારે પોતાનું અભિમાન હતું ત્યારે તે દુ:ખી હતો, પણ જ્યારે તે શરણે ગયો ત્યારે સ્વયં શિવ તેના થઈ ગયા. ૐકાર એ બ્રહ્માંડનો પ્રથમ નાદ છે અને શિવ એ નાદના અધિષ્ઠાતા છે. માટે જ ૐકારેશ્વરના દર્શનથી મનના બધા ગર્વ, દ્વેષ શાંત થઈ જાય છે. કેદારેશ્વર જ્યોતિર્લિંગ: તપ અને સમર્પણનું ફળ-નર-નારાયણ અને પાંડવોની કથા હિમાલયની ગોદમાં, જ્યાં હિમ જ હિમ છે, ત્યાં આવેલું છે કેદારક્ષેત્ર. આ કથા બે યુગને જોડે છે. પહેલા યુગમાં, સતયુગમાં, વિષ્ણુના અવતાર નર અને નારાયણ બદરિકા શ્રમમાં લોકકલ્યાણ માટે ઘોર તપ કરતા હતા.તેઓ રોજ માટીના શિવ લિંગ-પાર્થિવ લિંગ-બનાવીને શિવનું પૂજન કરતા. તેમની અખંડ નિષ્ઠા, નિર્મળ ભક્તિથી શિવ અત્યંત પ્રસન્ન થયા.તેઓ સાક્ષાત્ તે પાર્થિવ લિંગમાં પ્રગટ થયા અને કહ્યું, 'વરદાન માગો.' નારાયણે હાથ જોડીને કહ્યું, 'હે દેવેશ્વર! જો આપ પ્રસન્ન થયા હો, તો લોકોના કલ્યાણ માટે આપ આ હિમના ક્ષેત્રમાં જ્યોતિ સ્વરૂપે સદા માટે વસો.' શિવે 'તથાસ્તુ' કહ્યું અને ત્યાં જ્યોતિર્લિંગ રૂપે સ્થિર થયા, જે કેદારેશ્વર કહેવાયા. બીજા યુગમાં, દ્વાપરમાં પાંડવોએ મહાભારતના યુદ્ધ પછી ગોત્રહત્યા ના પાપથી મુક્તિ માટે શિવના દર્શને જવાનું નક્કી કર્યું.પણ શિવ તેમનાથી નારાજ હતા.જ્યારે પાંડવો કેદાર પહોંચ્યા,ત્યારે કેદારેશ્વરે તેમની પરીક્ષા લેવા માટે એક માયાવી પાડા - મહિષનું રૂપ ધારણ કર્યું અને પશુઓના ટોળામાં ભળી ગયા. ભીમે વિશાળ સ્વરૂપ ધારણ કરી બે પહાડો પર પગ રાખીને બધા પશુઓને પોતાની નીચેથી પસાર થવા કહ્યું. બધા પશુઓ નીકળી ગયા, પણ આ માયાવી પાડો ન નીકળ્યો. ભીમ સમજી ગયો કે આ જ શિવ છે. તેઓ તેને પકડવા દોડ્યા. પાડા રૂપી શિવ ભાગવા લાગ્યા અને જ્યારે પલાયન થવાની ક્ષણ આવી, ત્યારે ભીમે તેનું પૂંછડું અને પાછળનો ભાગ પકડી લીધો. પાડાએ માથું જમીનમાં છુપાવી દીધું. ભગવાન ભક્તના પ્રેમથી બંધાઈ ગયા અને એ જ પૂંછડાના સ્વરૂપમાં ત્યાં સ્થિર થઈ ગયા. કહેવાય છે કે તે પાડાનું મુખ નેપાળમાં પશુપતિનાથ રૂપે પ્રગટ થયું. તેથી કેદારનાથ અને પશુપતિનાથ એક જ છે.

*શિવ મહિમા કેદારેશ્વર બે વાત શીખવે છે. નર-નારાયણની કથા કહે છે કે શિવને પામવા માટે મોટા મંદિર કે સોનાની જરૂર નથી, માટીના લિંગમાં પણ જો સાચી શ્રદ્ધા હોય તો શિવ પ્રગટ થાય છે. અને પાંડવોની કથા કહે છે કે ભગવાન ક્યારેક ભક્તથી દૂર ભાગે છે, તેની પરીક્ષા કરે છે, પણ જ્યારે ભક્ત સાચા હૃદયથી પકડી લે છે, ત્યારે તે જ સ્વરૂપે બંધાઈ જાય છે. કેદારનાથના દર્શનથી માણસના જન્મોજન્મના પાપો બળીને ભસ્મ થઈ જાય છે. ભીમશંકર જ્યોતિર્લિંગ: ભક્તના રક્ષક-સુદક્ષિણ અને ભીમ રાક્ષસની આ કથા રૌદ્ર પણ છે અને કરુણ પણ.પૂર્વે કર્કટ નામના રાક્ષસની પુત્રી કર્કટી હતી. તેના લગ્ન વિરાધ સાથે થયા, જેનો રામે વધ કર્યો. એકલી પડેલી કર્કટી પર કુંભકર્ણે બળાત્કાર કર્યો અને તેને છોડી દીધી. તેનાથી તેને એક પુત્ર થયો, જેનું નામ ભીમ. ભીમ જન્મથી જ ભયંકર અને બળવાન હતો. જ્યારે તેને ખબર પડી કે તેના પિતા કુંભકર્ણનો વધ રામે - એટલે કે વિષ્ણુના અવતારે - કર્યો છે, ત્યારે તેના મનમાં વિષ્ણુ અને વિષ્ણુ ભક્તો પ્રત્યે વેરની આગ ભભૂકી ઉઠી. તેણે એક હજાર વર્ષ તપ કરી બ્રહ્મા પાસેથી અતુલ બળ મેળવ્યું. બળ મળતાં જ તે ઉન્મત્ત બન્યો. તેણે દેવોને જીતી સ્વર્ગમાંથી કાઢી મૂક્યા, વિષ્ણુને પણ હરાવ્યા. પછી તેણે કામરુ દેશના ધર્મપ્રિય રાજા સુદક્ષિણ પર આક્રમણ કર્યું. સુદક્ષિણ શિવનો અનન્ય ભક્ત હતો. ભીમે તેને હરાવી, તેનું રાજ્ય લૂંટી તેને કારાગારમાં નાખ્યો.પણ કારાગાર પણ ભક્તને રોકી શક્યું નહીં.

# વરસાદમાં AC ચલાવવું જોઈએ કે નહીં? જાણો કેટલા કલાક અને કયા ટેમ્પરેચર પર કરવો યોગ્ય ઉપયોગ

એર કંડિશનર એટલે કે AC આજના સમયમાં મોટાભાગના ઘરોની જરૂરિયાત બની ગયું છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં AC લોકોને ભારે ગરમી અને બફારાથી રાહત આપે છે, પરંતુ વરસાદની ઋતુ શરૂ થતાં જ વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળે છે. દિલ્હી-NCR સહિત દેશના અનેક વિસ્તારોમાં વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે અને વાતાવરણ પણ પહેલા કરતાં ઠંડુ બન્યું છે. આવી સ્થિતિમાં લોકોના મનમાં એક મહત્વનો સવાલ ઊભો થાય છે કે વરસાદની ઋતુ દરમિયાન AC ચલાવવું જોઈએ કે નહીં? અને જો AC ચલાવવું જરૂરી હોય તો તેને કેટલા સમય સુધી ચલાવવું યોગ્ય છે તેમજ કયા તાપમાન પર ચલાવવાથી આરામની સાથે વીજળીની પણ બચત થઈ શકે?




વરસાદ પડ્યા બાદ ઘણી વખત બહારનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટી જાય છે. જો બહારનું તાપમાન લગભગ 25 ડિગ્રી સેલ્સિયસની આસપાસ હોય અને ઘરની અંદર પણ વાતાવરણ આરામદાયક લાગતું હોય, વધુ ગરમી કે બફારો અનુભવાતો ન હોય, તો આવા સમયે AC ચલાવવાની ખાસ જરૂર રહેતી નથી. માત્ર પંખાનો ઉપયોગ કરીને પણ રૂમમાં પૂરતી ઠંડક અને હવાની અવરજવર જાળવી શકાય છે. બિનજરૂરી રીતે AC ચલાવવાથી વીજળીનો ખર્ચ વધે છે અને મશીન પર પણ વધારાનો લોડ પડી શકે છે.

જોકે, વરસાદની ઋતુમાં એક બીજી સમસ્યા ઘણી વખત લોકોને પરેશાન કરે છે અને તે છે હવામાં વધતો ભેજ. ચોમાસામાં વરસાદને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જાય છે, જેના કારણે ઘરની અંદર ચીકાશ, બફારો અને ભારેપણું અનુભવાય છે. બહારનું તાપમાન ઓછું હોવા છતાં વધુ ભેજના કારણે લોકોને અસ્વસ્થતા થઈ શકે છે. આવી સ્થિતિમાં AC ઉપયોગી સાબિત થઈ શકે છે, કારણ કે એર કંડિશનર માત્ર રૂમને ઠંડુ કરવાનું જ કામ નથી કરતું, પરંતુ હવામાં રહેલા વધારાના ભેજને પણ ઘટાડવામાં મદદ કરે છે. જેના કારણે રૂમનું વાતાવરણ વધુ આરામદાયક બની શકે છે.

વરસાદના દિવસોમાં AC નો ઉપયોગ કરતી વખતે તેને સતત ઘણા કલાકો સુધી ચલાવવાને બદલે જરૂરિયાત મુજબ ઉપયોગ કરવો વધુ યોગ્ય માનવામાં આવે છે. જો રૂમમાં ખૂબ વધારે ભેજ અથવા બફારો હોય તો થોડા સમય માટે AC ચલાવીને વાતાવરણને આરામદાયક બનાવી શકાય છે. સામાન્ય રીતે સતત લાંબા સમય સુધી ચલાવવાને બદલે થોડા કલાકોના ઉપયોગ બાદ AC બંધ કરીને રૂમની સ્થિતિ અનુસાર ફરીથી તેનો ઉપયોગ કરવો વધુ સારું રહે છે. ખાસ કરીને જ્યારે બહારનું તાપમાન પહેલેથી જ ઓછું હોય ત્યારે આખો દિવસ અથવા આખી રાત સતત AC ચલાવવાની જરૂર પડતી નથી.

તાપમાનની વાત કરીએ તો વરસાદની ઋતુ દરમિયાન AC ને ખૂબ ઓછા તાપમાન પર ચલાવવું યોગ્ય નથી. ઘણા લોકો વધુ ઠંડક મેળવવા માટે AC ને 18, 20 અથવા 22 ડિગ્રી પર સેટ કરી દેતા હોય છે, પરંતુ ચોમાસાના દિવસોમાં બહારનું વાતાવરણ પહેલેથી જ ઠંડુ હોવાથી આવું કરવાથી શરીરને વધુ ઠંડી લાગી શકે છે. આવા સમયમાં AC ને લગભગ 26 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રાખવાથી રૂમમાં આરામદાયક વાતાવરણ જાળવી શકાય છે. આ તાપમાન પર AC જરૂર મુજબ ઠંડક અને ભેજ નિયંત્રણમાં મદદ કરી શકે છે, સાથે સાથે વીજળીના વપરાશને પણ નિયંત્રિત રાખવામાં મદદ મળી શકે છે.

ચોમાસાની ઋતુમાં AC ની યોગ્ય કામગીરી માટે તેના ફિલ્ટર અને સર્વિસિંગનું ધ્યાન રાખવું પણ ખૂબ જરૂરી છે. વરસાદના દિવસોમાં હવામાં ભેજનું પ્રમાણ વધારે હોવાથી ધૂળ અને અન્ય કણો એર ફિલ્ટરમાં ઝડપથી જમા થઈ શકે છે. જો ફિલ્ટર લાંબા સમય સુધી સાફ ન કરવામાં આવે તો AC ની હવાની અવરજવર પર અસર પડી શકે છે અને કૂલિંગ અથવા ડિહ્યુમિડિફિકેશન યોગ્ય રીતે ન થઈ શકે. ગંદા ફિલ્ટરના કારણે મશીનને વધુ મહેનત કરવી પડે છે, જેના પરિણામે વીજળીનો વપરાશ પણ વધી શકે છે.

તેથી ચોમાસા દરમિયાન સમયાંતરે AC ના એર ફિલ્ટર્સની સફાઈ કરવી જરૂરી છે. સાથે જ જો AC માં કૂલિંગની સમસ્યા, પાણી ટપકવાની સમસ્યા અથવા અસામાન્ય અવાજ જેવી કોઈ તકલીફ જણાય તો સમયસર ટેક્નિશિયન દ્વારા તપાસ કરાવવી જોઈએ. નિયમિત જાળવણી કરવાથી AC ની કામગીરી સારી રહે છે અને તેની આયુષ્ય પણ લાંબી બની શકે છે.

કુલ મળીને વરસાદની ઋતુમાં AC ચલાવવું સંપૂર્ણપણે બંધ કરવું જરૂરી નથી, પરંતુ તેનો ઉપયોગ હવામાન અને રૂમની સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવો જોઈએ. જો વાતાવરણ ઠંડુ હોય અને ભેજ કે બફારો ન હોય તો પંખો પૂરતો સાબિત થઈ શકે છે. પરંતુ જો ઘરમાં વધુ ભેજ અને ચીકાશ અનુભવાતી હોય તો યોગ્ય તાપમાન પર થોડા સમય માટે AC નો ઉપયોગ કરીને રૂમને આરામદાયક બનાવી શકાય છે. યોગ્ય રીતે AC નો ઉપયોગ કરવાથી આરામની સાથે વીજળીની બચત પણ કરી શકાય છે અને મશીનની કામગીરી પણ લાંબા સમય સુધી સારી રાખી શકાય છે.

### અમદાવાદ મંડળે નવો ઓલ-ટાઈમ લોડિંગ રેકોર્ડ બનાવ્યો

# એક જ દિવસમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ લોડિંગ નોંધાવતાં 85 રેક/3,580 વેગનનો નવો રેકોર્ડ સ્થાપ્યો

**અમદાવાદ, તા.06**




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ લદાણના ક્ષેત્રમાં એક નવો સીમાચિહ્ન સ્થાપિત કરતાં 05 સપ્ટેમ્બર 2026ના રોજ એક જ દિવસમાં રેકોર્ડ 85 રેક (3,580 વેગન) લોડ કર્યા. અમદાવાદ મંડળના પરિચાલન ઈતિહાસમાં એક જ દિવસમાં કરવામાં આવેલું આ અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. આ પહેલાં મંડળમાં એક દિવસમાં સૌથી વધુ લદાણનો રેકોર્ડ 80 રેક (3,525 વેગન)નો હતો. આ રેકોર્ડને પાછળ છોડતાં અમદાવાદ મંડળે પોતાના પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો નોંધાવ્યો છે.

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે આ સિદ્ધિ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે 05 સપ્ટેમ્બરના રોજ એક જ દિવસમાં માલ પરિવહનની વિવિધ શ્રેણીઓમાં પણ નવા સર્વોચ્ચ રેકોર્ડ નોંધાયા હતા. તેમાંની મુખ્ય સિદ્ધિઓ નીચે મુજબ છે: કન્ટેનર લદાણ: એક જ દિવસમાં કુલ 42 કન્ટેનર રેક લોડ કરવામાં આવ્યા, જેમાં 21 ડબલ-સ્ટેક કન્ટેનર રેકનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ ઉપલબ્ધ માલ પરિવહન ક્ષમતાના મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગને દર્શાવે છે.

ઓટોમોબાઈલ લદાણ: કુલ 6 ઓટો રેક લોડ કરવામાં આવ્યા, જે ઓટોમોબાઈલ પરિવહનના ક્ષેત્રમાં મંડળની વધતી ભૂમિકાને દર્શાવે છે.

મીઠાનું લદાણ: કુલ 8 મીઠાના રેક લોડ કરીને રવાના કરવામાં આવ્યા, જેના દ્વારા આ વિસ્તારની મહત્વપૂર્ણ માંગને પહોંચી વળવામાં મદદ મળી.

ખાતરનું લદાણ: કૃષિ ક્ષેત્રને સમયસર ખાતરનો પુરવઠો સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી 17 ફર્ટિલાઈઝર રેકનું સફળતાપૂર્વક લદાણ કરવામાં આવ્યું.

ઓગસ્ટ 2026માં માલ પરિવહન અને પરિચાલન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ

અમદાવાદ મંડળે ઓગસ્ટ 2026 દરમિયાન પણ માલ પરિવહન અને પરિચાલનના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. મંડળ દ્વારા આ સમયગાળા દરમિયાન 4.4651 મિલિયન ટન માલનું લદાણ કરવામાં આવ્યું. માલ પરિવહન દ્વારા રેલવેને 631.31 કરોડની આવક પ્રાપ્ત થઈ.

ઓગસ્ટ 2026માં દરરોજ સરેરાશ 218.84 ટ્રેનોનું ઈન્ટરચેન્જ થયું, જે અગાઉના વર્ષની સરખામણીમાં 2.5% વધુ છે. જ્યારે DFC પોઈન્ટ્સ પર સરેરાશ ઈન્ટરચેન્જ 11.8% વધીને દરરોજ 100.81 ટ્રેન થયું હતું. આ ઉપરાંત, 365 લોંગ હૉલ ટ્રેનો દોડાવવામાં આવી, જે માલ પરિવહનની કાર્યક્ષમતા અને પરિચાલન ક્ષમતામાં સતત થઈ રહેલા વધારાને દર્શાવે છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ ઐતિહાસિક સિદ્ધિ માટે અમદાવાદ મંડળની સમગ્ર ટીમ, પરિચાલન વિભાગ, વાણિજ્યિક વિભાગ તેમજ DFCCILના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ સિદ્ધિ ટીમના સંકલિત પ્રયાસો, વધુ સારી પરિચાલન યોજના અને માલ પરિવહન ક્ષમતાના અસરકારક ઉપયોગનું પરિણામ છે.

આ ઐતિહાસિક રેકોર્ડ પ્રદર્શન રાષ્ટ્રીય આપૂર્તિ શૃંખલાને વધુ મજબૂત બનાવવા, માલ પરિવહનને વેગ આપવા તથા માલ પરિવહનથી પ્રાપ્ત થતી આવકમાં વધારો કરવાની દિશામાં અમદાવાદ મંડળની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

## અમદાવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ભામાશાહ સન્માન સમારોહ અને મોડ્યુલર લિમ્બ શિબિર યોજાઈ

■ અમદાવાદમાં નારાયણ સેવા સંસ્થાન દ્વારા 3D પ્રિન્ટેડ લિમ્બ ફિટમેન્ટ કેમ્પમાં રાજ્યપાલએ રૂપિયા 5 લાખનું અનુદાન જાહેર કર્યું

**અમદાવાદ, તા.06**




**નારાયણ સેવા સંસ્થામાં જાપાન-જર્મન ટેકનોલોજીથી દિવ્યાંગોને મળ્યા કૃત્રિમ અંગો, રાજ્યપાલએ સંસ્થાના 40 વર્ષના સેવા સમર્પણને બિરદાવ્યું**

અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ કેમ્પસ લેન ખાતે નારાયણ સેવા સંસ્થાન દ્વારા ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને જાપાન અને જર્મન ટેકનોલોજીથી નિર્મિત '3D પ્રિન્ટેડ નારાયણ મોડ્યુલર આર્ટિફિશિયલ લિમ્બ ફિટમેન્ટ શિબિર અને ભામાશાહ સન્માન સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પદ્મશ્રી કૈલાશ માનવ અને તેમના પરિવારના 40 વર્ષના સેવા સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે પોતાના એક સૈન્ય સંબંધીના દિવ્યાંગ બાળકની ઉદયપુરમાં થયેલી સારવારના વ્યક્તિગત અનુભવનું વર્ણન કર્યું હતું. તેમણે જણાવ્યું કે દિવ્યાંગજનોનો ટેકો બનવું એ એક અનોખી સમાજ સેવા છે. આવા કાર્યોથી દિવ્યાંગોના આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, સંસ્થા માત્ર આધુનિક ટેકનોલોજી દ્વારા નિઃશુલ્ક કૃત્રિમ અંગો જ નથી આપતી, પરંતુ કૌશલ્ય વિકાસ દ્વારા દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવી 'નર સેવા એ જ નારાયણ સેવા'ના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે. આ પવિત્ર કાર્યને વધુ વ્યાપક બનાવતા દાતાશ્રીઓની સરાહના કરીને રાજ્યપાલશ્રીએ સંસ્થાને રૂપિયા 5 લાખનું અનુદાન આપવાની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે ગુજરાતના પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ડિરેક્ટર શ્રીમતી વંદના અગ્રવાલ અને મુંબઈ શાખાના અધ્યક્ષ શ્રી મહેશ અગ્રવાલ, ઈંગરસોલ રેન્ડ ઈન્ડિયા લિમિટેડના સીએમડી શ્રી સુનીલ ખંડુજા, જાણીતા સમાજસેવકો શ્રી શૈલેષચંદ્ર પરમાર અને શ્રી મદનલાલ ગુપ્તા તેમજ નારાયણ સેવા સંસ્થાનના સંરક્ષક શ્રી સત્યભૂષણ જૈન, આમંત્રિત મહેમાનો તથા વિવિધ જગ્યાએથી પધારેલા દિવ્યાંગજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે ઠગાઈ: આરોપીઓએ 21.86 લાખની સાડીઓનો માલ ખરીદી પૈસા ન ચૂકવ્યા

**સુરત, તા.06**



સુરતના જાણીતા ટેક્સટાઈલ માર્કેટના વેપારી પાસેથી કુલ 21,86,513ની કિંમતની સાડીઓનો જથ્થો મેળવી નાણાં ન ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવાના ગુનામાં સલાબતપુરા પોલીસને મોટી સફળતા મળી છે. આ ગંભીર આર્થિક ગુનો આચરીને છેલ્લા 2 મહિનાથી પોલીસને થાપ આપી અલગ-અલગ જગ્યાએ નાસતા ફરતા 2 વોન્ટેડ આરોપીઓને સલાબતપુરા પોલીસની ટીમે બાતમીના આધારે છેક રાજસ્થાનના જયપુર ખાતેથી દબોચી લીધા છે. આ ઠગાઈના ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી નાયબ પોલીસ કમિશનર ઝોન-2 ડો. કાનન દેસાઈના સીધા સુપરવિઝન હેઠળ એક 'સ્પેશિયલ ટીમ' તૈયાર કરવામાં આવી હતી. મદદનીશ પોલીસ કમિશનર 'સી' ડિવિઝન ચિરાગ વાડદોરીયા અને સલાબતપુરા પી.આઈ. આર.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ઉચ્ચ અધિકારીઓની મંજૂરી મેળવી રાજસ્થાન ખાતે ધામા નાખ્યા હતા. જયપુરમાં આરોપીઓના તમામ સંભવિત છુપાવાના સ્થળો પર સતત વોચ રાખીને ટીમે આખરે બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસ પકડમાં આવેલા આરોપીઓમાં દિનેશકુમાર સીયારામ શર્મા (ઉ.વ. 30) અને મુકેશકુમાર સીયારામ શર્મા (ઉ.વ. 45) (બંને રહે. એ/65, બાલાજી વાટિકા, આગરા રોડ, પાલડી મીના કોલોની, લુણિયાવાસ, જયપુર, રાજસ્થાન) નો સમાવેશ થાય છે. સલાબતપુરા પોલીસે બંને આરોપીઓને જયપુરથી સુરત લાવી વેપારીના બાકી નાણાં અને આ મામલે સંડોવાયેલા અન્ય તત્વો અંગે આગળની કાયદેસરની કડક પૂછપરછ અને તપાસ હાથ ધરી છે. આ ઠગાઈના ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી નાયબ પોલીસ કમિશનર ઝોન-2 ડો. કાનન દેસાઈના સીધા સુપરવિઝન હેઠળ એક 'સ્પેશિયલ ટીમ' તૈયાર કરવામાં આવી હતી. મદદનીશ પોલીસ કમિશનર 'સી' ડિવિઝન ચિરાગ વાડદોરીયા અને સલાબતપુરા પી.આઈ. આર.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ઉચ્ચ અધિકારીઓની મંજૂરી મેળવી રાજસ્થાન ખાતે ધામા નાખ્યા હતા. જયપુરમાં આરોપીઓના તમામ સંભવિત છુપાવાના સ્થળો પર સતત વોચ રાખીને ટીમે આખરે બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ પકડમાં આવેલા આરોપીઓમાં દિનેશકુમાર સીયારામ શર્મા (ઉ.વ. 30) અને મુકેશકુમાર સીયારામ શર્મા (ઉ.વ. 45) (બંને રહે. એ/65, બાલાજી વાટિકા, આગરા રોડ, પાલડી મીના કોલોની, લુણિયાવાસ, જયપુર, રાજસ્થાન) નો સમાવેશ થાય છે.

# ઓનલાઈન પ્રોડક્ટ ખરીદતા પહેલાં સાવધાન!

## એમેઝોનના 5 ડિલિવરી બોય્ઝે ઓરિજિનલ પાર્સલ સાથે છેડછાડ કરી કસ્ટમરને નકલી માલ પધરાવ્યો

**સુરત, તા.06**



સુરત શહેરમાં ઓનલાઈન ખરીદીના વધતા ક્રેઝ વચ્ચે ગ્રાહકોના વિશ્વાસ સાથે ખુલ્લેઆમ છેતરપિંડી આચરતા કૌભાંડનો પાલ પોલીસે પર્દાફાશ કર્યો છે. ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી મોંઘા ગેજેટ્સ ઓર્ડર કરનારા ગ્રાહકો સુધી સાચો માલ પહોંચે તે પૂર્વે જ પાર્સલ સાથે ચેડાં કરી અસલી માલ સેરવી લેતી ડિલિવરી બોય્ઝની આખી ટોળકી ઝડપાઈ ગઈ છે.

એમેઝોન માટે ડિલિવરીનું કામ સંભાળતા પાંચ કર્મચારીઓ અસલી પ્રોડક્ટ પોતાની પાસે રાખી તેની જગ્યાએ સરખા વજન અને દેખાવવાળી ડમી વસ્તુઓ પેક કરી ગ્રાહકોને પધરાવી દેતા હતા. કંપનીની આંતરિક તપાસ બાદ પાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ગણતરીના કલાકોમાં પાંચેય આરોપીઓને ઝડપી પાડી આશરે 3.15 લાખથી વધુની કિંમતના અસલી ગેજેટ્સ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

સમગ્ર કૌભાંડની વિગતો મુજબ એમેઝોનની ડિલિવરી પાર્ટનર તરીકે કાર્યરત ઈન્ટેશ ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ પ્રા.લિ. કંપની મારફતે શહેરના વિવિધ વિસ્તારોમાં પાર્સલની ડિલિવરી કરવામાં આવતી હતી. છેલ્લા કેટલાક સમયથી મોંઘી ઈલેક્ટ્રોનિક આઈટમ્સ મંગાવનારા ગ્રાહકોને ઓરિજિનલ માલના બદલે નકલી કે ડમી વસ્તુઓ મળી રહી હોવાની ગંભીર ફરિયાદો કંપનીના કસ્ટમર કેર સુધી પહોંચી હતી.

આ મામલે કંપનીએ પોતાના વેરહાઉસ અને ડિલિવરી ચેઈનનું ઊંડાણપૂર્વક ઓડિટ કરતાં ડિલિવરી સાથે સંકળાયેલા કેટલાક કર્મચારીઓની ગતિવિધિ શંકાસ્પદ જણાઈ હતી. કંપનીના ઓરિજિનલ પેકિંગ સાથે છેડછાડ કરી કિંમતી સામાન ચોરી લેવામાં આવતો હોવાની સંપૂર્ણ પુષ્ટિ થયા બાદ, કંપનીના ડિજિટલ એસોસિએટ મેનેજરે પાલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી.

પાલ પોલીસ ઈન્સ્પેક્ટર બી. એ. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે ટેક્નિકલ એનાલિસિસ અને ગુપ્ત બાતમીના આધારે તપાસ શરૂ કરી ત્યારે આરોપીઓની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આરોપીઓ ગ્રાહકના સરનામે પાર્સલ પહોંચાડતા પહેલાં એકાંત સ્થળે જઈને ખાસ પ્રકારના કેમિકલ કે લિક્વિડની મદદથી બોક્સનું અસલી કંપની સીલિંગ સહેજ પણ તૂટે નહીં તે રીતે ચાલાકીપૂર્વક ખોલી નાખતા હતા.

ત્યારબાદ અંદર રહેલી અસલી મોંઘી પ્રોડક્ટ બહાર કાઢી લઈ તેના વજન અને કદ જેવી જ નકામી કે ડમી વસ્તુઓ અંદર ગોઠવીને પેકિંગને ફરીથી મૂળ સ્થિતિમાં ચોંટાડી દેતા હતા, જેથી ગ્રાહક કે કંપનીને પ્રથમ નજરે કોઈ શંકા ન જાય. સર્વેલન્સ ટીમે સફળતાપૂર્વક છાપો મારીને આ કૌભાંડમાં સામેલ જય બાબુભાઈ વીરાસ, નિખિલ પ્રવીણ મોરડીયા, વિવેક ઉર્ફે રોહિત ખટીક, વિકાસ માંગીલાલ ખટીક તેમજ નીરજ રામહિત કુશવાહ નામના પાંચેય આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસે આરોપીઓના કબજામાંથી 1,51,042ની કિંમતનો એક Apple iPhone 17 Pro (1 TB) તેમજ 1,64,430 ની કિંમત ધરાવતી SanDisk Extreme Portable External SSD (3 TB / 1050 MB/s) મળી કુલ 3,15,472 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓ આ અસલી માલ બજારમાં ઊંચા ભાવે વેચીને ઝડપી પૈસા કમાવવાની ફિરાકમાં હતા. હાલ પાલ પોલીસે તમામ પાંચેય આરોપીઓની ધરપકડ કરી તેઓએ અગાઉ કેટલા ગ્રાહકો સાથે આ પ્રકારની છેતરપિંડી આચરી છે અને ચોરાયેલો સામાન ખરીદનારા અન્ય કોઈ વચેટિયા સામેલ છે કે કેમ તે દિશામાં કડક પૂછપરછ હાથ ધરી છે. પાલ પોલીસ ઈન્સ્પેક્ટર બી. એ. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે ટેક્નિકલ એનાલિસિસ અને ગુપ્ત બાતમીના આધારે તપાસ શરૂ કરી ત્યારે આરોપીઓની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આરોપીઓ ગ્રાહકના સરનામે પાર્સલ પહોંચાડતા પહેલાં એકાંત સ્થળે જઈને ખાસ પ્રકારના કેમિકલ કે લિક્વિડની મદદથી બોક્સનું અસલી કંપની સીલિંગ સહેજ પણ તૂટે નહીં તે રીતે ચાલાકીપૂર્વક ખોલી નાખતા હતા.

ત્યારબાદ અંદર રહેલી અસલી મોંઘી પ્રોડક્ટ બહાર કાઢી લઈ તેના વજન અને કદ જેવી જ નકામી કે ડમી વસ્તુઓ અંદર ગોઠવીને પેકિંગને ફરીથી મૂળ સ્થિતિમાં ચોંટાડી દેતા હતા, જેથી ગ્રાહક કે કંપનીને પ્રથમ નજરે કોઈ શંકા ન જાય. સર્વેલન્સ ટીમે સફળતાપૂર્વક છાપો મારીને આ કૌભાંડમાં સામેલ જય બાબુભાઈ વીરાસ, નિખિલ પ્રવીણ મોરડીયા, વિવેક ઉર્ફે રોહિત ખટીક, વિકાસ માંગીલાલ ખટીક તેમજ નીરજ રામહિત કુશવાહ નામના પાંચેય આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસે આરોપીઓના કબજામાંથી 1,51,042ની કિંમતનો એક Apple iPhone 17 Pro (1 TB) તેમજ 1,64,430 ની કિંમત ધરાવતી SanDisk Extreme Portable External SSD (3 TB / 1050 MB/s) મળી કુલ 3,15,472 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# સુરતમાં ડેપ્યુટી CM હર્ષ સંઘવીની ગર્જના: પહેલાં બીજા રાજ્યના લોકો ખમણ-ઢોકળા કહીને મજાક ઉડાવતા, હવે એ જ ગુજરાતીઓ ભુક્કા બોલાવે છે

**સુરત, તા.06**

સુરત ખાતે આયોજિત ડાયનેમિક વોરિયર એકેડેમીના પ્રતિષ્ઠિત 'વોરિયર સાઈનિંગ સ્ટાર એવોર્ડ એન્ડ બ્લેક બેલ્ટ સેરેમની' સમારોહમાં ઉપસ્થિત રહીને તેમણે રમતગમત ક્ષેત્રે ગુજરાતના અભૂતપૂર્વ પરિવર્તન અને ખેલાડીઓની ઝળહળતી સિદ્ધિઓ અંગે મોટું નિવેદન આપ્યું હતું.

મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ખેલાડીઓ, કોચ અને વાલીઓને સંબોધતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્યમાં વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ કલ્ચર ઊભુ કરવા માટે સરકાર કોઈપણ પ્રકારની કસર છોડશે નહીં. આ તકે તેમણે ખેલાડીઓને વૈશ્વિક સ્પર્ધાઓ માટે તૈયાર કરવા સેન્ટર ઓફ એક્સિલન્સમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સ્પોર્ટ્સ સાયન્સ આધારિત આધુનિક તાલીમ આપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

ભૂતકાળના દિવસોને યાદ કરતાં તેમણે એક અત્યંત માર્મિક અને પ્રેરક પ્રસંગ વર્ણવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આજથી બે દાયકા પહેલાં જ્યારે ગુજરાતના રમતવીરો રાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટ્સમાં ભાગ લેવા જતા ત્યારે અન્ય રાજ્યના લોકો તેમની સામે જોઈને 'ખમણ, ઢોકળા, ફાફડા અને જલેબી' કહીને મજાક ઉડાવતા હતા. જોકે, આજે એ જૂની માનસિકતા ધ્વસ્ત થઈ ચૂકી છે અને એ જ ગુજરાતના ખેલાડીઓ આજે દેશના ખૂણે-ખૂણે મેદાનમાં ઉતરીને ઉત્કૃષ્ટ પ્રદર્શનથી ભુક્કા બોલાવી રહ્યા છે અને અગણિત મેડલ્સ જીતીને રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે. ગુજરાતીઓ માત્ર વેપાર-ધંધામાં જ નહીં પરંતુ, સ્પોર્ટ્સના મેદાનમાં પણ અગ્રેસર રહી શકે છે તે આ ખેલાડીઓએ પોતાના પરસેવાથી સાબિત કરી બતાવ્યું છે.

રાજ્ય સરકારના આગામી સ્પોર્ટ્સ વિઝનની રૂપરેખા રજૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે, રમતગમત ક્ષેત્રે અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવા માટે



ગુજરાત દેશભરમાં ખેલાડીઓ પાછળ સૌથી વધુ બજેટ અને ફંડ ફાળવનારું અગ્રેસર રાજ્ય બન્યું છે. ખાસ કરીને તાઈકવાન્ડો, કરાટે અને માર્શલ આર્ટ્સ જેવી રમતોમાં યુવા પ્રતિભાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ જરૂરી નાણાકીય અનુદાન અને માળખાકીય સપોર્ટ પૂરો પાડવામાં આવશે. રાજ્યના સ્પોર્ટ્સ કલ્ચરને આગળ ધપાવવામાં દિવસ-રાત પરિશ્રમ કરી રહેલા કોચ, રમત સંગઠનો અને વાલીઓના અમૂલ્ય યોગદાનની પણ તેમણે સરાહના કરી હતી.

સમારોહના સમાપન સમયે તેમણે યુવા ખેલાડીઓને જીવનમાં સંસ્કાર અને વિનમ્રતા જાળવી રાખવાની હૃદયસ્પર્શી શિખામણ આપી હતી. તેમણે ભાવુક અપીલ કરતાં કહ્યું હતું કે સખત મહેનતના બળે જીવનમાં અનેક મેડલ્સ અને એવોર્ડ્સ પ્રાપ્ત થશે, પરંતુ મોટી સફળતા મળ્યા પછી પણ ક્યારેય અહંકાર ન કરવો અને હંમેશા જમીન સાથે જોડાયેલા રહેવું. ખેલાડીને પોડિયમ પર વિજયી મુદ્રામાં જોવા પાછળ માતા-પિતાએ પોતાનું સમગ્ર જીવન અને લોહી-પરસેવો વહાવ્યો હોય છે, તેથી કારકિર્દીની ગમે તેવી ઊંચાઈએ પહોંચ્યા પછી પણ પોતાના માતા-પિતા પ્રત્યેનો આદરભાવ અને સંસ્કારો ક્યારેય વિસરાવા ન જોઈએ. ભૂતકાળના દિવસોને યાદ કરતાં તેમણે એક અત્યંત માર્મિક અને પ્રેરક પ્રસંગ વર્ણવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આજથી બે દાયકા પહેલાં જ્યારે ગુજરાતના રમતવીરો રાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટ્સમાં ભાગ લેવા જતા ત્યારે અન્ય રાજ્યના લોકો તેમની સામે જોઈને 'ખમણ, ઢોકળા, ફાફડા અને જલેબી' કહીને મજાક ઉડાવતા હતા. જોકે, આજે એ જૂની માનસિકતા ધ્વસ્ત થઈ ચૂકી છે અને એ જ ગુજરાતના ખેલાડીઓ આજે દેશના ખૂણે-ખૂણે મેદાનમાં ઉતરીને ઉત્કૃષ્ટ પ્રદર્શનથી ભુક્કા બોલાવી રહ્યા છે અને અગણિત મેડલ્સ જીતીને રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે. ગુજરાતીઓ માત્ર વેપાર-ધંધામાં જ નહીં પરંતુ, સ્પોર્ટ્સના મેદાનમાં પણ અગ્રેસર રહી શકે છે તે આ ખેલાડીઓએ પોતાના પરસેવાથી સાબિત કરી બતાવ્યું છે.

રાજ્ય સરકારના આગામી સ્પોર્ટ્સ વિઝનની રૂપરેખા રજૂ કરતાં તેમણે જણાવ્યું હતું કે, રમતગમત ક્ષેત્રે અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવા માટે ગુજરાત દેશભરમાં ખેલાડીઓ પાછળ સૌથી વધુ બજેટ અને ફંડ ફાળવનારું અગ્રેસર રાજ્ય બન્યું છે. ખાસ કરીને તાઈકવાન્ડો, કરાટે અને માર્શલ આર્ટ્સ જેવી રમતોમાં યુવા પ્રતિભાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ જરૂરી નાણાકીય અનુદાન અને માળખાકીય સપોર્ટ પૂરો પાડવામાં આવશે.

## સુરત સિવિલ હોસ્પિટલમાં રખડતા શ્વાનનો બાળક પર હુમલો: PM રૂમ બહાર બાંકડા પર શ્વાનનો આરામ

**સુરત, તા.06**

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં રખડતા શ્વાનનો આતંક વધી ગયો છે. હોસ્પિટલના પોસ્ટમોર્ટમરૂમ બહાર બનાવવામાં આવેલા શેડ પાસે પરિવાર સાથે ઊભેલા એક બાળક પર રખડતા શ્વાને અચાનક હુમલો કરી દીધો હતો. PM રૂમ બહાર જ બેથી ત્રણ કૂતરાઓ આરામથી ફરી રહ્યા હતા અને તેમાંથી એક શ્વાને બાળકને નિશાન બનાવતાં પરિસરમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

શ્વાને બાળક પર હુમલો કરતાની સાથે જ બાળકે ચીસાચીસ કરી મૂકી હતી. આ અવાજ સાંભળી આસપાસ હાજર લોકો અને સુરક્ષાકર્મીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ સમયસૂચકતા વાપરી શ્વાનને ભગાડી મુકતાં બાળકને લોહીલુહાણ થતાં કે ગંભીર ઈજા પહોંચતાં બચાવી લેવાયો હતો. પરિજનો સારવાર માટે હોસ્પિટલ આવ્યા હતા, પરંતુ ત્યાં જ બાળક પર આવી આફત આવી પડતાં પરિવારજનો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે પોસ્ટમોર્ટમ રૂમ બહાર મૃતકના પરિજનો માટે બેસવા જે બાંકડા મુકાયા છે, તેના પર રખડતા શ્વાનો આરામ ફરમાવતા નજરે પડે છે. પરિસરમાં કોઈ પણ પ્રકારના ડર વગર શ્વાનોનું ઝુંડ વિહાર કરે છે. દર્દીઓની સારવાર અને સ્વચ્છતા માટે જાણીતી હોસ્પિટલમાં જ આ પ્રકારની સ્થિતિ નિર્માણ થતાં અહીં સારવાર માટે આવતા દર્દીઓ અને તેમના સ્વજનોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ ઘટના બાદ સિવિલ હોસ્પિટલના વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સુરક્ષા અને વ્યવસ્થાના દાવા વચ્ચે રખડતા કૂતરાઓ હોસ્પિટલના અંદરના ભાગો સુધી કેવી રીતે પહોંચી જાય છે તે મોટો પ્રશ્ન છે. દર્દીઓ અને સ્થાનિક લોકોએ હોસ્પિટલ પરિસરમાંથી રખડતા શ્વાનોને પકડીને તાત્કાલિક સુરક્ષિત રીતે દૂર કરવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં કોઈ નિર્દોષ દર્દી કે બાળક ગંભીર અકસ્માતનો ભોગ ન બને.

# એશિયા કપમાં પાકિસ્તાનને 55 રનમાં સમેટીને ભારતીય વિમેન્સનો ભવ્ય વિજય

## એશિયા કપ ટી20માં ભારતનો સાત વિકેટે વિજય, પ્રેમા રાવત અને શ્રી ચરણીનો બોલિંગ તરખાટ

**દુબઈ, તા.06**

બોલર પ્રેમા રાવલ અને શ્રી ચરણીએ બોલિંગમાં તરખાટ મચાવતાં એશિયા કપ ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં શનિવાર પાકિસ્તાન વિમેન્સ ટીમને માત્ર 55 રનમાં કચડી નાખીને હરમનપ્રિત કૌરની ભારતીય વિમેન્સ ટીમે સાત વિકેટે વિજય હાંસલ કર્યો હતો.



પાકિસ્તાને ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો જે ખોટો પુરવાર થયો હતો કેમ કે તેની એકેય બેટર ટકી શકી ન હતી. ઓપનર મુનીબાએ 13 અને શાવાલ ઝુલ્ફીકારે 14 રન ફટકાર્યા તે સિવાયની એકેય બેટર ડબલ ફિગર સુધી પહોંચી શકી ન હતી. પાકિસ્તાની વિમેન્સ ટીમ18.1 ઓવરમાં માત્ર 55 રન કરી શકી હતી. વિમેન્સ ટી20ના ઈતિહાસમાં પાકિસ્તાનનો આ સૌથી કંગાળ સ્કોર હતો. જવાબમાં ભારતીય વિમેન્સ ટીમે પણ વિકેટો ગુમાવી હતી પરંતુ અંતે 8.4 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને તેણે વિજય હાંસલ કરી લીધો હતો. આ સાથે ભારત પોઈન્ટ ટેબલમાં મોખરે પહોંચી ગયું હતું.

56 રનના ટારગેટ સામે રમતાં ભારતે શરૂઆતમાં જ શેફાલી વર્માની વિકેટ ગુમાવી હતી. તેણે ઈનિંગ્સના પહેલાં જ બોલે સિક્સર ફટકારી હતી તો 12 રનની ઈનિંગ્સ દરમિયાન કારકિર્દીના 3000 રન પૂરાં કર્યાં હતા. આમ કરનારી તે વિશ્વની સૌથી યુવાન બેટર બની હતી અને ભારત માટે મંધાના અને હરમનપ્રિત કૌર બાદ 3000 રન કરનારી ત્રીજી બેટર બની હતી. ભારતીય બોલિંગમાં શ્રીચરણીએ સાત અને પ્રેમા રાવતે નવ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

પાકિસ્તાની વિમેન્સ ક્રિકેટ ટીમ શનિવારે ભારત સામે માત્ર 55 રનમાં આઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાનનો આ સૌથી કંગાળ સ્કોર હતો. પાકિસ્તાન વિમેન્સના ટી20માં સૌથી ઓછા સ્કોર.55 વિ. ભારત,દુબઈ, 2026, 56 વિ. ન્યૂઝીલેન્ડ, દુબઈ, 2024, 60 વિ. ઈંગ્લેન્ડ, ટોન્ટન, 2009, 63, વિ. ભારત, ગ્વાંગઝુ, 2012, 65 વિ. વેસ્ટ ઈન્ડિઝ, સેંટ એન્ડ્ર્યુ, 2011. 72 વિ. શ્રીલંકા, કોલંબો, 2018.

ભારતની ઓપનર શેફાલી વર્માએ શનિવારે પાકિસ્તાન સામે 12 રન કર્યા હતા. આ દરમિયાન તેણે ટી20 કારકિર્દીના 3000 રન પૂરા કર્યા હતા. આમ કરનારી તે સ્મૃતિ મંધાના અને હરમનપ્રિત કૌર બાદ ત્રીજી ભારતીય વિમેન્સ ક્રિકેટર બની હતી. તેમાં. તેણે 22 વર્ષ અને 220 દિવસની વયે આ સિદ્ધિ હાંસલ કરી હતી. આમ ટી20માં 3000 રન કરનારી વિશ્વની સૌથી યુવાન બેટર બની હતી.

# વૈભવ સૂર્યવંશી અને તિલક વર્મા વચ્ચે મેદાનમાં ઝઘડો!

## સ્લેજિંગ બાદ મામલો ગંભીર થતાં અમ્પાયર્સ વચ્ચે પડ્યાં



**નવી દિલ્હી, તા.06**

ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન વચ્ચે ચેન્નાઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી દુલીપ ટ્રોફી (2026-27)ની ફાઈનલ મેચ દરમિયાન મેદાન પર વાતાવરણ ભારે ગરમ થઈ ગયું હતું. સાઉથ ઝોનના કેપ્ટન તિલક વર્મા અને ઈસ્ટ ઝોનના યુવા વાઈસ કેપ્ટન વૈભવ સૂર્યવંશી વચ્ચે બોલાચાલી થતાં વિવાદ સર્જાયો હતો. મામલો એટલો વધી ગયો હતો કે બંને વચ્ચે વાત અમ્પાયર સુધી પહોંચી ગઈ હતી, જેના કારણે સ્થિતિ થાળે પાડવા અમ્પાયરે વચમાં આવી બચાવ કરવો પડ્યો હતો.

અહેવાલો અનુસાર, મેચ દરમિયાન બેટિંગ કરી રહેલા કે રમતના કોઈ ચોક્કસ તબક્કે તિલક વર્માએ 16 વર્ષીય યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને લક્ષ્ય બનાવી સ્લેજિંગ કરતાં ટિપ્પણી કરી હતી. તિલકે વૈભવને કહ્યું હતું કે, 'ક્યા યાર, યે વાઈસ કેપ્ટન.' આ ટિપ્પણી સાંભળીને વૈભવ પણ શાંત રહ્યો નહોતો અને તેણે તિલકને વળતો જવાબ આપ્યો હતો.

બંને ખેલાડીઓ એકબીજાની નજીક આવી ગયા હતા અને તેની વચ્ચે ઉગ્ર તુ-તુ-મેં-મેં શરૂ થઈ ગઈ હતી. સ્થિતિ વણસતી જોઈને મેદાન પર હાજર અમ્પાયરોએ ત્વરિત હસ્તક્ષેપ કર્યો હતો અને બંને ખેલાડીઓને અટકાવી મામલો શાંત પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ બંને ખેલાડીઓ ભારતીય ટી20 ટીમનો પણ ભાગ છે, તેવામાં ઘરેલું ક્રિકેટની ફાઈનલ મેચમાં આ પ્રકારે સામસામે આવી જવાની ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

# એશિયન ગેમ્સમાં નીરજ ચોપરાને સ્થાને યશવીર ભાગ લેશે.......

**લુધિયાણા, તા.06**

કોમનવેલ્થ ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા જ્વેલિન થ્રોઅર યશવીર સિંહે જાપાનમાં યોજાનારી આગામી એશિયન ગેમ્સ માટે ભારતીય એથ્લેટિક્સ ટીમમાં ઈજાગ્રસ્ત નીરજ ચોપરાનું સ્થાન લીધું છે, જ્યારે લાંબા અંતરના દોડવીર અભિષેક પાલને NADA દ્વારા કથિત ડોપિંગ ગુના માટે નોટિસ ફટકારવામાં આવ્યા બાદ ટીમમાંથી દૂર કરવામાં આવ્યો છે.




એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (AFI) એ ગુરુવારે લુધિયાણામાં આઈચી-નાગોયા (જાપાન) ખાતે યોજાનારી એશિયન ગેમ્સ માટે 77 સદસયની ભારતીય ટ્રેક એન્ડ ફીલ્ડ ટીમની જાહેરાત કરી હતી. એશિયન ગેમ્સ 19મી સપ્ટેમ્બરથી ચોથી ઓક્ટોબર દરમિયાન યોજાશે. લુધિયાણા હાલમાં નેશનલ યૂથ ચેમ્પિયનશિપનું આયોજન કરી રહ્યું છે. ગ્લાસગોમાં તાજેતરમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન ઈજા થતાં પુરુષોના 110 મીટર હર્ડલર તેજસ શિરસેને પણ ટીમમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. AFI ના પ્રમુખ બહાદુર સિંહ સાગુએ જણાવ્યું હતું કે, "અમે નીરજ ચોપરાના સ્થાને યશવીરને લાવ્યા છીએ જે હાલમાં ઈજાગ્રસ્ત છે અને યશવીર CWG મેડલ વિજેતા છે. આ ઈજાને કારણે કરાયેલો ફેરફાર હતો તેથી (યશવીરના ટીમમાં આવવામાં) કોઈ સમસ્યા ન હતી." તેમણે વધુમાં ઉમેર્યું, "લાંબા અંતરના દોડવીર અભિષેક પાલને તે જે સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે તેને કારણે ટીમમાંથી દૂર કરવામાં આવ્યો છે. તેથી એશિયન ગેમ્સ માટે આ ફાઈનલ ટીમ છે." ગયા મહિને, નેશનલ એન્ટિ-ડોપિંગ એજન્સી (NADA) દ્વારા અભિષેકના ડોપ સેમ્પલમાં મહિલા ફર્ટિલિટી ડ્રગ મળી આવ્યા બાદ તેમોને નોટિસ આપવામાં આવી હતી.

# PCB એ પાકિસ્તાની ખેલાડીઓના મોબાઈલ જપ્ત કરતા હડકંપ, શું કોઈ ફિક્સિંગનો મામલો છે?

**ઈસ્લામાબાદ, તા.06**

ઈંગ્લેન્ડ પ્રવાસ પર રહેલી પાકિસ્તાની ક્રિકેટ ટીમ પહેલાથી જ અનેક પડકારોનો સામનો કરી રહી છે. હવે એજબેસ્ટનમાં રમાનારી સિરીઝની ત્રીજી અને આખરી ટેસ્ટ પહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) દ્વારા ટીમના કેટલાક ખેલાડીઓના મોબાઈલ ફોન પોતાના કબજામાં લેવામાં આવ્યા છે. આ ફોન આખરી ટેસ્ટ પૂરી થાય ત્યાં સુધી બોર્ડ પાસે જ રહેશે. જોકે, કયા ખેલાડીઓના ફોન લેવામાં આવ્યા છે અને બોર્ડે આ પ્રકારનું પગલું કેમ ભર્યું છે, તેને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર જાણકારી આપવામાં આવી નથી.



પાકિસ્તાની સમાચાર ચેનલના અહેવાલો મુજબ, ટીમના સભ્યોના મોબાઈલ ફોન પીસીબીને સોંપવામાં આવ્યા છે. પીસીબીએ પણ અત્યાર સુધી એ સ્પષ્ટ કર્યું નથી કે ફોન લેવા પાછળ કોઈ ટીમ પ્રોટોકોલ, શિસ્તબદ્ધ પ્રક્રિયા કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ. આ ઘટનાક્રમે ખેલાડીઓની ગોપનીયતા (પ્રાઈવસી) ને લઈને સૌથી મોટો સવાલ ઊભો કર્યો છે. ખાસ કરીને એ જાણવું મહત્ત્વપૂર્ણ છે કે કોઈપણ ખેલાડીનો ફોન કેટલા સમય સુધી પોતાની પાસે રાખી શકાય છે અને કઈ પરિસ્થિતિઓમાં તેની અંગત માહિતી સુધી પહોંચી શકાય છે.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના એન્ટી કરપ્શન કોડ મુજબ, તપાસ દરમિયાન અધિકૃત અધિકારીઓને ફોન સાથે જોડાયેલી વ્યાપક માહિતી માંગવાનો અધિકાર છે. જો અધિકારીઓ પાસે યોગ્ય આધાર હોય કે કોઈ ડિવાઈસમાં તપાસ માટે જરૂરી સામગ્રી હાજર છે, તો ખેલાડીને મોબાઈલ સોંપવા અથવા માહિતી ઉપલબ્ધ કરાવવા માટે કહી શકાય છે. જોકે, હજુ સુધી ન તો પીસીબીએ આવી કોઈ તપાસની પુષ્ટિ કરી છે અને ન તો કોઈપણ ખેલાડી પર સટ્ટાબાજી, મેચ ફિક્સિંગ કે ભ્રષ્ટાચાર સાથે જોડાયેલો કોઈ આરોપ મૂકવામાં આવ્યો છે.

# પત્ની અપરા મહેતાને 'સૌથી કદરૂપી મહિલા' કહી હોવાનો દાવો દર્શન જરીવાલાએ ફગાવ્યો

**મુંબઈ, તા.06**

બોલિવૂડના જાણીતા કલાકારો દર્શન જરીવાલા અને અપરા મહેતા છેલ્લાં 23 વર્ષથી અલગ રહે છે, જોકે બંનેએ સત્તાવાર રીતે છૂટાછેડા લીધાં નથી. આ વર્ષની શરૂઆતમાં અપરા મહેતાએ બંનેના અલગ થવાનું કારણ જણાવતાં દાવો કર્યો હતો કે દર્શને તેમને "સૌથી કદરૂપી મહિલા" કહી હતી. હવે દર્શન જરીવાલાએ આ દાવાને ફગાવી દીધો છે.



એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન દર્શન જરીવાલાએ કહ્યું કે સમય જતાં કોઈ વ્યક્તિની કોઈ ઘટના અંગેની યાદશક્તિ બદલાઈ શકે છે.

દર્શને કહ્યું, "જૂઠની કોઈ સીમા નથી. ન્યુરોલોજીમાં એક એવી ઘટના છે જેમાં સમય જતાં કોઈ વ્યક્તિની કોઈ ઘટના અંગેની યાદ બદલાઈ શકે છે. ઉદારતાથી કહું તો હું આને 'ફોલ્સ મેમરી'નો મામલો કહી શકું."

તેમણે વધુમાં કહ્યું, "જે રીતે આ વાત કહેવામાં આવી છે, એવું કંઈ બન્યું જ નહોતું. હું એવો માણસ નથી કે કોઈ સામાન્ય દેખાતી મહિલાને પણ 'તમે કદરૂપા છો' એવું કહું. આવી ટિપ્પણી કરવી જ મારા માટે અપ્રસ્તુત છે. હું મારી જાતને જેટલી ઓળખું છું, તેના આધારે હું વ્યક્તિ બહારથી કેવી દેખાય છે તેના કરતાં તે અંદરથી કેવી છે તેના વિશે વાત કરીશ. જો તે પોતાને પીડિત તરીકે રજૂ કરવા માગે છે તો તે તેવું કરવા સ્વતંત્ર છે. હું મારા જીવનમાં આગળ વધી ચુક્યો છું."

દર્શને એવો પણ દાવો કર્યો હતો કે 'ક્યૂંકિ સાસ ભી કભી બહુ થી'માં પોતાનું સ્થાન કોઈ બીજી વ્યક્તિ લઈ શકે છે એવી સંભાવનાથી અપરા અસુરક્ષિત અનુભવતી હોય શકે છે અને કદાચ આ જ કારણસર તે ભારત પરત આવી હતી. જોકે, તેમણે કહ્યું કે તેઓ પોતાના જીવનમાં ખુશ છે. દર્શન 2010થી ઈન્ટિરિયર ડિઝાઈનર અને આર્કિટેક્ટ અનાહિતા ઈટાલિયા સાથે રહે છે.

દર્શને છૂટાછેડા અંગે જણાવ્યું કે તેમણે ડિવોર્સ માટે અરજી કરી હતી, પરંતુ અપરાએ છેલ્લી ઘડીએ પોતાની સંમતિ પાછી ખેંચી લેતાં જજ દ્વારા અરજી નામંજૂર કરવામાં આવી હતી.

દર્શને કહ્યું, "મેં છૂટાછેડાના કાગળો દાખલ કર્યા હતા, પરંતુ જજે અરજી ફગાવી દીધી. તેણે પોતાની સંમતિ આપી નહોતી. તે છૂટાછેડા માટે તૈયાર થઈ હતી, પરંતુ જજ સમક્ષ છેલ્લી ઘડીએ તેણે પોતાનો નિર્ણય બદલી નાખ્યો. કદાચ તે પોતાને એક સારી અને અન્યાયનો ભોગ બનેલી વ્યક્તિ તરીકે રજૂ કરી રહી છે."

તેમણે વધુમાં કહ્યું, "હું માત્ર એક બેગ લઈને ત્યાંથી નીકળી ગયો હતો અને સાંતાક્રુઝમાં મારું ઘર મેં તેને અને મારી દીકરીને આપી દીધું હતું. મારી પાસે તેને આપવા માટે એટલું જ હતું. જો કોઈએ ભરણપોષણની માંગણી કરવાની હોય તો એ સંજોગોમાં કદાચ મારે કરવાની હતી. પરંતુ એવું કંઈ થયું નહીં."

# સોનલ ચૌહાણના 'ઘૂમ ઘૂમ' ગીતનું શૂટિંગ મુશ્કેલ હવામાનમાં ત્રણ દિવસ ચાલ્યું.....

**મુંબઈ, તા.06**

'મિર્ઝાપુર: ધ મૂવી'ની રિલીઝને લઈને દર્શકોમાં ભારે ઉત્સુકતા છે. 4 સપ્ટેમ્બર, 2026ના રોજ હિન્દી અને તેલુગુમાં થિયેટરમાં રિલીઝ થનારી આ ફિલ્મમાં અભિનેત્રી સોનલ ચૌહાણની પણ એન્ટ્રી થઈ રહી છે. સોનલ ફિલ્મમાં મુમતાઝ બીબીનું પાત્ર ભજવી રહી છે.



મુંબઈમાં ફિલ્મના આલ્બમ લોન્ચ દરમિયાન સોનલે 'મિર્ઝાપુર' જેવી લોકપ્રિય અને પહેલેથી જ સ્થાપિત પાત્રો ધરાવતી ફ્રેન્ચાઈઝીનો હિસ્સો બનવાના પોતાના અનુભવ કહ્યું, "જ્યારે મને પહેલીવાર ખબર પડી કે હું 'મિર્ઝાપુર: ધ મૂવી'ની દુનિયાનો ભાગ બનવાની છું ત્યારે હું ખૂબ જ ઉત્સાહિત હતી. પરંતુ સાથે જ આ અનુભવ થોડો પડકારજનક પણ હતો. 'મિર્ઝાપુર'માં ઘણા આઈકોનિક પાત્રો છે, જે પહેલેથી જ દર્શકો સાથે એક ખાસ સંબંધ બનાવી ચૂક્યા છે. તેથી હું થોડી નર્વસ હતી."

તેણે વધુમાં કહ્યું, "પરંતુ આ શોની ખાસિયત એ છે કે અમારા ડિરેક્ટર દરેક પાત્ર પર વિશેષ ધ્યાન આપે છે અને કોઈ પાત્ર સાથે ભેદભાવ કરતા નથી. પુનીત કૃષ્ણા અને ગુરમીત સિંહે મને મુમતાઝ બીબી તરીકે જોઈ એ વાતથી હું ખૂબ જ ઉત્સાહિત અને ખુશ હતી. શૂટિંગ દરમિયાન મને ખૂબ મજા આવી." સોનલે ફિલ્મના ગીત 'ઘૂમ ઘૂમ'ના શૂટિંગનો અનુભવ પણ શેર કર્યો હતો. આ ગીતનું શૂટિંગ ઠંડા હવામાન અને મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે સતત ત્રણ દિવસ સુધી કરવામાં આવ્યું હતું.

તેણે કહ્યું, "આ ગીતનું શૂટિંગ ખુબ મજેદાર હતું, પરંતુ એટલું જ પડકારજનક પણ હતું. ત્રણ દિવસના શૂટિંગ દરમિયાન હવામાન અને પરિસ્થિતિઓ ખૂબ મુશ્કેલ હતી. જોકે, મારી સાથે કેટલાક આઈકોનિક કલાકારો હતા, તેથી આ અનુભવ ચોક્કસપણે મજેદાર રહ્યો. હવે આ ગીત દર્શકોનું છે. મને આશા છે કે તેમને તે પસંદ આવશે."

# 'અસુર 3'માં અહસાસ ચન્નાની એન્ટ્રી, અર્શદ વારસી અને બરુણ સોબતી સાથે જોવા મળશે

## લોકપ્રિય ક્રાઈમ-થ્રિલર સિરીઝની ત્રીજી સિઝનનું શૂટિંગ શરૂ, 2027માં રિલીઝ થવાની શક્યતા

**મુંબઈ, તા.06**

અહસાસ ચન્ના લોકપ્રિય ક્રાઈમ-થ્રિલર સિરીઝ 'અસુર'ની ત્રીજી સિઝનમાં જોડાઈ છે. અહસાસે 'અસુર 3'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ સિઝનમાં તે અર્શદ વારસી, બરુણ સોબતી, રિદ્ધિ ડોગરા, અનુપ્રિયા ગોએન્કા, વિશેષ બંસલ અને શ્વેતા બસુ પ્રસાદ સહિત આ સિરીઝમાં પહેલાંથી જ રહેલાં કલાકારો સાથે સ્ક્રીન શેર કરશે. 'અસુર 3'નું શૂટિંગ હાલમાં ચાલી રહ્યું છે અને તે ડિસેમ્બર 2026 સુધી ચાલુ રહેવાની શક્યતા છે. મેકર્સ આ સિરીઝને 2027માં જિયોહોટસ્ટાર પર રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા હોવાના અહેવાલો છે. સિરીઝમાં જોડાવા અંગે અહસાસ ચન્નાએ કહ્યું, "હું 'અસુર 3'નો ભાગ બનીને ખુબ જ ઉત્સાહિત છું. હું આ શોની મોટી પ્રશંસક રહી છું, તેથી આ તક મારા માટે અવિશ્વસનીય છે. અર્શદ વારસી સર, બરુણ સોબતી અને રિદ્ધિ ડોગરા જેવા પ્રતિભાશાળી કલાકારો સાથે કામ કરવાની તક મળવી મારા માટે ખાસ છે. હું વચન આપું છું કે 'અસુર 3' થ્રિલ અને ઈન્ટેન્સિટીને અનેકગણી વધારશે."



'અસુર'ની પહેલી બે સિઝનનું ડિરેક્શન ઓની સેન દ્વારા કરવામાં આવ્યું હતું. જોકે, તેઓ હાલમાં 'ઓપરેશન સફેદ સાગર' સાથે સંકળાયેલા છે. હવે ત્રીજી સિઝનનું ડિરેક્શન ગૌરવ શુક્લા કરશે. ગૌરવ અગાઉની બંને સિઝનમાં લેખક તરીકે જોડાયેલા હતા અને હવે તેઓ ત્રીજી સિઝનનું ડિરેક્શન પણ કરશે. ક્રાઈમ, પૌરાણિક કથાઓ અને સાઈકોલોજિકલ થ્રિલરના તત્વોને જોડતી આ સિરીઝની અગાઉની બે સિઝનમાં બરુણ સોબતીના પાત્ર ફોરેન્સિક એક્સપર્ટ નિખિલ નાયર અને અર્શદ વારસીના પાત્ર સીબીઆઈ ઓફિસર ધનંજય રાજપૂતની આસપાસની વાર્તા જોવા મળી હતી. બંને એક પછી એક થઈ રહેલી હત્યાઓની તપાસ કરતા હતા, જેની પાછળ એક મોટા રહસ્યની કડી છુપાયેલી હતી. હવે અહસાસ ચન્નાના આગમન સાથે 'અસુર 3'માં વધુ એક મહત્વનું પાત્ર ઉમેરાયું છે.

# 'ટોક્સિક'નાં અંગ્રેજી વર્ઝનની શરમજનક શરૂઆત, સમગ્ર ભારતમાં 450 ટિકિટ વેચાઈ

## પહેલા દિવસે માત્ર 1.40 લાખની કમાણી, ગુરુગ્રામ-નોઈડામાં 25થી પણ ઓછી ટિકિટ વેચાઈ

**મુંબઈ, તા.06**

યશ સ્ટારર ફિલ્મ 'ટોક્સિક'નાં અંગ્રેજી વર્ઝનને ભારતમાં અત્યંત નિરાશાજનક પ્રતિસાદ મળ્યો છે. ફિલ્મનું અંગ્રેજી વર્ઝન 4 સપ્ટેમ્બરે દેશનાં થિએટર્સમાં રિલીઝ થયું હતું. જોકે, પહેલા જ દિવસે સમગ્ર ભારતમાં તેની માત્ર 450 જેટલી ટિકિટ વેચાઈ અને ફિલ્મે આશરે 1.40 લાખનું જ કલેક્શન કર્યું હતું.

'ટોક્સિક'નું ઓરિજિનલ કન્નડ વર્ઝન તેમજ હિન્દી, તમિલ, તેલુગુ અને મલયાલમ ડબ્ડ વર્ઝન 26 ઓગસ્ટે રિલીઝ થઈ ચૂક્યાં હતાં. ફિલ્મને મળેલા નબળા વર્ડ ઑફ માઉથ ઉપરાંત 'હનુમાન અંશ' અને 'મિર્ઝાપુર: ધ મૂવી' જેવી ફિલ્મોની સ્પર્ધાને કારણે અંગ્રેજી વર્ઝનને પણ ભારે અસર થઈ છે.



અંગ્રેજી વર્ઝનને ભારતમાં માત્ર ચાર શહેર–મુંબઈ, બેંગલુરુ, ગુરુગ્રામ અને નોઈડામાં કુલ 11 શો જ મળ્યા હતા. આ પૈકી મુંબઈ અને બેંગલુરુમાં દર્શકોની હાજરી પ્રમાણમાં સારી રહી, જ્યારે ગુરુગ્રામ અને નોઈડામાં 25થી પણ ઓછી ટિકિટ વેચાઈ હતી.

ફિલ્મની વર્તમાન સ્થિતિ જોતાં 5 સપ્ટેમ્બર શનિવાર અને 6 સપ્ટેમ્બર રવિવારે પણ તેના શો અને સ્ક્રીનિંગમાં ઘટાડો થવાની શક્યતા છે. આ જ સ્થિતિ રહી તો 'ટોક્સિક'નાં અંગ્રેજી વર્ઝનનું લાઈફટાઈમ કલેક્શન 10 લાખ સુધી પહોંચશે કે કેમ તે પણ સવાલ છે.

દરમિયાન, 4 સપ્ટેમ્બરે 'ટોક્સિક'નાં તમામ ભાષાના વર્ઝને મળીને આશરે 1.50થી 1.60 કરોડનું કલેક્શન કર્યું હોવાનું પ્રાથમિક અનુમાન છે. તેમાં કન્નડ વર્ઝનનું યોગદાન આશરે 75થી 80 લાખ અને હિન્દી વર્ઝનનું 70થી 75 લાખ રહ્યું છે.

'ટોક્સિક'ના હિન્દી વર્ઝનનું એક્સટેન્ડેડ પ્રથમ સપ્તાહનું કુલ કલેક્શન હવે 130.09 કરોડ થયું છે. 3 સપ્ટેમ્બર ગુરુવારની 2.54 કરોડની કમાણીની સરખામણીમાં 4 સપ્ટેમ્બરના કલેક્શનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હવે જોવાનું એ રહેશે કે ફિલ્મનું હિન્દી વર્ઝન 150 કરોડનો આંકડો પાર કરી શકે છે કે નહીં.

# FPIs એ ભારતીય બજારમાંથી ફરી પૈસા કાઢ્યા: સપ્ટેમ્બરનાં પહેલાં અઠવાડિયામાં ₹7,443 કરોડના શેર વેચ્યા

**મુંબઈ, તા.06**

સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો એટલે કે FPIsએ ભારતીય શેરબજારમાં વેચવાલીનો માર્ગ અપનાવ્યો છે. વિદેશી રોકાણકારોએ આ સમયગાળા દરમિયાન ભારતીય ઈક્વિટી બજારમાંથી 7,443 કરોડ પાછા ખેંચી લીધા છે.




ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજી, અમેરિકી બોન્ડ યીલ્ડમાં વધારો અને મજબૂત થતા ડોલરને કારણે વિદેશી રોકાણકારોની જોખમ લેવાની વૃત્તિ ઓછી થઈ છે. આ પહેલા સતત બે મહિના - જુલાઈમાં 20,200 કરોડ અને ઓગસ્ટમાં 29,600 કરોડ સુધી FPIsએ ભારતીય બજારોમાં ભારે ખરીદી કરી હતી.

જુલાઈ અને ઓગસ્ટની ખરીદી પહેલા, માર્ચથી જૂન સુધી સતત ચાર મહિના સુધી વિદેશી રોકાણકારો નેટ સેલર રહ્યા હતા.

નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ એટલે કે NSDLના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં થયેલી આ તાજી વેચવાલી પછી વર્ષ 2026માં અત્યાર સુધી ભારતીય શેરોમાંથી FPIsનો કુલ ઉપાડ વધીને 2.32 લાખ કરોડ પર પહોંચી ગયો છે. આ આંકડો વર્ષ 2025માં થયેલા કુલ 1.66 લાખ કરોડના ઉપાડ કરતાં પણ ઘણો વધારે છે.

NSDLના આંકડા મુજબ, વિદેશી રોકાણકારોએ 4 સપ્ટેમ્બર સુધીમાં ભારતીય શેરોમાંથી 7,443 કરોડ પાછા ખેંચ્યા છે. આ વેચાણ પાછળના મુખ્ય કારણોને નિષ્ણાતોએ આ રીતે સમજાવ્યા છે

ક્રૂડ ઓઈલ અને મોંઘવારીની ચિંતા: યસ સિક્યોરિટીઝના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર રાજકુમાર રાઠી અનુસાર, તાજેતરમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા વધારાથી ભારતના મોંઘવારી દર અને કરંટ એકાઉન્ટ આઉટલુક અંગે ચિંતાઓ વધી છે.

યુએસ બોન્ડ યીલ્ડ અને ડોલર ઈન્ડેક્સ: અમેરિકામાં બોન્ડ યીલ્ડ અને ડોલર ઈન્ડેક્સ મજબૂત થવાથી ઉભરતા બજારો માટે વિદેશી રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા ઘટી છે.

પ્રોફિટ બુકિંગ: ભારતના શેરબજારના પ્રીમિયમ વેલ્યુએશન, ખાસ કરીને ગ્રોથ સેક્ટર્સ અને મિડ અને સ્મોલ-કેપ સેગમેન્ટમાં વધુ વેલ્યુએશનને કારણે વિદેશી ફંડ્સે પોતાનો નફો બુક કર્યો અને પોર્ટફોલિયો રીબેલેન્સ કર્યો છે.

સેકન્ડરી માર્કેટમાં વેચવાલી છતાં પ્રાઈમરી બજાર પ્રત્યે વિદેશી રોકાણકારોનો ઝોક મજબૂત છે. રાજકુમાર રાઠીએ જણાવ્યું કે સપ્ટેમ્બરની શરૂઆતમાં જોવા મળ્યું તેમ, આગામી IPOની પાઈપલાઈન વિદેશી મૂડી માટે એક મજબૂત સાધન બની રહેશે.

જો કંપનીઓ તેમની પ્રાઈમરી ઓફરિંગ્સની કિંમતો આકર્ષક રાખશે, તો સેકન્ડરી માર્કેટમાં વેચવાલી હોવા છતાં પ્રાઈમરી માર્કેટમાં FPI ઈનફ્લો જળવાઈ રહેશે.

વિદેશી રોકાણકારોએ ઈક્વિટીની સાથે-સાથે ડેટ એટલે કે બોન્ડ માર્કેટમાં પણ વેચવાલી કરી. FPIs એ ફુલી એક્સેસિબલ રૂટ (FAR) દ્વારા 377 કરોડ અને વોલન્ટરી રિટેન્શન રૂટ (VRR) દ્વારા 231 કરોડ ઉપાડ્યા. જોકે, તેમણે જનરલ રૂટ દ્વારા 217 કરોડનું રોકાણ કર્યું.

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી.કે. વિજયકુમારનું માનવું છે કે આવનારા સમયમાં ગ્લોબલ બોન્ડ યીલ્ડ્સ FPI ફ્લોની મુખ્ય દિશા નક્કી કરશે.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPI): એવા વિદેશી રોકાણકારો અથવા સંસ્થાઓ જે કોઈ દેશના શેર, બોન્ડ અથવા નાણાકીય સંપત્તિમાં રોકાણ કરે છે. તેઓ કંપનીના મેનેજમેન્ટમાં ભાગ લેતા નથી, પરંતુ બજાર વળતર માટે પૈસા રોકે છે.

ફુલ્લી એક્સેસિબલ રૂટ (FAR): ભારતીય રિઝર્વ બેંક દ્વારા શરૂ કરાયેલ એક માધ્યમ, જેના હેઠળ વિદેશી રોકાણકારોને કોઈપણ રોકાણ મર્યાદા વિના સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરવાની મંજૂરી મળે છે.

વોલન્ટરી રિટેન્શન રૂટ (VRR): આ વિદેશી રોકાણકારોને ભારતીય ડેટ માર્કેટમાં રોકાણનો એક સરળ માર્ગ પૂરો પાડે છે, જોકે તેઓ એક નિશ્ચિત સમયગાળા (ઓછામાં ઓછા 3 વર્ષ) માટે તેમની મૂડી ભારતમાં જાળવી રાખવાનું વચન આપે.

# દરરોજ માત્ર 45 રૂપિયાની બચતથી તૈયાર થશે ₹25 લાખનું ફંડ: LICની આ સ્કીમમાં જીવન વીમા કવરની સાથે ગેરંટેડ રિટર્ન

**નવી દિલ્હી, તા.06**

LICએ દરેક વર્ગ માટે યોજનાઓની જાહેરાત કરી છે. બાળકોથી લઈને વૃદ્ધો માટેની સ્કીમો ચલાવવામાં આવી રહી છે, જે ભવિષ્યમાં મોટો લાભ આપી શકે છે. LICની આ યોજનામાં પણ તમને લાઈફ કવર સાથે ફિક્સ્ડ રિટર્નનો લાભ આપવામાં આવે છે. આ સ્કીમનું નામ ન્યૂ જીવન આનંદ પોલિસી છે. આ એક પ્રકારની એન્ડોમેન્ટ પ્લાન છે, જેમાં બચત અને વીમા બંનેનો ફાયદો આપવામાં આવે છે. મેચ્યોરિટી પર ફંડ તૈયાર કરનારી અને પરિવારને વીમા કવર આપનારી આ સ્કીમમાં દર મહિને લગભગ 1300-1400 રૂપિયા (દરરોજ લગભગ 45 રૂપિયા) રોકાણ કરવું પડે છે અને જો તેને લાંબા સમય સુધી જેમ કે 30 થી 35 વર્ષ સુધી ચાલુ રાખવામાં આવે, તો મેચ્યોરિટી પર લગભગ 25 લાખ રૂપિયા સુધીની રકમ મળી શકે છે. આ સ્કીમમાં બોનસનો પણ લાભ આપવામાં આવે છે. LIC આ યોજના હેઠળ પોલિસી હોલ્ડર્સને સમયાંતરે બોનસનો પણ લાભ આપતી રહે છે. તેનો લાભ એ છે કે મેચ્યોરિટી પર પોલિસી હોલ્ડર્સની રકમ વધી જાય છે. આ મેચ્યોરિટી પૂરી થવા પર ફંડ તો આપે જ છે. સાથે જ મેચ્યોરિટી પૂરી થયા પછી પણ પોલિસી હેઠળ વ્યક્તિને વીમા કવર મળતું રહે છે. આ જ વાત આ




સ્કીમને અન્યથી અલગ બનાવે છે.

આ સ્કીમ ખાસ કરીને એવા લોકો માટે તૈયાર કરવામાં આવી છે, જેઓ ઓછા રોકાણમાં સુરક્ષિત અને ગેરંટેડ રિટર્ન સાથે ભવિષ્ય માટે મોટી રકમ બનાવવા માંગે છે. નાના અને મધ્યમ વર્ગના પરિવારો માટે આ એક સારો વિકલ્પ હોઈ શકે છે, કારણ કે તેમાં જોખમ હોતું નથી અને લાંબા ગાળે એક મોટું ફંડ પણ તૈયાર થઈ શકે છે. જો તમે રોકાણ કરવાની યોજના બનાવી રહ્યા છો, તો એ પણ જાણી લો કે 45 રૂપિયાનું રોકાણ એક અંદાજ છે અને અસલી પ્રીમિયમ તમારી ઉંમર, પોલિસી ટર્મ અને કવર એમાઉન્ટ પર આધાર રાખે છે. આ કારણોસર નાણાકીય સલાહકારની મદદ લીધા પછી જ રોકાણ કરવું જોઈએ. જે ભવિષ્યમાં મોટો લાભ આપી શકે છે. LICની આ યોજનામાં પણ તમને લાઈફ કવર સાથે ફિક્સ્ડ રિટર્નનો લાભ આપવામાં આવે છે. આ સ્કીમનું નામ ન્યૂ જીવન આનંદ પોલિસી છે. આ એક પ્રકારની એન્ડોમેન્ટ પ્લાન છે, જેમાં બચત અને વીમા બંનેનો ફાયદો આપવામાં આવે છે. મેચ્યોરિટી પર ફંડ તૈયાર કરનારી અને પરિવારને વીમા કવર આપનારી આ સ્કીમમાં દર મહિને લગભગ 1300-1400 રૂપિયા (દરરોજ લગભગ 45 રૂપિયા) રોકાણ કરવું પડે છે અને જો તેને લાંબા સમય સુધી જેમ કે 30 થી 35 વર્ષ સુધી ચાલુ રાખવામાં આવે, તો મેચ્યોરિટી પર લગભગ 25 લાખ રૂપિયા સુધીની રકમ મળી શકે છે.

# ગૂગલના કો-ફાઉન્ડરનું યૉટ નેવીના જહાજ જેટલું મોટું: ₹ 4,250 કરોડના યૉટમાં થિયેટર, સ્પા અને જિમ

**નવી દિલ્હી, તા.06**

ગૂગલના સહ-સ્થાપક સર્ગેઈ બ્રિનનું લગભગ 4,250 કરોડ રૂપિયાનું આલીશાન સુપરયૉટ 'ડ્રેગનફ્લાય' આ દિવસોમાં તેની વિશાળ રચના અને ઈંધણ ભરવાની રીતને કારણે ચર્ચામાં છે.

466 ફૂટ લાંબું આ યૉટ સામાન્ય પ્રાઈવેટ યૉટ મરીનાના હિસાબે ખૂબ મોટું છે. આ જ કારણોસર તેને ઈંધણ ભરાવવા માટે સ્પેનિશ નેવીના ક્રૂઝ બર્થનો ઉપયોગ કરવો પડ્યો.

પાણીના જહાજો, બોટ અને યૉટને ઊભા રાખવા, સાફ-સફાઈ કરવા અને તેમાં ઈંધણ ભરવા માટે દરિયા કિનારે બનાવેલી ખાસ જગ્યાને 'મરીના' કહેવામાં આવે છે. ડ્રેગનફ્લાયના વિશાળ કદનો અંદાજ તેની ઈંધણની જરૂરિયાત પરથી લગાવી શકાય છે. જો તેને 11.6 લાખ લિટરની ક્ષમતાથી સંપૂર્ણપણે રિફિલ કરવામાં આવે, તો તેનું બિલ 13.04 કરોડથી 13.61 કરોડ સુધી પહોંચી જાય છે. પાઈપલાઈનથી ઈંધણ ભરવામાં લગભગ 12.5 કલાક લાગે છે.

જો આટલા મોટા યૉટને માર્ગ દ્વારા આવતા સામાન્ય ડીઝલ ટેન્કરોથી ભરવામાં આવે, તો 11.6 લાખ લિટર ઈંધણની સપ્લાય માટે



લગભગ 60 ટેન્કર ટ્રકોની જરૂર પડશે. ટ્રકો દ્વારા ઈંધણ ભરવામાં ઓછામાં ઓછા બે દિવસનો સમય લાગી શકે છે.

આ જ કારણોસર જીબ્રાલ્ટર જેવા ઔદ્યોગિક સ્તરના ફ્યુલિંગ હબનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યાં 3,200 મેટ્રિક ટન અને 13,350 મેટ્રિક ટન ક્ષમતાના મોટા-મોટા ડીઝલ સ્ટોરેજ ટેન્ક ઉપલબ્ધ છે.

પાવર અને સ્પીડ: તેમાં ડીઝલ-ઈલેક્ટ્રિક હાઈબ્રિડ પ્રોપલ્શન સિસ્ટમ છે. તેમાં બે ડીઝલ એન્જિન લાગેલા છે. દરેક એન્જિન એક મોટા ટ્રકના કદનું છે, જેનું વજન 44 ટન છે અને તે 9,760 હોર્સપાવર ઉત્પન્ન કરે છે. તેની ટોપ સ્પીડ લગભગ 44 કિમી/કલાક છે.

બિઝનેસ અને વર્કસ્પેસ: તેમાં એક 'બિઝનેસ ડેક' છે. તેમાં સ્વિમિંગ પૂલ, સ્પા, જિમ, ગેમ રૂમ, સિનેમા હોલ, બ્યુટી સલૂન, એલિવેટર, કોલ્ડ સ્ટોરેજ અને લોન્ડ્રી જેવી સુવિધાઓ છે.

હેલીપેડ અને વોટર મેકર્સ: યાટમાં હેલિકોપ્ટર લેન્ડિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નેવિગેશન સિસ્ટમ, કચરાનો નિકાલ અને દરિયાના પાણીને પીવા યોગ્ય બનાવતા વોટર-મેકિંગ પ્લાન્ટ લાગેલા છે.

આ સુપરયાટની એક્સટીરિયર ડિઝાઈન જર્મન ફ્રેર્સ દ્વારા તૈયાર કરવામાં આવી છે, જ્યારે તેની ઈન્ટિરિયર અને એક્સટીરિયર સોશિયલ સ્પેસને નૌટા ડિઝાઈન દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે.

નૌટા ડિઝાઈનના પ્રેસિડેન્ટ મારિયો પેડોલના મતે, આ પ્રોજેક્ટને ડિઝાઈન કરવામાં લગભગ 4 વર્ષનો સમય લાગ્યો. તેમનો ઉદ્દેશ્ય એક એવી લાઈફસ્ટાઈલ સ્પેસ તૈયાર કરવાનો હતો, જ્યાં પ્રાઈવેસીની સાથે-સાથે સમુદ્રના શાનદાર નજારા જોવા મળે.

સર્ગેઈ બ્રિને 1998માં લેરી પેજ સાથે મળીને સર્ચ એન્જિન કંપની 'ગૂગલ' શરૂ કરી હતી. તેમની નેટવર્થ 24 લાખ કરોડની આસપાસ છે. તેઓ વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિઓમાંના એક છે. 'ડ્રેગનફ્લાય' સુપરયાટને લ્યુર્સેન કંપનીએ 2024માં બ્રિનને ડિલિવર કરી હતી.

# આવતા અઠવાડિયે શેરબજારમાં આવશે 11 કંપનીઓના IPO: ₹ 7,055 કરોડ એકત્ર કરવાની તૈયારી......

**નવી દિલ્હી, તા.06**

7 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બરની વચ્ચે 11 મેઈન-બોર્ડ કંપનીઓ પોતાના IPO લઈને આવી રહી છે. આ ઈશ્યુ દ્વારા બજારમાંથી કુલ 7,055 કરોડ રૂપિયા ભેગા કરવાની તૈયારી છે. તેમાં ફર્નિચર રેન્ટલ સ્ટાર્ટઅપ રેન્ટોમોજો, કરમતારા એન્જિનિયરિંગ અને કનોહર ઈલેક્ટ્રિકલ્સ જેવા નામો સામેલ છે. બજારમાંથી એકત્ર થનારા કુલ 7,055 કરોડ રૂપિયામાંથી બે પ્રકારના શેર જારી કરવામાં આવશે: ફ્રેશ ઈશ્યૂ: કુલ રકમના 39% હિસ્સો એટલે કે 2,722 કરોડ નવો ઈશ્યૂ છે. આ પૈસા કંપનીઓના ખાતામાં જશે, જેનો ઉપયોગ દેવું ચૂકવવા, બિઝનેસ વધારવામાં થશે. OFS: કુલ રકમના 61% હિસ્સો એટલે કે 4,333 કરોડ હાલના પ્રમોટર્સ અને જૂના રોકાણકારોની હિસ્સેદારી વેચાણનો છે. આ પૈસા શેર વેચનારા શેરહોલ્ડર્સ પાસે જશે. સપ્તાહનો પહેલો IPO રિયલ એસ્ટેટ કંપની પ્રણવ કન્સ્ટ્રક્શન્સનો હશે: આ ઈશ્યૂ 7 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 9 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. કંપની 351 કરોડ ભેગા કરશે. શેર દીઠ 118 થી 124 નો




પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. આમાં 315.6 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 35.43 કરોડનો OFS (ઓફર ફોર સેલ) સામેલ છે.

મંગળવારે ત્રણ અલગ-અલગ સેક્ટરની કંપનીઓ પોતાના ઈશ્યૂ લઈને આવી રહી છે: કનોહર ઈલેક્ટ્રિકલ્સ: આ ઈશ્યૂ 8 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 10 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. તેનો પ્રાઈસ બેન્ડ 601 થી 632 પ્રતિ શેર છે. કંપની 1,056 કરોડ ભેગા કરવા જઈ રહી છે. પ્રસોલ કેમિકલ્સ: સ્પેશિયાલિટી કેમિકલ કંપનીનો ઈશ્યૂ પણ 8 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 10 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. તેનો પ્રાઈસ બેન્ડ 643 થી 676 છે. સાઈઝ 500 કરોડ છે. ગ્લાસ વોલ સિસ્ટમ્સ: આ ઈશ્યૂ પણ 8 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 10 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. પ્રાઈસ બેન્ડ 172 થી 182 રાખવામાં આવ્યો છે. કંપની ઈશ્યૂ દ્વારા 428 કરોડ ભેગા કરશે. રેન્ટોમોજો: ઓનલાઈન રેન્ટલ સર્વિસિસ કંપનીનો IPO 1,256 કરોડનો છે. તેમાં 150 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 1,106 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 384-404.

કરમતારા એન્જિનિયરિંગ: રિન્યુએબલ એનર્જી સંબંધિત કંપની 875 કરોડ એકત્ર કરશે. તેમાં 675 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 200 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 241-254.

મણિપાલ પેમેન્ટ: ફિનટેક કંપનીઓને સેવાઓ પૂરી પાડતી કંપની 805 કરોડ એકત્ર કરશે. તેમાં 320 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 485 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 322-339.

આર્સિલ: 733 કરોડનો IPO સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) છે. પ્રાઈસ બેન્ડ 132 થી 139 છે. આ સંપૂર્ણ રકમ શેર વેચનારાઓને મળશે, કંપનીને કોઈ ભંડોળ મળશે નહીં. LCC પ્રોજેક્ટ્સ: એન્જિનિયરિંગ સેવાઓ પૂરી પાડતી કંપની 427 કરોડ એકત્ર કરશે. આમાં 258 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 169 કરોડનો OFS છે. પ્રાઈસ બેન્ડ 139-146.

સ્ટીમહાઉસ ઈન્ડિયા: 414 કરોડનું સાઈઝ છે, જેમાં 353 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 61 કરોડનો OFS સામેલ છે. પ્રાઈસ બેન્ડ હજુ જાહેર કરવામાં આવ્યો નથી.

અઠવાડિયાનો છેલ્લો IPO 10 સપ્ટેમ્બરે ખુલશે અને 15 સપ્ટેમ્બરે બંધ થશે: વીગાલેન્ડ ડેવલપર્સ: આ કંપની રિયલ એસ્ટેટ સેક્ટરમાં કામ કરે છે. આ સંપૂર્ણપણે ફ્રેશ ઈશ્યૂ છે. કંપની બજારમાંથી 210 કરોડ ભેગા કરશે. પ્રાઈસ બેન્ડ 130-140 નક્કી કરવામાં આવ્યો છે.

આ 11 ઈશ્યૂ સાથે વર્ષમાં અત્યાર સુધી IPO લાવનારી મેઈન-બોર્ડ કંપનીઓની સંખ્યા 75 સુધી પહોંચી જશે. 1 સપ્ટેમ્બરના રોજ 'રેઝ ઓફ બિલીફ' અને 'દીપા જ્વેલર્સ'ના IPO પહેલેથી જ આવી ચૂક્યા છે. ઓગસ્ટમાં 23 કંપનીઓ પોતાના IPO લઈને આવી હતી.

ફ્રેશ ઈશ્યૂ: કંપની નવા શેર જારી કરીને મૂડી એકત્ર કરે છે. આ પૈસા સીધા કંપનીના બેંક ખાતામાં જાય છે, જેનાથી દેવું ચૂકવવામાં આવે છે અથવા નવો પ્લાન્ટ/ઓફિસ ખોલવામાં આવે છે. ઓફર ફોર સેલ (OFS): કંપનીના જૂના રોકાણકારો અથવા પ્રમોટરો પોતાના શેર સામાન્ય જનતાને વેચે છે. આનાથી એકત્ર કરાયેલા પૈસા શેર વેચનારાઓની ખિસ્સામાં જાય છે. પૈસાનો ઉપયોગ: કુલ રકમમાં ફ્રેશ ઈશ્યૂ કેટલો છે? જો ફ્રેશ ઈશ્યૂનો હિસ્સો વધુ હોય તો પૈસા કંપનીના વિકાસમાં લાગશે. દેવાની સ્થિતિ: કંપનીની બેલેન્સ શીટ પર પહેલેથી કેટલું દેવું છે અને શું IPOના પૈસાથી દેવું ઓછું કરવામાં આવી રહ્યું છે? વેલ્યુએશન: શેરનો પ્રાઈસ-ટુ-અર્નિંગ (P/E) રેશિયો તેની સ્પર્ધાત્મક લિસ્ટેડ કંપનીઓની સરખામણીમાં વાજબી છે કે મોંઘો?

# સરકારે ₹35 કિલોના ભાવે ડુંગળી વેચી તો પણ ભાવ વધ્યા: દેશભરમાં સરેરાશ ભાવ ₹50.79 પહોંચ્યો

**નવી દિલ્હી, તા.06**

કેન્દ્ર સરકારના બફર સ્ટોકમાંથી સસ્તા ભાવે ડુંગળી વેચવા છતાં કિંમતો ઘટી નથી. સરકાર 28 ઓગસ્ટથી 17 શહેરોમાં 35 પ્રતિ કિલોના ભાવે ડુંગળી વેચી રહી છે. આમ છતાં, સમગ્ર દેશમાં ડુંગળીનો સરેરાશ છૂટક ભાવ 48.5 પ્રતિ કિલોથી વધીને 50.79 પ્રતિ કિલોએ પહોંચી ગયો છે.

ગ્રાહક બાબતોના વિભાગના આંકડા મુજબ, આ યોજનાના પ્રથમ 10 દિવસમાં લગભગ 4,000 ટન બફર ડુંગળીનું વેચાણ કરવામાં આવ્યું છે. આમ છતાં, મહાનગરોમાં ડુંગળીના ભાવ ઊંચા રહ્યા છે.

5 સપ્ટેમ્બરે દેશના મુખ્ય શહેરોમાં ડુંગળીના ભાવમાં મોટો તફાવત જોવા મળ્યો. દિલ્હીમાં ડુંગળી 65 પ્રતિ કિલો, મુંબઈમાં 53 પ્રતિ કિલો, ચેન્નઈમાં 63 પ્રતિ કિલો અને રાંચીમાં 40 પ્રતિ કિલોના ભાવે વેચાઈ. જ્યારે, સમગ્ર દેશમાં ડુંગળીનો સરેરાશ જથ્થાબંધ ભાવ 42.79 પ્રતિ કિલો નોંધાયો.

સરકાર વર્ષ 2026 માટે બનાવેલા પોતાના 1.21 લાખ




ટનના બફર સ્ટોકમાંથી ડુંગળી બહાર પાડી રહી છે. આ કામ નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન (NCCF) અને નાફેડ (NAFED) દ્વારા થઈ રહ્યું છે.

ઉત્પાદક રાજ્યોમાંથી ડુંગળીને ટ્રકો અને રેલવેની વિશેષ માલગાડી 'કાંદા એક્સપ્રેસ' દ્વારા એવા શહેરોમાં મોકલવામાં આવી રહી છે જ્યાં કિંમતો વધુ વધી રહી છે. ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ જણાવ્યું કે દિલ્હી અને ચેન્નઈ માટે મોટી માત્રામાં ડુંગળી મોકલવામાં આવી છે.

નિધિ ખરેના જણાવ્યા અનુસાર, બફર સ્ટોક બહાર પાડવાથી સ્થાનિક સ્તરે કિંમતોમાં થોડી નરમાઈ આવી છે. તેમણે કહ્યું કે સરકારી બફરની ડુંગળી કદ અને ગુણવત્તામાં ખાનગી વેપારીઓની ડુંગળી જેટલી જ છે.

જ્યારે, NCCF ના મેનેજિંગ ડિરેક્ટર અનિસ જોસેફ ચંદ્રાએ જણાવ્યું હતું કે તેમની એજન્સીએ અત્યાર સુધીમાં વિવિધ શહેરોમાં 1,500 ટન બફર ડુંગળી વેચી દીધી છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રિટેલ સ્તરે 35 પ્રતિ કિલોના ભાવે સીધા ગ્રાહકો સુધી ડુંગળી પહોંચાડવાનો છે.

સસ્તી ડુંગળીનું વેચાણ દિલ્હી-એનસીઆર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, કેરળ, રાજસ્થાન, પંજાબ અને ઓડિશા સહિત ઘણા રાજ્યોમાં ચાલી રહ્યું છે. ઘણી રાજ્ય સરકારોએ પણ આ યોજનામાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે. NCCF રાજ્ય સરકારો સાથે મળીને ડુંગળીનું વિતરણ કરી રહ્યું છે. સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન ડુંગળીની છટણી, ગ્રેડિંગ, પેકિંગ અને પરિવહનની જવાબદારી સંભાળી રહ્યું છે.

નિધિ ખરેએ જણાવ્યું કે આ વર્ષે રવિ સિઝનની ડુંગળીના પાકને કાપણી દરમિયાન કમોસમી વરસાદથી નુકસાન થયું હતું. રવિની ડુંગળીને જ આખા વર્ષ માટે સંગ્રહ કરીને રાખવામાં આવે છે.

જોકે, સરકારને હવે ખરીફ સિઝનના નવા પાકથી આશા છે. ઓક્ટોબરના મધ્યથી નવો પાક બજારોમાં આવવાનું શરૂ થઈ જશે, જેનાથી સપ્લાય વધશે અને વધતી કિંમતોમાંથી કાયમી રાહત મળશે.

કાંદા એક્સપ્રેસ: ભારતીય રેલવેની સ્પેશિયલ પાર્સલ/ફ્રેટ ટ્રેન, જેને ડુંગળી ઉત્પાદક વિસ્તારો (જેમ કે મહારાષ્ટ્રના નાસિક) થી સીધા મોટા વપરાશવાળા શહેરો સુધી ઝડપી સપ્લાય માટે ચલાવવામાં આવે છે.

બફર સ્ટોકનું ગણિત: સરકાર 1.21 લાખ ટન ડુંગળી રિઝર્વ રાખે છે, જેથી જ્યારે ઓફ-સિઝનમાં ભાવ અચાનક વધે ત્યારે તેને બજારમાં ઉતારીને કિંમતોને કાબૂમાં રાખી શકાય. ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ જણાવ્યું કે દિલ્હી અને ચેન્નઈ માટે મોટી માત્રામાં ડુંગળી મોકલવામાં આવી છે. નિધિ ખરેના જણાવ્યા અનુસાર, બફર સ્ટોક બહાર પાડવાથી સ્થાનિક સ્તરે કિંમતોમાં થોડી નરમાઈ આવી છે. તેમણે કહ્યું કે સરકારી બફરની ડુંગળી કદ અને ગુણવત્તામાં ખાનગી વેપારીઓની ડુંગળી જેટલી જ છે. જ્યારે, NCCF ના મેનેજિંગ ડિરેક્ટર અનિસ જોસેફ ચંદ્રાએ જણાવ્યું હતું કે તેમની એજન્સીએ અત્યાર સુધીમાં વિવિધ શહેરોમાં 1,500 ટન બફર ડુંગળી વેચી દીધી છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રિટેલ સ્તરે 35 પ્રતિ કિલોના ભાવે સીધા ગ્રાહકો સુધી ડુંગળી પહોંચાડવાનો છે.

# દેવાના જાળમાં ફસાવાના 5 મોટા સંકેતો: આવકના 50% થી વધુ EMI અને મિનિમમ પેમેન્ટ ખતરનાક

**નવી દિલ્હી, તા.06**

ઉધાર લીધેલા પૈસા જો યોગ્ય રીતે મેનેજ કરવામાં આવે, તો તે કટોકટીમાં કામ આવે છે અને સંપત્તિ બનાવવામાં મદદ કરે છે. પરંતુ અનિયંત્રિત ઉધાર દેવાના જાળમાં ધકેલી દે છે. સમયસર તેના સંકેતોને ઓળખવા જરૂરી છે. સિક્યોર્ડ લોન: હોમ લોન અને કાર લોન, જે કોઈ ગેરંટી કે કોલેટરલથી સુરક્ષિત હોય છે. અનસિક્યોર્ડ લોન: ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોન, જેમાં કોઈ પ્રકારની ગેરંટી હોતી નથી. જો તમે ક્રેડિટ કાર્ડનું માત્ર મિનિમમ ડ્યુ ચૂકવી રહ્યા છો, તો તમારું મૂળ રકમ લગભગ તેટલી જ રહે છે અને વ્યાજ સતત વધતું જાય છે. આ વધતા દેવાનો પહેલો અને મોટો સંકેત છે.

જૂનું દેવું ચૂકવવા માટે નવી લોન લેવી એ સંકેત છે કે ચુકવણી ચક્ર ખોરવાઈ ગયું છે. આમ કરવાથી વ્યક્તિ દેવાના ક્યારેય ન સમાપ્ત થતા ચક્રમાં ફસાઈ શકે છે.

જો તમારી માસિક કમાણીનો 40% થી 50% થી વધુ હિસ્સો EMI માં જતો હોય, તો બચત માટે બહુ ઓછી જગ્યા રહે છે. ઉદાહરણ તરીકે, જો તમારો પગાર 1 લાખ છે અને તેમાંથી 60 હજાર EMI માં જઈ રહ્યા છે, તો આ અતિશય દેવાનો સંકેત છે. તમને એ ખબર ન




હોવી કે અલગ-અલગ ખાતાઓમાં કુલ કેટલું દેવું છે, તે નાણાકીય અવ્યવસ્થા દર્શાવે છે. આવી સ્થિતિમાં, બધા દેવાની યાદી બનાવો. જો તમારે રોજિંદા બિલ અને ખર્ચાઓ માટે ઈમરજન્સી ફંડ અથવા મ્યુચ્યુઅલ ફંડ રિડીમ કરવા પડી રહ્યા છે, તો તેનો અર્થ એ છે કે તમારી કમાણી હવે તમારી જીવનશૈલીનો ખર્ચ ઉઠાવી શકતી નથી. દેવું પોતે ખરાબ નથી, તે ત્યારે સમસ્યા બને છે જ્યારે તેનું સંચાલન યોગ્ય રીતે ન થાય. સમયસર આ સંકેતોને ઓળખીને, અનુશાસિત બજેટ બનાવીને અને જરૂર પડ્યે નાણાકીય સલાહકારની મદદ લઈને નાણાકીય સ્થિતિ સુધારી શકાય છે. બધા દેવાની યાદી બનાવો: બધી લોન અને ક્રેડિટ કાર્ડના બાકી લેણાં લખો; સૌથી વધુ વ્યાજવાળા દેવાને સૌથી પહેલા ચૂકવો. નવી લોન તરત બંધ કરો: કોઈપણ નવા કાર્ડ, લોન એપ કે ઉધારથી સંપૂર્ણપણે દૂર રહો અને ફક્ત રોકડ અથવા ડેબિટ કાર્ડનો ઉપયોગ કરો. દેવાનું એકત્રીકરણ કરો: ઘણા નાના અને મોંઘા દેવા ચૂકવવા માટે ઓછી વ્યાજ દરે એક સિંગલ લોન જેમ કે ગોલ્ડ લોન અથવા પર્સનલ લોન લઈને બાકીના ખાતા બંધ કરો. બેંક સાથે વાત કરીને EMI ઓછી કરાવો: હપ્તો બાઉન્સ થાય તે પહેલાં બેંકમાં જાઓ અને લોનની અવધિ વધારીને માસિક હપ્તો ઓછો કરવાની માગ કરો.

# અમદાવાદમાં કિંજલ રબારીના અપહરણ કેસમાં નવો ટ્વિસ્ટ! પતિના આરોપો સામે સિંગરે વીડિયો જાહેર કરી સત્ય જણાવ્યું




**અમદાવાદ, તા.06**

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલા સીબીડી (CBD) મોલ નજીક જાણીતી ગાયિકા કિંજલ રબારીનું કાળા રંગની કારમાં કથિત અપહરણ થયું હોવાની માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જોકે, સીસીટીવી (CCTV) ફૂટેજની પ્રાથમિક તપાસમાં કિંજલ કોઈપણ બળજબરી વિના સ્વેચ્છાએ કારમાં બેસતી દેખાતાં આ સમગ્ર ઘટના પૂર્વઆયોજિત હોવાની આશંકા ચાંદખેડા પોલીસે વ્યક્ત કરી છે. જોકે, આ અપહરણ થયું હોવાના દાવા અંગે કિંજલની પ્રતિક્રિયા સામે આવી છે.

મળતી માહિતી અનુસાર, કિંજલ રબારીએ થોડા સમય પહેલા લગ્ન કર્યા હતા, જેના કારણે બંને પરિવારો વચ્ચે આંતરિક વિવાદ ચાલી રહ્યો હતો. કિંજલના પતિએ આક્ષેપ કર્યો છે કે કેટલાક શખસોએ તેને પાછળથી પકડી રાખીને કિંજલનું અપહરણ કર્યું હતું. જોકે, પોલીસ હાલ સીસીટીવી ફૂટેજના આધારે મહેસાણા તરફના શંકાસ્પદ શખસોની ઓળખ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહી છે.

આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું હતું કે, 'મને કિંજલ રબારીના અપહરણ અંગેનો મેસેજ મળતાં જ ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી. દંપતી મૂળ રાધનપુર બાજુનું રહેવાસી છે અને સીબીડી મોલમાં ફિલ્મ જોવા આવ્યું હતું. મોલમાંથી નીચે ઉતર્યા ત્યારે એક કાળી કાર આવી હતી જેમાં કિંજલ જતી રહી હતી.'

પીઆઈએ વધુમાં ઉમેર્યું કે, 'પતિનો દાવો છે કે તેને પાછળથી પકડી રાખવામાં આવ્યો હતો અને કિંજલને લઈ ગયા હતા, પરંતુ સીસીટીવી ફૂટેજમાં કોઈ બળજબરી થતી હોય તેવું દેખાતું નથી. કિંજલ પોતાની મેળે જ ગાડીમાં બેસી જતી હોવાનું જણાય છે, જેથી આ સમગ્ર બાબત પૂર્વઆયોજિત હોવાની પૂરી શક્યતા છે. કાર લઈને આવેલા શખસો મૂળ મહેસાણા તરફના છે અને તેમની ઓળખ છતી કરવાની પ્રક્રિયા ચાલુ છે. સીસીટીવી તપાસ અને ફરિયાદ નોંધવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.'

અમદાવાદના ચાંદખેડા વિસ્તાર સ્થિત CBD મોલ પાસેથી લોકગાયિકા કિંજલ રબારીનું અપહરણ થયું હોવાના દાવા અંગે કિંજલની પ્રતિક્રિયા સામે આવી છે. તેણે જણાવ્યું કે, 'હું કિંજલ દેસાઈ, અશોક ચૌધરીની પત્ની છું. મે અશોક ચૌધરી સાથે બીજી મે,2024ના રોજ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ મે મારા પરિવારને મનાવવાનો ખુબ પ્રયાસ કર્યો હતો, પરંતુ પરિવાર ન માનતા આખરે મે સ્વેચ્છાએ પતિ અશોકને ફોન કરીને બોલાવ્યો હતા અને 10મી માર્ચ, 2024ના રોજ અમે સાથે ગયા હતા. આ દરમિયાન મને પિયર પક્ષના લોકોએ મારા પતિ સાથે મારપીટ કરી હતી અને તેને બળજબરીથી પિયર લઈ ગયા હતા. પિયરમાં મને પરાણે રાખવામાં આવી હતી અને ત્યાં મારા જીવને જોખમ હતો. પિયરમાં જીવનું જોખમ જણાતાં મે ફરી મારા પતિનો સંપર્ક કર્યો હતો અને છઠ્ઠી સપ્ટેમ્બર, 2026ના રોજ તે પોતાની મરજીથી પતિ પાસે પરત આવી ગઈ છે. અહીંયા હું સેફ છું અને હું એમની સાથે જ છું. તો વિનંતી કરું છું કે કોઈએ ખોટો કેસ કે ફરિયાદ કરવી નહીં.'

# વટવામાં કોળુ, કોર્ન ફ્લોરથી સોસ બનાવાયો! માધુપુરામાં મહાવીર ઘી ભંડારના નમૂના ફેલ, 1140 કિલો ઘી જપ્ત



**અમદાવાદ, તા.06**

અમદાવાદ શહેરમાં ફૂડ વિભાગની કડક કાર્યવાહી વચ્ચે પણ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને હાનિકારક પદાર્થોનો ઉપયોગ ઘટવાના બદલે વધી રહ્યો છે. માધુપુરામાં આવેલી અડવાણી માર્કેટ સ્થિત મહાવીર ઘી ભંડારમાંથી અગાઉ દેશી ઘી (રામસન્સ) અને શુદ્ધ ઘી (નોવા) ના નમૂના લઈ તપાસમાં મોકલાયા હતા. આ નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થતા મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા અહીં 15 કિલોના એક એવા 79 ટીન મળી ઘીના કુલ 1180 કિલો જથ્થાને સીઝ કરાયો છે, જેની કિંમત લાખો રૂપિયામાં થાય છે.

વટવાના ગ્રીન પાર્ક પાસે અલ અક્સનગર ખાતે ટોમેટો સોસ સહિતના ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતા એમ.એસ. ફૂડ પ્રોડક્ટ્સ નામના એકમમાં ભારે ગંદકી અને પેકેજિંગના નિયમોનો ભંગ જોવા મળ્યો હતો. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) નું લાયસન્સ મેળવ્યા વગર જ ચાલતા આ ઉત્પાદન સબબ અહીં દરોડા પાડવામાં આવ્યા હતા. આ એકમમાંથી સોયા સોસ, ચીલી સોસ, ચટણી, કોળુ અને કોર્ન ફ્લોર વગેરે વસ્તુઓનો 2516 કિલો જથ્થો સ્થગિત કરાઈને એકમ સીલ કરાયો છે.

વેજલપુર ગામમાં બુટભવાની મંદિર પાસે માતૃશ્રી ચવાણા એન્ડ સ્વીટ માર્ટમાં તૈયાર કરવામાં આવતા નમકીનમાં પ્રતિબંધિત એવા સિન્થેટિક ફૂડ કલરનો ઉપયોગ કરાતો હોવાનું સામે આવ્યું હતું. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગ દ્વારા 150 કિલો નમકીનનો જથ્થો સ્થગિત કરીને માતૃશ્રી ચવાણા એન્ડ સ્વીટ માર્ટને પણ સીલ કરી દેવામાં આવ્યું છે.

ચાંદલોડિયામાં વિશ્વકર્મા મંદિર રોડ પર આવેલા ગુજરાત ફ્રાય સેન્ટરમાં FSSAI ના જરૂરી લાયસન્સ અને રજીસ્ટ્રેશન વગર જ ખાદ્ય પદાર્થોનો વ્યવસાય ચાલતો હતો. આ ઉપરાંત, જાહેર આરોગ્ય જોખમાય તેવી અસ્વચ્છ સ્થિતિના કારણે ફૂડ વિભાગે આ એકમને પણ તાત્કાલિક અસરથી સીલ કરી દીધું છે. આ એકમમાંથી સોયા સોસ, ચીલી સોસ, ચટણી, કોળુ અને કોર્ન ફ્લોર વગેરે વસ્તુઓનો 2516 કિલો જથ્થો સ્થગિત કરાઈને એકમ સીલ કરાયો છે.

વેજલપુર ગામમાં બુટભવાની મંદિર પાસે માતૃશ્રી ચવાણા એન્ડ સ્વીટ માર્ટમાં તૈયાર કરવામાં આવતા નમકીનમાં પ્રતિબંધિત એવા સિન્થેટિક ફૂડ કલરનો ઉપયોગ કરાતો હોવાનું સામે આવ્યું હતું. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગ દ્વારા 150 કિલો નમકીનનો જથ્થો સ્થગિત કરીને માતૃશ્રી ચવાણા એન્ડ સ્વીટ માર્ટને પણ સીલ કરી દેવામાં આવ્યું છે.

# ધોળકામાં સોના-ચાંદીમાં ભારે નફાની લાલચ આપી કરોડોની ઠગાઈ: 'ઓમ જ્વેલર્સ'ના પિતા-પુત્ર સામે FIR



**અમદાવાદ, તા.06**

સોના-ચાંદીમાં રોકાણ કરતા ગ્રાહકો અને રોકાણકારો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ધોળકાની જાણીતી 'ઓમ જ્વેલર્સ'ના માલિક પિતા-પુત્રે રોકાણકારોને ઊંચા નફાની લોભામણી લાલચ આપી લોકોની જીવનભરની કમાણી પડાવી લીધાનું કૌભાંડ સામે આવ્યું છે. ધોળકા ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં કાર્યવાહી કરી મુખ્ય આરોપીને ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી અનુસાર, આરોપી અમિતકુમાર સોની અને તેના પુત્ર પાર્થ સોનીએ કાવતરું રચી રોકાણકારો પાસેથી 113 કિલો ચાંદી (જેની કિંમત 1.24 કરોડ રૂપિયાથી વધુ થાય છે)નું રોકાણ કરાવ્યું હતું. શરૂઆતમાં ગ્રાહકોનો વિશ્વાસ જીત્યા બાદ આરોપીઓએ 74.51 લાખ રૂપિયાથી વધુની રકમ કે દાગીના પરત ન આપીને વિશ્વાસઘાત આચર્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ધોળકા ટાઉન પોલીસની ટીમે તાત્કાલિક તપાસ ચલાવી મુખ્ય આરોપી અમિત સોનીને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો હતો. પોલીસ દ્વારા આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે તેના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે આ જ પરિવારના 'હરી જ્વેલર્સ'ના માલિકો સામે પણ અગાઉ આવી જ છેતરપિંડીનો ગુનો નોંધાઈ ચૂક્યો છે અને આ પરિવાર લોકોના નાણાંથી મોજશોખ કરતો હતો. પોલીસે અપીલ કરી છે કે જો આ પિતા-પુત્રની ઠગાઈનો શિકાર અન્ય કોઈ ભોગ બનનાર બન્યું હોય, તો તેમણે તાત્કાલિક ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો.

# અમદાવાદમાં GPSC વહીવટી અધિકારી વર્ગ-2ની પરીક્ષા યોજાઈ, પેપર લાંબું અને તાર્કિક હોવાનો ઉમેદવારોનો દાવો

**અમદાવાદ, તા.06**

અમદાવાદમાં ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વહીવટી અધિકારી વર્ગ-2ની પરીક્ષા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. અમદાવાદના એમ.જી. સાયન્સ કૉલેજ સહિત 25 પરીક્ષા કેન્દ્રો પર અનિચ્છનીય બનાવ અટકાવવા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પૂર્વ આયોજન મુજબ 8 ઓગસ્ટના રોજ જનરલ નોલેજનું પ્રથમ પેપર લેવાયા બાદ, 6 સપ્ટેમ્બરે ઉમેદવારોએ સંબંધિત વિષયનું બીજું પેપર આપ્યું હતું.



પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવારોએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે પેપર અપેક્ષા કરતાં વધુ લાંબું અને તાર્કિક હતું. નાણાકીય સંચાલન (ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ) અને વર્તમાન પ્રવાહો (કરન્ટ અફેર્સ) ને લગતા પ્રશ્નોનું પ્રમાણ વધુ રહ્યું હતું. આ પરીક્ષામાં મેરિટમાં સ્થાન મેળવનાર સફળ ઉમેદવારોને રાજ્યની વિવિધ મહાનગરપાલિકાઓ સહિતના વહીવટી વિભાગોમાં નિમણૂક આપવામાં આવશે.

પરીક્ષાર્થી અનિકેત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, 'આજનું પેપર મધ્યમથી કઠિન સ્તરનું હતું. પ્રશ્નો લંબાઈમાં વધુ હોવાના કારણે વાંચવામાં જ ઘણો સમય વિતી ગયો હતો. અપેક્ષા મુજબનું માળખું 40 થી 50 ટકા જેટલું જ પૂછાયું હતું, જ્યારે બાકીનું પેપર ઉમેદવારની કાર્યક્ષેત્ર સંબંધિત વ્યવહારુ જ્ઞાન અને નિર્ણયશક્તિ ચકાસે તેવું તાર્કિક હતું. પેપર લાંબું હોવાના કારણે સમયનું સંચાલન કરવું એક મોટો પડકાર રહ્યો હતો.'

અન્ય પરીક્ષાર્થી નિમેશ ગુર્જરે જણાવ્યું હતું કે, 'સામાન્ય જ્ઞાન અને પાયાની તૈયારી ધરાવતા ઉમેદવારો માટે પેપર અનુકૂળ હતું. આશરે 200 ગુણના આ પેપરમાં કટ-ઓફ ઊંચું રહેવાની અપેક્ષા છે.'

મહિલા ઉમેદવાર ફોરમબહેને પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, 'વહીવટી સ્તરની પરીક્ષા હોવાથી પ્રશ્નોનું સ્તર યોગ્ય હતું, પરંતુ પ્રશ્નપત્ર ઘણું લાંબું હોવાથી સમય ઓછો પડ્યો હતો. સિલેબસ બહારના પણ કેટલાક પ્રશ્નો હોય તેમ લાગ્યું હતું.'

અન્ય એક મહિલા પરીક્ષાર્થી ગ્રીષ્મા રાજપૂતે જણાવ્યું હતું કે, 'પેપર ખૂબ સમય માંગી લે તેવું હતું. ક્વોન્ટિટેટિવ, કરન્ટ અફેર્સ અને ફાઈનાન્સિયલ મેનેજમેન્ટમાંથી વધુ સવાલો પૂછાયા હતા. કેટલાક પ્રશ્નોના વિકલ્પોમાં અસ્પષ્ટતા જણાતી હતી, જેથી તે પ્રશ્નો રદ થાય તેવી શક્યતા છે. એકંદરે પરીક્ષા નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.'

# ગુજરાતમાં નકલી દવાનું વધુ એક કૌભાંડ: વાઈ/આંચકીની બોગસ ટેબલેટ વેચાતી હોવાનો દાવો, અમદાવાદના કેમિસ્ટની સંડોવણી!

**અમદાવાદ, તા.06**

ગુજરાતમાં નકલી દવાનો વધુ મામલો સામે આવ્યો છે. જેમાં મગજની ખેંચ(વાઈ/આંચકી)માં સારવાર માટે ઉપયોગમાં લેવાતી 'Levera 500' દવાની નકલ કરીને ડુબ્લિકેટ દવા બનાવાતી હોવાનું જણાય છે. ઉત્તર પ્રદેશના લખનઉના ફૂડ વિભાગે નકલી દવા મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા એજન્સીએ નકલી દવાના નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, લખનઉ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અમીનાબાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ બાદ તપાસમાં ઈન્ટાસ કંપનીની 'Levera 500'ની નકલ કરીને ડુપ્લિકેટ દવા તૈયાર કરાતી હોવાના આક્ષેપો થયા છે. તપાસમાં જાણવા મળ્યું હતું કે, 'Levera 500' દવા ઉપરાંત બ્લડ પ્રેશરની પણ ડુપ્લિકેટ દવા બનાવાતી હોવાનું જણાય છે. ગુજરાતમાં ડુપ્લિકેટ દવા



પહોંચાડવાના નેટવર્ક મામલે પોલીસ-તંત્રએ તપાસ આદરી છે.

ડુપ્લિકેટ દવાના નેટવર્કમાં કઈ કઈ દવાની નકલ કરાઈ અને કેટલા શહેરોમાં જથ્થો પહોંચાડવામાં આવ્યો તેને લઈને તપાસ ચાલી રહી છે. આ દરમિયાન અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા વોલસ્ટ્રીટ-2 સ્થિત ક્યોરપેથ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ પણ તપાસના દાયરામાં છે. સમગ્ર મામલે 'કેર ફાર્મસી' નામની રિટેલ ચેઈન સ્ટોર સાથે સંકળાયેલા બ્રિજેશ પટેલ સામે લખનઉ સામે ફરિયાદ નોંધવામાં આવી હોવાનું જણાય છે. બ્રિજેશ પટેલ 'કેર ફાર્મસી'માં ઊંચા ડિસ્કાઉન્ટની જાહેરાત કરીને દવાનું વેચાણ કરાતું હતું.

મળતી માહિતી મુજબ, ડિસ્ટ્રીબ્યુટર પાસે આવેલા દવાના જથ્થાના બેચ નંબર અને બિલની ચકાસણી દરમિયાન નકલી દવાની શંકા જતાં કંપનીએ દવાની વિગતો અને બારકોડની તપાસ કરી હતી. જેમાં બારકોડ મેચ ન થતાં શંકા પ્રબળ બની હતી. જેમાં દવાનું પેકિંગ, બેચ નંબર અને બારકોડની નકલ કરીને ડુપ્લિકેટ દવા બજારમાં પહોંચાડાતી હોવાનો આક્ષેપ છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**

